# ઓપિનિયન

यो वै भूमा तत् सुखम् ।

તંત્રી : વિપુલ કલ્યાણી

પુસ્તક : 12 ◆ પ્રકરણ : 09 ◆ સળંગ અંક : 141     26 ડિસેમ્બર 2006     વાર્ષિક લવાજમ : £ 25 / £ 40

## સો વાતની એક જ વાત : Net-ગુર્જરી ઊગે પ્રભાત !

★ જુગલકિશોર વ્યાસ

'શું શાં પૈસા ચાર' કહીને ગુજરાતીનું અવમૂલ્યન ભારતભરમાં થયું, ત્યારે મોટો ઊહાપોહ થયો હોય, એ વાતમાં શું માલ છે ! ગુજરાતીઓ મૉળા (દાળભાત, કારણ નમ્બર એક), એટલે એને શું પડી હોય, ભાષાની !! અમસ્તું ય, એ તો વેપારી પ્રજા; લક્ષ્મીપૂજક. એને, વળી, સરસ્વતી કે પછી, એની આનુષંગિક બાબતોમાં, ભલા, શો રસ ?

ગમે તેમ પણ 'શું શાં પૈસા ચાર' કહીને ગુજરાતી ભાષાની બદબોઈ તો થઈ તે થઈ જ. એને માટે તલવાર વીંઝવાનો ધુજારો પહેલાં કદી હતો નહીં અને હવે એનો અર્થ નથી, એવું મનાયું હશે – = !?!

અહીં જરા જુદી વાત કરવી છે. ભૂતકાળમાં તલવાર વીંઝાઈ કે ન વીંઝાઈ; પરંતુ અત્યારે તો આ 'શું શાં'નો નવેસરથી વિચાર કરવા માટેની હવા વાતાવરણમાં વીંઝાઈ રહી છે.

'વાતાવરણમાં' કહ્યું : એટલા માટે કે વિશ્વ ભરમાં, ઈન્ટરનૅટના અદૃશ્ય જગતમાં જે સંદેશાઓ, કશો જ અવાજ કર્યા વિના, ફરી રહ્યા છે તેણે કમ્પ્યૂટર વાપરનારાંઓમાં તાજગી લાવી દીધી છે. અહીં જો કે સમગ્ર ઈન્ટરનૅટ જગતની કથા કરવાનો ઉપક્રમ નથી જ, હિંમત પણ નથી; પરંતુ ફક્ત ગુજરાતી ભાષાનાં અનુસંધાને જે કાંઈ વિચારાઈ રહ્યું છે, તેની વાત લગરીક ઉલ્લેખ રૂપે, કહો કે, ચર્ચાને છંછેડવાના હેતુથી કહેવા ધાર્યું છે.

હજી હમણાં સુધી ઈન્ટરનૅટ પરના એક શક્તિશાળી વ્યવહાર રૂપે ઈ-મેઈલનો વપરાશ ફક્ત અંગ્રેજીના માધ્યમથી જ થતો. ગાંધીજીએ અંગ્રેજો ભલે રહે; અંગ્રેજીપણાંને રવાના કરો કે એવું કાંક કહ્યું હશે, એટલે મગન-માધ્યમ ગુજરાતમાં જોર કરી શક્યું. પણ વિશ્વ પ્રવાહોમાં ગાંધીવિચાર પણ નબળાઈ જાય, ત્યાં ભાષાનું શું ગજું ? એટલે અંગ્રેજી ગઈ તો નહીં જ બલકે આવાં ઈલેક્ટરોનિક્સનાં ક્ષેત્રે તો અનિવાર્ય બનીને સ્થપાઈ ગઈ.

દરમિયાન વિશ્વભરમાં ફેલાઈ ચૂકેલા, અને વેપારી પણ કહેવાઈ ચૂકેલા ગુજરાતીઓને છેક વિદેશોમાં જઈને ગુજરાતીનું ઘેલું લાગ્યું ! એને જેમ જન્મભૂમિ સાંભરે અને અણોહરું લાગે, એમ ગુજરાતીનો 'બોલાહ' અને 'વંચાણે' લેવાતો ગુજરાતી શબ્દ હૈયે વળગ્યો ! ગુજરાતી અક્ષરો વાંચવાની તલબ શરૂ થઈ, આ સૌ વિદેશની ભૂમિમાં સ્થિર થયેલાંઓમાં. 'શું શાં' શબ્દો એ ફક્ત બોલવાની જ નહીં પણ વાંચવાની ને એના દ્વારા ગુજરાતી કવિઓ, લેખકો, વિચારકોના મનોજગતને પોતાનામાં ઈન્સ્ટૉલ કરવાની જાણે કે લૅ લાગી ગૈ. ગુજરાતી સાહિત્યનો ઉપાડ દુનિયાભરમાં પહેલાં કરતાં ખૂબ વધ્યો.

પણ ઈન્ટરનૅટનો વપરાશ વધતાં જ, લૅપટૉપને ખોળામાં લઈ (કે એને ખોળે ખુદ બેસીને) સૌ કોઈ હવામાં અદૃશ્ય રૂપે સંગ્રહાયેલાં માહિતી અને મનોરંજનના આદી થવા લાગ્યાં.

અહીં જ હવે શરૂ થયો, ગુજરાતીને વિશ્વભાષા બનાવવાની લગનીનો તબક્કો. ઈ-મેઈલમાં 'અંગ્રેજીની ભાષાગીરી નહીં ચલેગી, નહીં ચલેગી' એવાં સૂત્રો મનોજગતમાં જાગે જાગે ત્યાં તો ગુજરાતી લખાણને પણ ઈ-મેઈલનું માધ્યમ બનાવી દેવાનો પેંતરો શરૂ થયો, એટલું જ નહીં થોડા ક જ સમયમાં તો કી-બોર્ડ પરથી ગુજરાતીઓનાં ટેરવાં દુનિયાભરમાં 'શું-શાં'ને વ્યવહારે, 'હલો-હાય'માંથી હોંકારા ભણતાં થઈ ગયાં! મગન-માધ્યમે અંગ્રેજીની ભાષાગીરી સામે ગુજરાતીગીરીને ભીડાવી દીધી.

આજે તો ગુજરાતીના વિશ્વકોશની ગરજ સારે એવા શબ્દકોશો; ગુજરાતી શીખવાડે એવાં સૉફ્ટવૅર; વિવિધ ગ્રંથસ્થ સાહિત્યની સીડીઓ અને ગાડાં ભરાય એટલા ગ્રંથો વૅબ-ઝાળામાં ગોઠવાઈ ગયાં છે ! કીડીને કણ ને હાથીને મણ મળી રહેતાં હોય તો પંખીને ચણ કેમ નહીં ?! દેશ-વિદેશે ઊડી ગયેલાં પંખીઓ માટે આ ચણ પણ હવે તો વૅબને જાળે ને માળે મણ મણના હિસાબે ખડકાઈ રહી છે.

છતાં આ ગુજરાતી ભાયું-બેન્યુંને સંતોષ નથી. એક બીજા સાથેના પત્રવ્યવહારનું શું ? 'પોસ્ટ ઑફિસ' અને ટપાલ તો આપણા મનોજગતની એક અત્યંત સંવેદનશીલ અને રોમાંચિત કરી મૂકનારી બાબત ! એના વિના તો જીવ ને જીવન સાવ સૂનાં ! એટલે આ જ ગુજરાતીઓને હવે ઈ-મેઈલ ઉપરથી બાપુ-ગાડીએ વહેતો થયેલો પત્રવ્યવહાર અધૂરો - અધૂકડો લાગે તો શી નવાઈ ?

કારણ કે દુનિયાભરની અંગ્રેજી લિપિ એક જ. કી-બોર્ડ પર અક્ષરો માટેનાં સ્થાનો પણ નિશ્ચિત. એટલે ગમે તે ડિઝાઈનના ફોન્ટ્સ વાપરોને, **k**ની કી ઉપરથી **k** અક્ષર જ છપાય ! એનો ગમે તેવો વળાંક હોય ભલે, એ એની નક્કી થયેલી જગ્યાએથી જ પ્રગટવાનો.

ગુજરાતીને કોણ જાણે કેમ, 'શું-શાં' જ રહેવાનું નિર્ધાર્યું' ન હોય, એમ એને આરંભથી જ નોખા નોખા ચોકા ઉપર ગોઠવાવું પડ્યું. કક્કાના પહેલા અક્ષર '**ક**' નું જ કમઠાણ જુઓ - કોણ જાણે કેટકેટલી જગ્યાએ ને કક્ષાએથી એને અંકિત કરી શકાય છે !

અંગ્રેજીની જેમ ગુજરાતી કક્કાનું એક જ ટાઈપરાઈટર - કીબોર્ડ નથી. પેજ મેકરમાં એના અક્ષરોની જમાત જુદી; 'વિજયા' એન્ડ કું. જૂથના બધાં જ ફોન્ટની નોખી જ પંગત પડે; 'સરલ' કહેવાતા અક્ષરોનું ભાણું અલગ તો વળી 'આનલ-ટૂ', 'રચના-ટૂ' ને એ બધા ટૂ ભાઈઓની પતરાળી ય અલગ પંગતે પડે. આથી કમ્પ્યુટરના ડાચા સામે નવો નવો આવી બેઠેલો ગુજરાતી તો બચાડો જીવ ગભરાઈ જ જાય. આ શું વળી - એકની એક કી, એક વાર

# ઓપિનિયન


- 'ઓપિનિયન' ગુજરાતી ભાષાનું માસિક વિચારપત્ર છે અને દર માસની ૨૬મી તારીખે બહાર પડે છે.
- 'ઓપિનિયન'ના ગ્રાહક ગમે તે અંકથી થઈ શકાય છે. સરનામાંમાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરત જાણ કરવી.
- 'ઓપિનિયન'માં શક્ય હોય ત્યાં સુધી જાહેરખબર ન લેવાની અમારી નેમ છે.
- એમાં વ્યક્ત થતા વિચારો માટેની જવાબદારી જે તે લેખકોની છે.
- 'ઓપિનિયન'ના ધોરણ અને સ્વરૂપને અનુલક્ષીને લેખકોએ પોતાની કૃતિઓ મોકલવી. હાલ પુરસ્કારનું ધોરણ નથી. પરંતુ છપાયેલી કૃતિના લેખકને જે તે અંક ભેટ મોકલવાની પ્રથા છે.
- લખાણ શાહીથી ચોખ્ખા અક્ષરે અને કાગળની એક જ બાજુએ લખવું. નનામા લેખો અસ્વીકૃત બનશે.
- ભાષા સારી માઠી હશે તેને વિષે લખનારે જરા પણ અચકાવાનું નથી. અમારી શક્તિ પ્રમાણે અમે સુધારી લઈશું. ઓછામાં ઓછી ગુજરાતી જાણનાર વાચક પણ સામયિકની મારફતે જેટલી દાદ લઈ શકે તેટલી દાદ દેવી એ અમે અમારી ફરજ સમજશું.
- જેઓ લખી ન શકતા હોય તેઓ બીજાની પાસે લખાવીને લખાણ મોકલી શકે છે.

## લવાજમના દર

● વાર્ષિક લવાજમ આ દેશ માટે£૨૫ તેમ જ પરદેશ માટે£૪૦ છે. છૂટક નકલ : £૨.૫૦ . 'Parivaar Communications'ને નામે ચેક યા પૉસ્ટલ ઑર્ડર અથવા ડ્રાફ્ટ મોકલવો.

### લવાજમ - સંપાદકીય પત્રવ્યવહાર

### "ઓપિનિયન"

'Kutir', 4 Rosecroft Walk,
WEMBLEY, Middlesex,
HA0 2JZ [U.K.]
Tel.: [+44] 020 - 8902 0993

### ભારત માટે લવાજમ ભરવાનું ઠેકાણું

Villa Bellevue
30, Avantikabai Gokhale Street
Opera House, MUMBAI - 400 004
Tel.: [022] 2386 2843
Fax. : [022] 2826 1155 / 2826 1166
e.mail : bharti_parekh@hotmail.com

### સંપર્ક : ભારતીબહેન પારેખ

£૪૦નો મની ઑર્ડર, ચેક કે રોકડા "Vipool Kalyani" ને નામે જ મોકલવા

ગ્રાહક પત્રિકા

Name: ....................................

Address: ....................................

....................................

....................................

Post Code: ....................

Telephone: ....................

Subscription: £25 / £40

Date: ....................


દબાવો તો એક અક્ષર ને બીજી વાર દબાવો તો બીજો અક્ષર છાપે ? પેજમેકરની 'ડાયરેક્ટ ઍન્ટ્રી'નો સૉફ્ટવૅર તો વળી પોતે જ અનેકાનેક ટાઈપરાઈટરો ખોલી આપે; ને એ રીતે જાતે કરીને જ અગવડો - અડચણો ઊભી કરી આપે ! આમાં ગુજરાતી બાપડો ક્યાં ય ખોવાઈ જાય. ગોત્યો ય જડે નૈ. ને જડે કદાચ, તો ય ગીતાના પહેલા જ અધ્યાયનો અંત ભાગ બોલી નાખે : 'હું તો નહીં લડું !'

આ બધું જોઈ, જાણી, અનુભવીને ગુજરાતી ઈન્ટરનેટે વેવાર કરી રહેલા ગુજુ ભાઈ-બહેનોને થાય છે કે આ ઠીક નથી. એટલે હમણાંનાં બધાં એક ચર્ચાચોરે ભેળાં થયાં છે. હમણાંની દરરોજની વાતોનો વિષય એક જ છે : કયું માધ્યમ; કઈ પધ્ધતિ અને કયા ફોન્ટ વાપરીએ તો બધાં એક અવાજે 'જય જય જય ગુજરાતી ગરવી' ગાઈ શકીએ ?

આ લાઈનના જાણકાર ઈજનેર બંધુઓમાં હજી એકમતી સધાઈ નથી - એ સહેલું ય નથી - પણ એક સાથે એક અવાજે બધાં ભેળાં થયાં જ છે તો કાંક તો જડશે જ, એ આશાએ ચર્ચાએ જોર પકડ્યું છે.

મારા જેવો નવો નિશાળિયો તો મોં વકાસીને બેસી રહેવા સિવાય શું કરી શકે ? છતાં એપ્રિલથી આજ સુધીના અનુભવે જે કાંઈ શીખ્યો એણે આટલી વાત કહેવા તો, અલબત્ત, મજબૂર કર્યો જ –

૧. સૌ એક મંચ ઉપર એકઠાં થાય અને એક જ રહે. - નોખા ચોકા નકામા.

૨. 'સો વાતની એક જ વાત' : 'નેટ - ગુર્જરી' ઊગે પ્રભાત ! એવા પ્રકારનું સૂત્ર અપનાવાય. 'ઈન્ટરનેટ - ગુર્જરી - અભિયાન' કે એવું નામાભિધાન કરી શકાય.

૩. 'યુનિકોડ'ની ટેકનીકલ બાબતથી ગભરાવાને બદલે એનું **યુનિ-એકતા** અને **કોડ-હોંશ** એવું **અંગ્રેજુ** અર્થઘટન કરી, એકત્વની હોંશ રૂપે એના માટે મથવું;

૪. વિદેશોમાં ગુજરાતી સામયિકો ચલાવતા "ઓપિનિયન" અને "માતૃભાષા"ના તંત્રીઓ ઉપરાંત ઈ-મેગેઝીન જેવી પ્રવૃત્તિ કરતા "કેસૂડાં", "ગઝલ ગુર્જરી", "સન્ડે ઈ.મહેફિલ", "રીડગુજરાતી.કોમ" તેમ જ "ગુજ.વર્ડ-પ્રેસ" વગેરેના બહુઆયામી સામયિકોનું સંચાલન કરનારા તંત્રીઓ; વિવિધ પ્રકારનાં વ્યક્તિગત ગુજરાતી બ્લોગ ધરાવનારાં ગુજરાતી પ્રેમીઓ, વગેરેનું એક પેટા જૂથ બનાવીને ગુજરાતીનો પ્રચાર, પ્રસાર કરે તથા ગુજરાતીના ઘટતા જતા વપરાશ અને પ્રભાવની ચિંતા કરે અને આ પ્રકારના અન્ય પ્રશ્નોના ઉકેલમાં મદદરૂપ બને;

૫.કમ્પ્યુટર ઈજનેરી-જ્ઞાન ધરાવતા ગુજરાતી મિત્રો - મહાનુભાવો અને એક જ કી-બોર્ડ પરથી વિવિધ આકારે પ્રગટતા ફોન્ટને ઉપલબ્ધ કરાવવાનો કીમિયો શોધી કાઢવા માટે પ્રેરીએ.

૬. ગુજરાતી શ્રેષ્ઠીઓ વૃધ્ધાવસ્થાએ પણ યુવાન મન ધરાવે છે, તેઓ ધન પણ જરૂર પડયે વહાવે એવી તકો ઊભી કરવી.

ઈન્ટરનેટની સગવડ ધરાવતાં સૌ કોઈ ગુજરાતીઓ નેટ ઉપર ગુજરાતીમાં જ લખે, વ્યવહાર કરે તેવો આગ્રહ જરૂર પડે તો નિયમ જેવું બનાવીને રાખવો.

ઈ-મેઈલના 'સબ્જેક્ટ' ના ખાનામાં મોકલનારે આ મેઈલમાં પોતે કયા ફોન્ટ અને કઈ પધ્ધતિનો ઉપયોગ કર્યો છે, તે પણ જણાવે અને દર્શાવે. સહી કરવાની જગ્યાએ લખનારનું નામ અને બને તો ગામનું નામ પણ લખે.

**નોંધ :** ઉપરના નં. ૪ અને ૫માં બતાવેલાં અને તે સિવાયનાં પણ શોધીને તે નામોમાંથી પસંદગી કરીને પેટા સમિતિ જેવી રચના થાય. ઉપરાંત વ્યક્તિનાં વય, વિષય, દેશ, દિશા, વગેરેને ધ્યાનમાં લઈને વધુ સભ્યો આવરી શકાય તે રીતે એક સમિતિની કારોબારી રૂપે રચના કરવી જે ખાસ સક્રિય હોય.

અનુભવી અને વડીલોમાંથી બે વ્યક્તિને પ્રમુખ ગુજરાતી-પ્રેમી અને ઉપ-પ્રમુખ ગુજરાતી-પ્રેમી રૂપે સ્થાપવા, કે જેઓ સૌને હાંકલો-પડકારો કરતા રહે !

છૂટા લોટ માં જ્યાં સુધી મૉણ નાખવામાં ન આવે ત્યાં સુધી પીંડ બંધાતો નથી ને રોટલી કે ભાખરી બનતી નથી. આ મૉણનું કામ આવી સામૂહિક વ્યવસ્થાથી જ આવતી હોઈ આવો વિચાર કરવો રહે છે. બાકી સંસ્થા બન્યા પછી ઘણીવાર પ્રવૃત્તિ મરી જતી હોય છે.


**નવા નિશાળિયાની વાત :**

મને ગુજરાતી લખવાની ખાંત,
લખતાં નહીં આવડે રે !
હજી તો લખવાની કરું શરૂઆત,
આ ફોન્ટડા બહુ નડે રે !


[12, Satyanarayan Society - 1,
Vejalpur Road, AHMEDABAD - 380 051,
India]

e.mail : j_jugalkishor@yahoo.co.in

# ‘હું એમ તો મસ્તીમાં આવી, આકાશ ઉઠાવી જાણું છું.’



**વહાલા વાચકરાજ્જા,**

બોલો, બોલો : ... ... કાંઈ કરતાં કાંઈ, ભલા, તમારે કંઈક કહેવું છે ?!?

બી.બી.સીના વેબસાઈટ પરે, સદ્દભાવે જોવા મળતી, ને ઈન્ડોનેશિયાના પાટનગર, જાકાર્તાના પ્રાણીસંગ્રાહલયમાં, અબીહાલ, લેવાઈ આ છબિમાં, માણસ જેવા એક મસ્સમોટા અરેન્ગ-ઊટેન્ગ વાનર, નામે નિન્ગસિહ, ઉમ્મર ફક્ત વરસ ચાર, છાપું વાંચે છે ! ... ... જ્યારે આપણે, ભણેલગણેલ, વાંચવાનું ટાળીએ છીએ ! ... ... શું જમાનો આવ્યો છે !!

•

દીપક બારડોલીકરે, એક દા, કહેલું : ‘જ્યાં સુવિકસિત એવી પર ભાષાઓના દરિયા ઘૂઘવાટા મારી રહ્યા છે, ત્યાં ગુજરાતી ભાષાના ડાયરા પણ ઠાઠથી જામી રહ્યા છે.’ બીજી પા, મધુ રાયની ગર્જના એન્ટલાન્ટિક મહાસાગરને સામે કિનારેથી સાંભળવા મળે છે : ‘... પરદેશી ગુજરાતી લેખકોએ દેશી ગુજરાતી લેખકો કરતાં પોતાની મુઠ્ઠી ઊંચેરી પ્રતિભા સિધ્ધ કરી બતાવવાની છે.’

ખેર ! અદમ ટંકારવી, અનિલ વ્યાસ, અહમદ ગુલ, આદિલ મન્સૂરી, આનંદરાવ લિંગાયત, ઉસ્માન સાટી, કિશોર દેસાઈ, કિશોર રાવલ, કુસુમ પોપટ, કુસુમ શાહ, ચંદુભાઈ મટાણી, ચન્દ્રકાન્ત દેસાઈ, ચન્દ્રકાન્ત બા. પટેલ, ચન્દ્રકાન્ત શાહ, જગદીશ દવે, ડાહ્યાભાઈ પટેલ, દીપક બારડોલીકર, નઝર ગફૂરી, નટવર ગાંધી, નિરંજના દેસાઈ, પન્ના નાયક, પુરુષોત્તમ મિસ્ત્રી, પોપટલાલ જરીવાળા, પ્રદ્યુમ્ન તન્ના, પ્રવીણ વાઘાણી, પ્રાણલાલ શેઠ, પ્રીતિ સેનગુપ્તા, ફારૂક ઘાંચી, બળવંત નાયક, બાબુ સુથાર, ભાનુશંકર ઓધવજી વ્યાસ, ભાસ્કર પટેલ, મધુ રાય, મનેશચંદ્ર કંસારા, મહેક ટંકારવી, મુનશી ધોરાજવી, મુહમ્મદ પોલાણી, યોગેશ પટેલ, રજની શાહ, રતિલાલ ચંદરયા, રમણભાઈ નાયક, રમણીકલાલ સોલંકી, રમણીક વરુ, વલ્લભ નાંઢા, વનુ જીવરાજ, વિપુલ કલ્યાણી, હરનિશ જાની, હયદરઅલી જીવાણી -- આ નામાવલિ અધૂરી છે અને રહેવાની પણ છે. ગુજરાતી ડાયસ્પોરિક જમાતનાં આ સંસ્કાર - મશાલચીઓની નોંધ તળ ગુજરાતમાં, આદરભેર, લેવાતી થાય, તેને સારુ ઝાઝી રાહ જોવી પડે તેમ હવે લાગતું નથી.

વારુ, આ અંકમાં, ચૌદ વાર્તાઓ લીધી છે. બે અનુવાદો પણ તેમાં આમેજ છે. અહીં લઘુવાર્તાઓ પણ છે. ઠાઠમાઠમાં સોહતી આ વાર્તાઓ ‘મુઠ્ઠી ઊંચેરી પ્રતિભા’ સાબિત કરે છે, તેમ અમારે લગીર કહેવું નથી.

દરમિયાન, ઈન્ટરનેટનો લાભ “ઓપિનિયન”ને ય ફળ્યો છે. પ્રવીણ પટેલ ‘શશી’, રમણ પટેલ, વલ્લભ નાંઢા તેમ જ હરનિશ જાનીની વાર્તાઓ વાર્તાકારે, ખુદ, મુદ્રિત કરીને આપી છે.

વારુ, ઉપેન્દ્ર ગોર - રમણ પટેલ - વલ્લભ નાંઢા સંપાદિત ‘વાર્તાની છાજલી’ (“ઓપિનિયન”ના પહેલાં દસ વર્ષના અંકોમાંથી ચૂંટેલી ૩૨ વાર્તાઓનો સંગ્રહ) પ્રકાશનમાં છે. “ઓપિનિયન”ના દરેક ગ્રાહકને, આ વાર્તાસંગ્રહ ભેટપુસ્તક રૂપે મળે તેવી સંપાદકોની અદમ્ય ઈચ્છા છે.

*આપણે દરેક, પેલા ચિત્રવાળા નિન્ગસિહ પાસેથી પદાર્થપાઠ લેતાં લેતાં, વધુ એક ગ્રાહકની નોંધણી કરીએ - કરાવીએ તો કેટલું હળવું ફૂલ થાય ! કેવું મધમીઠું લાગે !! આ કરવા જેવું સોજ્જું, નકરું કામ છે.*

આ અંક સાથે “ઓપિનિયન”ને ઠીક ૧૧ વર્ષ, ૯ માસનો ગાળો થાય છે. આ ૧૪૧ અંકોમાં અત્યન્ત અગત્યના અંકો પ્રગટ કર્યા છે અને તેમાંના કુડીબંધ અંકોએ ઇતિહાસને પાને નોંધપાત્ર સ્થાન પણ અંકિત કીધું છે. તાજેતરમાં ઇતિહાસકાર દંપતી શિરીન મહેતા અને મકરન્દ મહેતા સંશોધનકામ અર્થે આ મુલકમાં હતાં. એમણે પણ આ વિચારપત્રની અગત્યતા પિછાણી હતી. ‘ગુજરાતી લેક્સિકોન’ની વેબસાઈટ પરે પણ હવે આ સામયિક તરતું જોવા મળે છે. પરંતુ હજુ અનેક સોપાન સર કરવાના બાકી છે. અને, વળી, અનેકવિધ મર્યાદાઓની સમજણ પણ છે.

આવી એક નાની અમથી મર્યાદા એટલે આગામી જાન્યુઆરી માસનો અંક. અંગત - બિનઅંગત કારણોવસાત્, ભારતના પ્રવાસે નીકળું છું અને ફેબ્રુઆરીના પહેલા સપ્તાહમાં પાછો ફરીશ. પરિણામે, ઈચ્છા હોવા છતાં, જાન્યુઆરી ૨૦૦૭નો અંક વેળાસર નીકળી શકશે નહીં, એની આગોતરી નોંધ લેવા દરેકને વિનવણી કરું છું. જાન્યુઆરી અને ફેબ્રુઆરી ૨૦૦૭ના અંકો જોડાજોડ, કે પછી, સહિયારા પ્રગટ થાય તેવી, અબીહાલ, ધારણા છે. માટે અમને સમજજો અને અંતરમનથી દરગૂજર કરજો.

અન્યથા, બોલ્યું ચાલ્યું માફ કરજો, મોટે મને નિભાવી લેજો; ને જાળવજો.

**- વિપુલ કલ્યાણી**

*

## જાણું છું

**○ ‘શયદા’**

*હું મૌન રહીને એક અનાહત નાદ ગજાવી જાણું છું,*
*ભરનિદ્રામાં પણ સૂતેલો સંસાર જગાવી જાણું છું.*

*મુજ અંતર બાળી બાળીને એક જ્યોત જલાવી જાણું છું,*
*બરબાદ થતાં પણ બીજાને આબાદ બનાવી જાણું છું.*

*હું બોલો બોલી પાળું છું - તું બોલો બોલી બદલે છે,*
*તું વાત બનાવી જાણે છે, હું વાત નિભાવી જાણું છું.*

*તારી આંખોમાં જ્વાળા છે, મારી આંખોમાં અશ્રુ છે,*
*તું આગ લગાવી જાણે છે, હું આગ બુઝાવી જાણું છું.*

*ઓ પ્રેમ-રમતના રમનારા, તું પ્રેમ-રમતને શું સમજે ?*
*તું આંખ લડાવી જાણે છે, હું પ્રાણ લડાવી જાણું છું.*

*આભાર ભરેલા મસ્તકને ઊંચકવું ‘શયદા’, સ્હેલ નથી,*
*હું એમ તો મસ્તીમાં આવી, આકાશ ઉઠાવી જાણું છું.*

**(સૌજન્ય : લોકમિલાપ ટ્રસ્ટ પ્રકાશિત - ‘પતંગિયાની પાંખે’માંથી)**

# પણ હું મા કોને કહીશ ? રમણ પટેલ

માર્કસ એન્ડ સ્પેન્સર સ્ટોરના દરવાજામાંથી બહાર નીકળતી મિસ મહેતાનો વીન્ટરકોટ પાછળથી કોઈકે ખેંચ્યો. મિસ મહેતાએ પાછળ ફરીને જોયું. પેલી યુવતીએ પૂછ્યું.

'મિસ મને ન ઓળખી ?'

ઘડીભર વિચાર કરી મિસ મહેતા બોલી.

'હા, ઓળખી તને, તું જેની તો નહીં ?'

'હા, તમે સાચાં પડ્યાં, હું જેની જ છું.'

'મિસ, તમે ઉતાવળમાં છો ?'

'હા, મેં કાર મીટર પર રાખી છે. અને ચાળીસ મિનિટનો સમય પૂરો થઈ ગયો છે.'

'હું તમારી સાથે કાર સુધી આવું?'

'શા માટે નહીં ? જરૂર આવો.'

જેની મિસ મહેતા સાથે કાર સુધી આવી. મિસ મહેતાની નજર સામે પાંચ વર્ષ પહેલાંની ગંદી અને સ્થૂળકાયી જેની ખડી થઈ ગઈ. મિસ મહેતાએ જેનીને કારમાં બેસવાનું કહ્યું. કોઈપણ જાતની આનાકાની કર્યા વિના જેની કારમાં ગોઠવાઈ ગઈ. આજે જેની ગંદી નહોતી. તે સુડોળ હતી. તેનાં કપડાંમાંથી અત્તરની સુગંધ આવતી હતી. પોતાની બેગમાંથી ખરીદેલાં કપડાં જેની મિસ મહેતાને બતાવવા લાગી.

'આ લાલ રંગનું શર્ટ મને બહુ ગમે છે અને આ પાટલૂન તો 'ગેપ'નું છે. આ શૂઝ ક્લાર્કના છે જે મને ખૂબ પસંદ છે. મિસ, આ બધું જ મેં મારા પૈસાથી ખરીદયું છે. હવે તો મિસ, હું નોકરી કરું છું.' જેની બોલતી રહી.

મિસ મહેતાએ એને બોલવા દીધી. જેનીએ મિસના સમયની પરવા કર્યા વિના બોલવાનું ચાલુ રાખ્યું.

'મિસ, અઢાર વરસની વયે હું અલગ રહેવા ચાલી ગઈ હતી. હવે હું કાઉન્સિલના ફ્લેટમાં રહું છું. એકલી જ છું. મને કોઈનો ડર લાગતો નથી. મને ગમતાં કપડાં હું પહેરું છું. મને ગમતું ભોજન હું બનાવું છું. ટીવી. પર મને ગમતી ચેનલ હું જોઉં છું. ગમતું છાપું કે પુસ્તક ખરીદી શકું છું. મિસ, હવે હું મારે માટે જીવું છું. તમને મળતાં મને ખૂબ આનંદ થયો.'

જેનીના ચહેરા પર આઝાદીનો આનંદ વર્તાતો હતો. વાર્તા કહેતી હોય તેમ તે બોલ્યે જતી હતી.

આજથી ઠીક પાંચ વર્ષ પર જેની મિસ મહેતાની નિશાળની મોટી સમસ્યા હતી. બધા શિક્ષકો તેના વર્તનથી ત્રાસી ગયા હતા. પંદર વરસની જેનીથી બધાં વિદ્યાર્થીઓ ગભરાતાં. જેને તેને તે ફટાફટ સંભળાવી દેતી. નિશાળની પરસાળમાં ચાલતી વેળા બીજાં છોકરા છોકરીઓને ધક્કો મારતાં એને કોઈ રોકી શકે નહીં. કોઈ પણ તાસમાં તે શાંત રહી શકતી નહીં. રમત સિવાયના કોઈ વિષયમાં તેને રસ પડતો નહીં. બીજા વિદ્યાર્થીઓને અભ્યાસમાં ખલેલ ન પહોંચે તે માટે બધા શિક્ષકો તેને છેલ્લી પાટલી પર બેસાડતા. પણ શાંત રહે તે બીજાં. એની ધમાલ તો ચાલુ જ હોય.

જેનીનાં કપડાંમાંથી દુર્ગંધ આવતી. એટલે તેની બાજુમાં બેસવા કોઈ રાજી નહોતું એના માથાના વાળ હંમેશા વેરવિખેર હોય. અને મોંમાં ચુઈંગમ હોય જ. ચુઈંગમને હોઠો પર રમાડતી અને તેમાંથી તે નાના મોટા ફુગ્ગા હોઠ પર લાવતી. શિક્ષકો એ બધું જોતા પણ જેની પર કોઈનો કાબૂ નહીં. શિક્ષકો એના વર્તનને નમતું આપતા ને મનોમન પોતાની હાર કબૂલતાં. જેની સાથે કોઈ ટક્કર લેતું નહીં.

મિસ મહેતા જેનીના વિજ્ઞાનના શિક્ષિકા હતાં. વર્ગમાંથી નીકળી પ્રયોગશાળામાં જતી વેળા સૌ વિદ્યાર્થીઓને હારબંધ જવાનું હોય, પણ જેની પોતાની જાતને એ શિસ્તમાંથી બાકાત રાખતી. શિક્ષકો પણ એના વર્તનને ચલાવી લેતા. લાચારીથી...

એક દિવસ જેનીએ પ્રયોગશાળામાં સાધનોની ભાંગફોડ કરી. ધમાલ મચાવી.બધાં વિદ્યાર્થીઓ શાંત થઈ ગયાં. પિરિયડ પૂરો થવાને પાંચ મિનિટ બાકી હતી. મિસ મહેતાએ સૌને બેસી રહેવા કહ્યું પ્રયોગશાળાંમાં ફરીથી ખળભળાટ શરૂ થયો. જેનીએ પોતાનાં પુસ્તકો ટેબલ પર પછાડયાં. સૌનું ધ્યાન જેની તરફ ગયું. પિરિયડ પૂરો થતાં સૌ પોતાના વર્ગમાં જતાં હતાં. મિસ મહેતાએ જેનીને રોકાવા કહ્યું. જેનીએ બહાર જવા પ્રયત્ન કર્યો. મિસ મહેતાએ પોતાના હાથ ફેલાવી તેને રોકી. અને ખુરસી પર બેસવા ધીમેથી કહ્યું. જેની પાસેની ખુરસી પર બેસી ગઈ.

મિસ મહેતાએ જેનીને પ્રેમથી પૂછ્યું.

'તેં કંઈક ખાધું છે?'

'ના, મિસ મારી પાસે કેન્ટીનમાંથી કાંઈ પણ ખરીદવા પૈસા નથી.'

'લે, આ પાંચ પાઉન્ડ તારી પાસે રાખ. આખું અઠવાડિયું એમાંથી કંઈક ખાવાનું લેતી રહેજે. આવતે અઠવાડિયે ફરીથી મારી પાસેથી પૈસા લઈ જજે.'

'ના, પણ મારાથી તમારા પૈસા ન લેવાય.'

'પણ આ તો હું તને ખુશીથી આપું છું. આજે અમારી દિવાળી છે. તું પણ આજે આનંદ કર.'

બે મિનિટ પહેલાંની તોફાની જેનીની આંખોમાં આંસુ તરી આવ્યાં જેની મીણ જેવી નરમ બનવા લાગી. આજે પ્રથમવાર એને કોઈકે પ્રેમથી બોલાવી અને એના દિલને પ્રેમથી ભરી દીધું. મિસ મહેતા એના તોફાની વર્તનનું કારણ શોધવા મથતાં હતાં.

'તારા ઘરમાં કોણ કોણ રહે છે?' મિસ મહેતાએ વહાલથી પૂછ્યું.

'હું, મારો ભાઈ માઈકલ અને મારી નાની બહેન લૂઈસ અને અમારી મા.'

'તમારા પિતા તમારી સાથે નથી રહેતા ?'

'ના મિસ, મેં મારા પિતાને જોયા નથી પણ માઈકલના પિતાને અને લૂઈસના પિતાને મેં જોયા છે. પણ તેઓ હાલ ક્યાં છે તેની મને ખબર નથી. અમારા દરેકના પિતા જુદા છે એટલે જ સ્તો જુઓને અમારા ચહેરા પણ જુદા જ દેખાય છેને મિસ!' જેનીએ કહ્યું.

'તારી મા કામ પર જાય છે ?'

'ના મિસ, અમારા ત્રણની સંભાળ લેવાની હોય ત્યાં મમ કામ પર કેવી રીતે જઈ શકે?'

'તો તમારું ગુજરાન કેવી રીતે ચાલે છે?'

'જુઓ મિસ, અમે કાઉન્સિલના મકાનમાં રહીએ. મમને અમારા બધાંને નામે ચાઈલ્ડ બેનિફીટ મળે. ઈન્કમ સપોર્ટ મળે અને વળી મમના પુરુષ મિત્રો એને સારી એવી આર્થિક સહાય કરતા રહે છે, હું કંઈ જૂઠું નથી બોલતી મિસ.'

જેની ધીમે ધીમે નરમ બનતી ગઈ અને એક ક્ષણ એવી આવી કે જેનીની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. એણે બે ચાર ડૂસકાં ભર્યાં. એને ગળામાં ડૂમો ભરાતો હતો. મિસ મહેતા એ બધું જોતી હતી. પોતાની પાણીની બોટલ જેનીને આપી એના બરડા પર મિસ મહેતાએ હળવેથી હાથ પરસાવ્યો. એનામાં રહેલી મા પણ હવે શાંત રહી શકી નહીં. પંદર વરસની જેનીને પાંત્રીસ વર્ષની મિસ મહેતાએ પોતાની દીકરી જેમ સોડમાં લઈ લીધી. બંનેની આંખોમાંથી ગંગાજમના વહેવા લાગી. પ્રયોગશાળાની પથ્થરની તોતિંગ દિવાલો પણ આ દૃશ્ય જોઈ નરમ બની ગઈ.

શાંત થઈ ગયા પછી મિસ મહેતાએ જેનીને કહ્યું.

'જેની, તારી જિંદગી કરતાં પણ હું વધુ કરુણ જિંદગી જીવી છું અને એટલે જ હું તને બરાબર સમજી શકું છું. પણ આજે એ ભૂતકાળને મેં ક્યાંય દૂર દફનાવી દીધો છે. આજે પતિ છે, દીકરી છે, ઘર છે,. ગાડી છે અને હવે આજથી તું પણ મારી દીકરી બની ગઈ છે.'

પુસ્તકનાં નવાં પાનાં ઊઘડે તેમ જેનીની કથની આગળ ચાલી. એની મિસ એની મા બની એવી ખાતરી થતાં જેનીએ એનાં વસ્ત્રો ઊંચાં કરી એના શરીર પર દાઝી ગયાની નિશાનીઓ બતાવી. અંતે એની માતાના પુરુષમિત્રે એના ગુપ્તાંગ પર સિગરેટથી દઝાડેલી, એ પણ દરદી ડોક્ટરને વિના સંકોચે બધું બતાવે તેમ જેનીએ મિસ મહેતાને બતાવ્યું. માતાના પુરુષમિત્રની ઇચ્છાને તે તાબે થઈ ન હતી તેનું એ પરિણામ હતું. તે દિવસની કહાણી પણ મિસ મહેતાને કહેવાનું જેની ને મન થયું.

ફ્રીઝમાંથી સેલેડનો ડબો કાઢતી વેળા ડબાનું ઢાંકણ ખૂલી જતાં સેલેડ જમીન પર વેરાયું અને એની માએ ત્રાડ પાડેલી અને એનાં કપડાં શરીર પરથી ઉતારી લેવાયાં અને પછી સેલેડને ડબામાં ભરવાનો હુકમ થયેલો. તે વેળા એનો ભાઈ માઈકલ અને બહેન લૂઈસ જમવાના ટેબલ આગળ હાજર હતાં. એક એક પાંદડું અને અન્ય ચીજો જેનીએ ફરીથી ડબામાં મૂકી દીધાં. માએ તેના પુરુષ મિત્રને જેની પર સળગતી સિગરેટ ચાંપવા કહેલું પણ એમ નહોતું કહ્યું, કે એના ગુપ્તાંગ પર દઝાડવું. પેલા રાક્ષસે જેનીનું વેર લીધું. તે વેળા જેનીને જે વેદના થઈ હતી અને એની ચીસો એના ભાઈબહેન, મા અને તેના પુરુષમિત્રે સાંભળી હતી. ભરસભામાં દ્રૌપદીનાં

# આશરો

-વલ્લભ નાંઢા

ફૂટપાથ પર ચાલતા ચાલતા નૉએલ રૉડથી ક્યાંયના ક્યાંય નીકળી ગયેલા ભાનુશંકર ઘર તરફ પાછા વળવાનું નામ લેતા નહોતા. રોજ તો એ નિસડનના સ્વામીનારાયણના મંદિર સુધી જઇને પાછા વળી જતા. નોર્થ એક્ટનથી સ્વામીનારાયણનું મંદિર એકાદ કિલો મિટર છેટું. ભાનુશંકર રોજ બે વાર, સવાર અને સાંજ, અહીં દરશનાર્થે આવે. સાક્ષાત સ્વરૂપોની મૂર્તિઓનાં દર્શન કરી ઘર તરફ પાછા વળતા. કોઇ વાર રસ્તામાં આવતા રાઉન્ડવૂડ પાર્કમાં પણ આંટો મારી આવતા.

એ સમયે પાર્કમાં ઘણા લોકો આવ્યા હોય. કોઇ પાર્કની લૉન પર બેઠક જમાવી છાપું વાંચતું હોય, તો કોઇ લીલાછમ ઘાસની બિછાયત પર આડા પડી રીલેક્ષ થતું હોય. જુવાનિયાઓ કોઇ એકાંત ખૂણો શોધી કાઢીને રસિક વાતોના સેલસપાટા મારી રહ્યા હોય. તો શ્વાન-શોખીનો પોતાના જાતવાન શ્વાનોને છૂટા મૂકી દડાના પકડદાવ રમાડતા હોય.

અહીં નાનાંમોટાં સૌની હાજરી જોવા મળે. મોટેરાં પણ હોય અને ટાબરિયાઓ પણ. આ ટાબરિયાઓને હસતાંખેલતાં જોઇ ભાનુંશંકરનો દિવસભરનો થાક ઉતરી જતો અને તે તનથી અને મનથી હળવાફૂલ બની જતા. એની ઉંમરના બીજા ડોસાડગરાઓ પણ અહીં આવતા. આ ડોસલાઓ ને જોઇને ભાનુશંકર વિચારે ચડી જતા, અહીં બેઠેલા આ વૃધ્ધોની પોતાની અલગ દુનિયા હશે. આમાંના કેટલાકનો પોતાનો સંસાર પત્ની, દીકરાદીકરી અને વહુવ-રુની પ્રેમાળ હૂંફથી મહેકી ઉઠતો હશે તો કેટલાક મારી જેમ-

ભાનુશંકરના ચહેરા પર ઉદાસિનતા વ્યાપી ગઇ. શું આ લોકો નિજી સંસારમાં સુખી હશે ? આ લોકો ખરેખર વિસામો લેવા માટે અહીં આવતા હશે કે પછી ઘરના માણસોથી ત્રાસીને પાર્કના બાંકડે બેસવા આવતા હશે? કેમ ખબર પડે ? ભાનુશંકરને લાગ્યું કે આ વિષય પર તો એક સરસ વારતા લખી શકાય એમ છે. પણ પછી તેને પોતાને જ આ વિચાર પર હસવું આવ્યું. વારતા લખવાનો શોખ તો ઘણા વર્ષો પહેલા છૂટી ગયો હતો. વાર્તાલેખનનું ઝરણ તો ત્યારે જ સુકાઇ ગયું હતું કે જ્યારે દીકરાની વહુએ- ઘરમાં જગ્યા રોકે છે એમ કહી વાર્તાની ફાઇલ સાથે એમનાં કેટલાક મૂલ્યવાન પુસ્તકો પણ ડસ્ટબિનમાં ફગાવી દીધી હતી. એ વખતે એમને લાગેલું કે વહુએ કેવળ વાર્તાઓ જ નહીં, એમનું કલેજું પણ જાણે છાતીમાંથી બહાર કાઢીને ડસ્ટબીનમાં પધરાવી દીધું છે ! ત્યાર પછી લખવાનો ઊમળકો કદી જાગ્યો નથી.

પણ આજે તો ભાનુશંકર ઘર છોડવાનો પાકો નિરધાર કરીને ગુસ્સામાં બહાર નીકળી ગયેલા. મંદિરની દિશા તરફ જવાને બદલે ક્રોધ અને આવેશવશ ઉતાવળા પગલાં ભરતાં છેક સ્ટોનબ્રિજ સુધી આવી ગયા હતા. એમને જીવન પ્રત્યે નફરત આવી ગઇ હતી. સ્ટોનબ્રિજની પાળ પાસે ઊભા રહી નીચે જોયું ત્યારે મનમાં એક કલુષિત વિચાર પણ આવી ગયેલોઃ હું અહીં ઊભો હોઉં અને કોઇ મને ધક્કો મારે તો કેવું સારું !

અડસટ વર્ષના ઓવારે પહોંચેલા ભાનુશંકરને લોહીના દબાણની તકલીફ તો હતી. એમાં વળી બે વર્ષ પહેલાં એન્જાઇનાનો હુમલો આવ્યો અને ભાનુશંકર યમરાજના ડેલે હાથ દઇને પાછા આવેલા. પણ એ વખતે મોઢા પર નવજીવન પ્રાપ્ત કર્યાનો આનંદ હતો. કારણકે એ વખતે રમા જીવતી હતી.

રમાએ એ વખતે કેટલી ચાકરી કરેલી ? કેટકેટલી આકરી બાધાઓ-માનતાઓ માનેલી? અને જેમ સતી અનસુયા પોતાના પતિને યમરાજા પાસેથી પાછો માગી આવેલી, તેમ એને મૃત્યુના મુખમાંથી બહાર લાવેલી. અને જ્યારે ભાનુશંકર મરણપથારી પરથી બેઠા થયા ત્યારે એમણે રમાના ચહેરા પર ખુશીની જે ઝલક જોયેલી એવી ઝલક એમને પાછી કોઇ દિવસ જોવા મળી નહોતી. રમા હતી તો જીવતર જીવવા જેવું લાગતું હતું. પણ મેનેનજાઇટિસમાં રમા ભાનુશંકરને નિરાધાર બનાવીને અનંતની યાત્રાએ ચાલી ગઇ.

રમાનો તાવ અને માથાનો દુખાવો તેના શરીરમાં ઘર કરવા લાગ્યો ત્યારે એમણે સુધીરને કહેલું પણ ખરું કે, તારી માનું પ્રાઇવેટ ટ્રિટમેંટ કરાવીએ, પણ એ વખતે સુધીરે પ્રાઇવેટ ટ્રિટમેંટ તો બહુ કોસ્ટલી થઇ પડે એમ કહી એમના પ્રસ્તાવનો છેદ ઉડાડી દીધેલો. એટલે રમાની સારવાર એન.એચ.એસ. દ્વારા સ્થાનિક હોસ્પિટલમાં કરાવી. પણ હોસ્પિટલની સારવાર રમાને બચાવી ન શકી. એ વખતે ભાનુશંકરને થયેલું કે રમાની સાથે એમને ય મેનેન્જાઇટિસ થયો હોત તો સારું હતું. એક ઝાટકે બધી પીડાઓમાંથી છૂટકારો મળી જાત. પણ એમ માગ્યું મોત પણ કોઇને ક્યાં મળતું હોય છે?

પોતાના એકના એક દીકરા માટે એમણે શું શું નહોતું કર્યું ? દીકરાને મકાન ખરીદવું હતું ત્યારે ભાનુશંકરે પોતાની બધી જ બચતમાં પોતાના પેન્શનની રકમ સુદ્ધાં ઉમેરીને પચાસ હજાર પાઉન્ડ જેટલી માતબર રકમ દીકરાને આપેલી. પૈસેટકે પોતે ખાલી ઠમઠમ થઇ ગયેલા પણ દીકરોવહુ વૃધ્ધાવસ્થામાં એમની કાળજી રાખશે એવા ભરોસા સાથે એમણે જીવનભરની પૂંજી દીકરાવહુને હવાલે કરી દીધેલી, એટલું જ નહીં પણ પોતાને માસિક પેન્શનના જે પૈસા આવતા તે પણ દીકરાને મોર્ગેજનો હપ્તો ભરવામાં રાહત રહે માટે સુધાકરને સુપરત કરી દેતા.

***

ભાનુશંકર ચાલવા લાગ્યા. પુલના દસ-બાર પગથિયાં ઉતર્યા ત્યાં હાંફી ગયા. આટલું ચાલ્યા પછી હવે પિંડીઓમાં કળતર થવા લાગી હતી. પગના પણ જાણે કટકા થવા લાગ્યા હતા,અને ઘૂંટીઓમાં પણ પારાવાર દર્દ થતું હતું. પોરો ખાવા એ પગથિયાં પાસેના લેમ્પપોસ્ટનો ટેકો લઇ એક તરફ ઊભા રહી ગયા.

ઊભા ઊભા એમણે બંને પગને વારાફરતી ઉંચાનીચા કરી સહેજ હલાવ્યા પણ ખરા, પણ પગમાં કોઇએ જાણે શીશુ ભરી દીધું હોય તેમ પગ જમીન સાથે ખોડાઇ ગયા હતા.

ભાનુશંકર વિચારે ચઢે છે- ડૉક્ટર રુબિન્સકાને પગ દેખાડવા ગયો હતો ત્યારે જ તેણે કહી દીધેલું કે આર્થેરાઇટિસનો કોઇ ઇલાજ નથી. પણ આ પેઇનકિલર્સ લખી દઉં છું; એથી દુખાવામાં થોડી રાહત રહેશે. એમણે ન્યુરોફેનની કેપ્યુલ્સ લખી આપેલી. એ લીધા પછી થોડા સમય માટે દુખાવો હળવો થાય, પણ એની અસર ઉતરે કે તરત પાછા વેદનાના લબકારા ચાલુ થઇ જાય. પગની પીડા અસહ્ય બને ત્યારે દીકરાને વાત કરું, પણ મારી વાત સાંભળે કોણ? રમાના અવસાન પછી હું જીવું છું કે મરી ગયો છું તેની દીકરો કે વહુ- બેમાંથી

કોને પડી છે ?

બંને સીટીમાં જૉબ કરે. બાળકોને બેબીસીટરને હવાલે કરીવહેલી સવારે બન્ને નોકરી કરવા નીકળી પડે. પહેલાં તો રમા જ બાળકોને સંભાળતી, પણ તેના પાછા થયા પછી એ જવાબદારી સંભાળવાની મેં વહુ આગળ દરખાસ્ત મૂકી હતી પણ વહુ માની નહીં. બાળકો ઘરમાં હોય તો એમનામાં ખોટી આદતો પડે અને બેબીસિટર પાસે રહે તો થોડાક રીતભાત શીખે એમ કહી વહુએ મારી દરખાસ્તને ફગાવી દીધી હતી. ધૂળ શીખવાના રીતભાત ! બેઉ જણ બાળકો સાથે વાતચીત કરે ત્યારે અંગ્રેજીમાં ભચડે રાખે, અને બાળકો પણ ઘરમાં પોપટની જેમ પટપટ અંગ્રીજી બોલે, પણ બે બાળકોમાંથી એકેય છોકરાને હરામ બરાબર છે, એક શબ્દ પણ ગુજરાતીનો આવડતો હોય તો !

સુધીર સારપમાં હોય ત્યારે ભાનુશંકરની રુમમાં ડોકું તાણી ભાનુશંકરના ઉડઝૂડખબરાંતર પૂછી જાય.પણ વહુ તો- એની અલગ દુનિયામાં વિહરતી હોય. બહેનપણીઓ, પાર્ટીઓ,મહિલામંડળ, શોપિંગ...કમાયે એટલું ને ખર્ચેય એટલુ ! છોકરાવને મોબાઇલ ફોન, ચોપડીઓ, ડીવીડીઝ, નવા બૂટ અને મૉર્ડન ફેશનનાં કપડાં અપાવી લાડ લડાવે, પણ પાસે બેસી એકાદ વાર્તા કહેવાની તેને ફુરસદ ન મળે ! તો પછી ભાનુશંકર માટે ફુરસદ ક્યાંથી કાઢે ?

ભાનુશંકરનું માહ્યલું મન કહેતું હતું કે, તારું આ ઘરમાં હોવું કોઇને ગમતું નથી. તું શું ખાય છે, શું પીએ છે તે પણ કોઇ પૂછતું નથી. તારાથી ચાવી શકાય એવો ખોરાક રાંધવાનું પણ બંધ થઇ ગયું છે...ફ્રિજમાંથી બ્રેડના ચમડતોડ ટુકડા કાઢી પાણીના ઘૂંટ સાથે પેટમાં ઉતારી જાય છે, અથવા તો કોમ્યુનિટી સેન્ટરમાં જઇને પેટની આગ બુઝાવી આવે છે...

રવિવારની એક સવારે શિયાળાની ઠંડીથી બચવા ભાનુશંકર પોતાના આઠ બાય દસ ફૂટિયા બોક્ષરુમમાં છાપું વાચતાં કોકડું વળીને બેઠા હતા. એવામાં વહુ આવી અને સેંટ્રલ હીટિંગની સ્વીચ બંધ કરી ગઇ. વહુને થયું હશે કે ડોસા ઘરમાં બેઠા બેઠા નકામું વીજળીનું બીલ વધારે છે.

પણ આજના પ્રસંગે તો હદ કરી નાખી હતી. એ બાથરુમ તરફ જઇ રહ્યા હતા. વહુ દીકરાના રુમ પાસેથી પસાર થયા ત્યારે બંને વચ્ચે ચાલતી વાતચીતના શબ્દોએ એમને ચોંકાવી મૂક્યા.વહુ સુધીરને કહેતી હતીઃ

'બાપુજીને હૉમકેરમાં મૂકીએ તો, તમને કેમ લાગે છે ?'

'કેમ?શું થયું ? બાપુજીએ તને કંઇ કહ્યું ?'

'જુઓને બાપુજીને કેટલી બધી બીમારીઓ વળગી છે ! બી.પી, એન્જાઇના,આર્થૅરાઇટિસ...ન કરે નારાયણ ને કાલ સવારે એમને સ્ટ્રોક્સ્ટ્રોક આવી ગયો અને વ્હીલચેરમાં આવી ગયા તો ? એમનું ધ્યાન રાખી શકાશે ?'

એમને થયું વહુ ભલે ગમે તેમ બોલતી,પણ સુધીર એવું કદી નહીં કરે. હવે સુધીર શો ફૅંસલો કરે છે તે સાંભળવા કાન સર્તક બન્યા.

'તું ઠીક કહે છે. એવું થાય તો આપણાથી બાપુજીનું ધ્યાન રાખી શકાય નહી...હું બાપુજી માટે હૉમકૅરમાં તપાસ કરીશ.'

ને ભાનુશંકરે ગાંઠ વાળી- હવે આ ઘરમાં ન રહેવાય.

ને ઘર છોડી દીધું.

***

ભાનુશંકરનું ધ્યાન જમણા પગ તરફ ગયું. એ પગ સોઝીને દડો થઇ ગયો હતો. એ પગ સહેજ ઉંચો કર્યો ને મોંમાંથી ચીસ નીકળી ગઇ. આર્થરાઇટિસ શરૂ થયો ત્યારે રમા પાસે હતી. એટલે કોઇ ચિંતા ન હતી. દુખતા પગમાં એ બામ ઘસી આપતી. રમાનો હાથ ફરતો અને પગનો દુખાવો ગાયબ થઇ જતો. રમાની ખોટના અહેસાસે ભાનુશંકરની આંખમાં ઝળઝળિયાં લાવી દીધાં.

પગમાં અસહ્ય વેદના થતી હતી પણ ભાનુશંકર બ્રેન્ટફિલ્ડની ફૂટ્પાથ પર ધીમે ધીમે ડગ ભરવા લાગ્યા.'આશિયાના' હવે બહુ દૂર નહોતું. ભાનુશંકરે સાંભળ્યું હતું કે,એના જેવા ઘરના માણસોથી તરછોડાયેલાં, હડધૂત થયેલા સૅંકડો નિરાધાર મોટી ઉંમરના લોકોને 'આશિયાના' આશરો આપે છે. અને માબાપને ડસ્ટબીન કલ્ચરમાં ખપાવતાં કેટલાક સંતાનો પોતાના અશક્ત, બીમાર અને લાચાર માબાપોને ડસ્ટબીનમાં કચરો ઠલવતા હોય તેમ વૃદ્ધાશ્રમમાં ધકેલી દેતા હોય છે, ને મહિને વરસે ક્યારેક એમની ખબર કાઢવા આવે છે. પણ ઘર કરતાં અહીં એમને વધુ શાંતિ મળે છે. એ લોકો અહીં સ્વમાનપૂર્વક પોતાનું માથું ઉંચું રાખીને જીવે છે

ભાનુશંકર લંગડાતા,ઘસડાતા ને હાંફી જતા થોડુંક ચાલીને પાછા અટકી જતા હતા. ઊભા રહ્યા હોય તો પણ છાતી ધમણની માફક ઉછળતી હતી. એમણે ઉંચે જોયું. લો, આ મેથોડિસ્ટ ચર્ચ તો આવ્યું ! હવે 'આશિયાના' બહુ દૂર નથી. ગમે તેમ કરીને ત્યાં પહોંચવું જ છે. પગમાં સણકા ઉઠતા હોય તો ભલે ઉઠે, પગના કટકા થાય તો થાય,બસ ગમે તેમ કરીને ત્યાં સુધી પહોંચવું જ છે.

પાછા શરીરમાં હતું એટલું જોર કરીને ચાલ્યા. પણ ફરી હાંફ-

ભાનુશંકરે ઊભા રહી ફરી નજર લંબાવી. લો,આ 'આશિયાના'ના પ્રવેશદ્વાર સુધી તો આવી ગયો. હવે ચક્કર જેવું આવી જાય તોય ફિકર નહિ. 'આશિયાના'માં કોઇક તો મને ઓળખતું જ હશે, જે બીજું કંઇ નહીં પણ કમસેકમ મને હોસ્પિટલ ભેગો તો કરશે જ.

લંગડાતા લંગડાતા એ અંદર દાખલ થયા, પણ પૂછપરછ માટેની બારી સુધી પહોંચતા તે ત્યાં જ ઢગલો થઇ નીચે ઢળી પડ્યા. કાકા, શું થયું...શું થયું ? કહેતો કર્મચારી કેબીનમાંથી બહાર દોડી આવ્યો. હાથના ઇશારાથી સમજાવતાં ભાનુશંકર બોલ્યાઃ 'મને અહીં આશરો મળશે ?' **

(324 Horn Lane, Acton, LONDON W3 6TH)

---

Continued from page 4

ચીર ખેંચાયાં હતાં તેની વેદનાના ચિત્કારો સાંભળી તેની લાજ રાખવા તો કૃષ્ણ મોડા મોડા પણ હાજર થયેલા. પણ જેનીની આર્ત વેદના સાંભળી ક્રાઈસ્ટ મદદે નહોતા આવ્યા. આ બધું સાંભળ્યા પછી મિસ મહેતાએ જેનીને મદદ કરવા ગાંઠ વાળી. જેનીને પૂછ્યું,

'તારે બાળઘરમાં જવું છે? ત્યાં તને નિયમિત ખાવાનું મળશે. તું નિર્ભય બની જીવી શકશે અને તારે જેટલું ભણવું હશે તેટલું તું ભણી શકશે. તારાં જેવાં બીજાં બાળકો સાથે તારી દોસ્તી થશે. તું સુખી થઈશ. મોટી થતાં તને સારી નોકરી મળશે. તું ખરેખર સુખી થઈ જઈશ. તું બાળઘરમાં જવા રાજી છે?'

'ના મિસ, મારાથી તેમ ન બને.'

'તો પછી આ નર્ક જેવા કુટુંબમાં તને કેમ રહેવું ગમે છે?'

'મિસ, તમે મને ઘણું બધું મેળવી આપો છો. તમે મને સ્વર્ગનું સુખ અપાવો છો. તમને મારી જાત પર દયા આવે છે અને હું નર્કમાં જીવું છું તે પણ સાચું છે. પણ મિસ, હું મા કોને કહીશ? હું મારી માનું ધાવણ ધાવી છું, એને હું માફ કરી દઈશ પણ પેલા નરાધમને કદી નહીં.'

મિસ મહેતા મૂક બની ગઈ. પણ એની આંખોમાંથી ગંગા જમના વહેવા લાગી.. ફરીથી આ બંને જીવો એક બીજાને ભેટી પડયાં. ત્યારે પ્રયોગશાળાની પથ્થરની દિવાલોમાંથી આંસુ વસ્યાં હશે !

[62.Orchard Gate, Middx. UB6 0QW]

# ચાહત

પ્રવીણ પટેલ 'શશી'

સ્ટેશન છોડી ગાડી દક્ષિણ મોસ્કો તરફ આગળ ધપી. ત્યારે, થોમસ ગુડકાઇન્ડના દિમાગમાં વિચાર ફરતો હતો કે આખી ગાડીમાં એ એકલો જ એવો શખ્સ હશે જેની પાસે ગોલ્ફનો સરંજામ છે. એ માયામી, ફ્લોરિડાથી આવ્યો હતો, બે દિવસો બેચેનીમાં એણે રશિયાના આ પાટનગરમાં ગુજાર્યા હતા, અને હવે તે ટુલા શહેર તરફ જઇ રહ્યો હતો.

જેમ બોલેલા શબ્દો મોમાં પાછા મુકાતા નથી એમ વીતેલા સમયનો ટુકડો ભૂંસવો પણ અશક્ય, છતાં એ એની જાણમાંના દુષ્ટ આદમી સાથે ગોલ્ફ રમત ખેલવા જઇ રહ્યો હતો. કાળજીપૂર્વક એના મિત્ર રિચાર્ડ સ્વાડ્ઝડે આ ગોઠવણ કરી હતી. ભય હતો ? હા ;મૂર્ખતા ખરી ?, કદાચ !

ફળદ્રુપ ભૂમિ ને મોતૈયો મોલ, રશિયાના આ ભાગના માણસો પોતાનામાં મસ્ત હતા; ના એમને ગોલ્ફની જાણ હતી, ના એ આ રમત રમ્યા હતા, અરે ! એમને તો એની કશી પડી પણ ન હતી! આન્દ્રે ચોમિકો, જો કે, અપવાદ હતો. એક જમાનામાં એ KGB કર્નલ હતો. રશિયન લલનાને બહાર વેચી ખાવાનો આજકાલનો એનો પેશો હતો. ચોમિકોને મળવા આટલે દૂર એ આવ્યો હતો.

બારીના કાચની પાર સરકતી હરિયાળી મનને પ્રસન્ન કરી ગઇ. પ્રણય કિસ્સાનો અહીં તો આરંભ થયો હતો. એક માત્ર એ સ્ત્રી, જેણે એનું જિગર જીત્યું હતું. એની સાથે લગ્ન કરવા એ આતુર હતો. આ બધું એમ થોડું વિસારે પડે !

સવારના દસે શેલ્પોવ શહેર આવ્યું. અહીં વીસ મિનિટ ગાડી થંભવાની હતી. ટુલા પહોંચતાં બીજા બે કલાક થવાના હતા. બહાર આંટો મારી પગ છૂટા કરવાનો એને વિચાર આવ્યો. એ બહાર નીકળ્યા.

એણે જોયું - કે લાગ્યું - કોઇએ એનો પીછો કર્યો. આટલા વર્ષો અહીં કામ કર્યું, એ એમ થોડું એળે જાય ? સખ્ત ચહેરો, ફોલાદી શરીર, કાળાં બૂટ-પેન્ટ-ખમીસ, એ ઠીંગું ઠગ જ હતો. ચોક્કસ FSB નો જ માણસ, KGBનું નવું નામ ! શંકાસ્પદ અમેરિકન અને ચિત્રવિચિત્ર માલસામાનને કારણે એને પાછળ મોકલવામાં આવ્યો પણ હોય !

એ સ્ટેશનમાં પ્રવેશ્યો. ટિકીટ બારી પાસેની બેન્ચોમાં વટેમાર્ગુ સૂતા હતા. ઓરડામાં પરસેવાની ગંધ અને તમાકુની વાસ પ્રસરેલી હતી. ઠીંગુ પાસે બીજો કદાવર આવી ધમક્યો. બાથરૂમ નજીકમાં જ હતી. ઠીંગુનો હાથ એણે ખભા ઉપર મહેસૂસ કર્યો.

'મીસ્ટેર ગુડકેન્ડ, તમે જરા અમારી સાથે આવશો ?'

'મારે બાથરૂમ જવું છે. અને, પછી ગાડીમાં આગળ સફર કરવાની છે.' એણે સ્પષ્ટ રશિયન જબાન વાપરી.

'આનાકાની સારી નથી, આવો કહ્યું, એટલે બસ ચાલવાનું, સમજ્યા ?'

'એમ ? હું ના પાડું તો? બળજબરી કરશો? વળી મારી ગોલ્ફદંડીઓ અને સામાન ગાડીમાં છે. પણ, તમે મને ઓળખતા નથી ! અમેરિકન એમ્બેસીમાં ખબર પડશે અને ત્યાંથી કેવળ એક જ ફોન તમારા ઉપરીને જશે એટલે તમારું તો આવી બનવાનું ! કીર્ગીઝસ્તાનમાં બકરાંની લીંડી-ખાતરનાં ઉકરડા સાફ કરવામાં બાકીનો જન્મારો કાઢવાની તમારી તૈયારી છે ને ?'

કદાવર સાવ નજીક હતો. ઠીંગુ ખડખડાટ હસ્યો. એ ભાંગ્યુંતૂટ્યું વિકૃત અંગ્રેજી બોલતો હતો. એણે એની જન્મજાત બોલીમાં ઉત્તર આપ્યો.

'નસ્ શેફ આન્દ્રે ચોમિકો, એ અમારા ઉપરી અધિકારી છે. તમારો માલસામાન અમારી સાથે સલામત છે. અમારી સાથે તમારું આવવું જરૂરી છે.'

o o o o o o

નાની ઉંમરથી જ થોમસ ગુડકાઇન્ડને ગોલ્ફ પ્રતિ લગાવ હતો. ગોલ્ફને કારકિર્દી બનાવવાનો એમનો ભ્રમ કોલેજ દરમ્યાન ભાંગ્યો. એ YALEમાં ગયા, કારણ કે એમના દાદા ત્યાં ભણ્યા હતા, લાંબા પગા ચેલેનાના વાદે એ રશિયન ભાષામાં પારંગત થયા. પૈસાદાર મા-બાપના આ નબીરાએ અનુસ્નાતક અભ્યાસક્રમનાં બે વર્ષો છોકરીઓ પટાવવામાં અને મોંઘી કારોમાં હરવાફરવામાં કાઢ્યાં.

દાદાએ એક વખત બરાબરનો ટપાર્યો પણ ખરો. કહ્યું, "તાગડધીન્ના અને ખુદનો વિચાર તજી બીજા માટે કશુંક કરવાનો સમય પાકી ગયો છે." પિતા અને દાદાની જેમ એમણે એલચી કચેરીમાં કામ કરવાનું પસંદ કર્યું. સોફિઆ, જકાર્ટા, ડી.સી. અને મોસ્કોમાં એમની બદલી થતી રહી. વીસ વર્ષની કામગીરી અને દેશ સેવા બાદ વહેલી નિવૃત્તિ લઇ વુડસ્ટોક, વરમોન્ટમાં એ સ્થાયી થયા. કોરલ ગેબલમાં પણ એમનું મકાન હતું. ગોલ્ફ રમતગમતમાં હવે એમનો સમય પસાર થતો હતો. અને, આમાં એમને નામના પણ મળી હતી.

પરંતુ, ડુંગળી જેવા ઘૂમટ, જરીપુરાણાં ખેતરો, ભોળા માણસો અને આત્માને કચડી નાખતી હકૂમત —રશિયા, એમના હૃદયમાં સ્થાન જમાવી બેઠેલી જગા, કેમેય કરીને ભુલાતી ન હતી ! ખરડાયેલી સોવિયેટ જીવનપદ્ધતિ જ્યારે ગોર્બાચોવ ઠીકઠાક કરી રહ્યા હતા ત્યારે એમને વોશિંગ્ટનમાં હાજર થવાનું ફરમાન આવ્યું. ફારસી શીખી એમને ઇસ્લામાબાદ જવાનું હતું. બઢતી મળતી હોવા છતાં કેટલાંક કારણોસર અહીં એમને જવું ન હતું. એમણે રાજીનામું આપ્યું.

કામકાજ તો કરવું જ પડે. જાંચ-તપાસના દોર દરમ્યાન ગોલ્ફના મેદાનમાં ક્વિન્સના રિચાર્ડ સ્વાડ્ઝડનો પરિચય સાંપડ્યો. એક રસને કારણે બન્ને નીકટ આવ્યા. રિચાર્ડ શેલ કંપનીનો સેલ્સમેન હતો. પરંતુ, આ એનું CIAના ગુપ્તચર વિભાગનું મહોરું હતું. ન્યુયોર્કી લહણે એ રશિયન બોલતો. જૂની ખેતમશિનરી અને કમ્પ્યૂટર હાર્ડવેરના સોદા માટે એને ઊંચો

પગાર મળતો. વાસ્તવમાં જમીન, જૂનાં કારખાનાં અને ઓઇલ પાઇપ લાઇન હડપ કરતા KGB ઉચ્ચાધિકારીઓ-હોદ્દેદારોના રિપોર્ટ તૈયાર કરવા માટે એને આ પૈસા મળતા. CIA સાથે જોડાણ વગરના પરંતુ ગુપ્તચર વિભાગનું ક્લિયરન્સ ધરાવનાર અને સ્પષ્ટ રશિયન બોલતા સહાયકની એને જરૂર હતી. થોમસની ઇચ્છિત મનોકામના પાર પડી. એ મોસ્કો પાછા ફર્યા.

પ્રભાવ જમાવવા અને બહાર સારી છાપ પાડવા મોસ્કોની ઓફિસમાં રિચાર્ડે મદદ માટે સ્થાનિક સેક્રેટરીને નોકરીમાં રાખી. સોનિયા નિકોલ્વેના એનું નામ. એ સપ્રમાણ, દેખાવડી અને બુદ્ધિશાળી હતી. કાળા વાળ અને તાંબાવર્ણી ત્વચાથી એ મોહક લાગતી. એના પિતા સમાચારપત્રના ખબરપત્રી હતા અને લશ્કરની છાવણીમાં એમનું નિધન થયેલું. બપોરના ખાણા દરમ્યાન સોનિયાએ થોમસને રશિયાના ઇતિહાસની વાતો કરી. લિપ્સ્ટીકી લાલ હોઠમાંથી સરકતા શબ્દો અને સાથે ચમકતી કાળી આંખોની ગહેરાઇમાં થોમસ ખોવાઇ ગયા. કરારની કોઇ કલમમાં રશિયન સ્ત્રી સાથે હરવાફરવાની મના ન હતી !

o o o o o o

બાથરૂમ બહાર થોમસ આવ્યા ત્યારે આન્દ્રેના ભાડૂતી ગુંડા બહાર ખડા હતા. જગુર ગાડીમાં એમનો સામાન ગોઠવાઇ ગયો હતો. ગાડી ચાલક ઠીંગુની બાજુમાં થોમસ બેઠા. એના પથ્થરિયા ચહેરા ઉપર કોઇ ભાવ ન હતા. પાછળ પેલો કદાવર ભરાયો. બૂમો પાડી ખોખરા અવાજે એ બોલતો. એના કહ્યા મુજબ ઠીંગુ ગાડી ભગાવતો રહ્યો. ટોલ્સ્ટોય પરગણાના ખેતરાળ પ્રદેશ વચ્ચેથી શેલ્પોવના ખાડાખબૂચિયા રસ્તે જ્યારે તીર ગતિથી જગુર આગળ ધપી રહી હતી ત્યારે થોમસે શરીરમાં ભયની કંપારી મહેસૂસ કરી, મારીને એને અહીં ફગાવી દે તો કોઇને ખબર પણ ના પડે !

પરંતુ, પેલા બેએ એને કોઇ ઇજા કે હાનિ ના પહોંચાડી. કલાકેક પછી શેલ્પોવની દક્ષિણે ગાડી કાચે રસ્તે ફંટાઇ. હાડકાં ખોખરાં થઇ જ જાય ! લોખંડનો દરવાજો, સંત્રીનો ચોકીપહેરો, ગાડી અંદર, સરસ લૉન, સુંદર ઉદ્યાન, લાજવાબ ગોલ્ફ કોર્સ, આલિશાન ભવ્ય મકાન, જાણે કે બીજી જ દુનિયા ! આ આન્દ્રે ચોમિકોનું ખુદનું સામ્રાજ્ય હતું, એક સામ્યવાદી તૂટેલા દેશની અંદર ! ભોળી, ગરીબ અને સુંદર યુવતીઓને દેશ બહાર વેચીસાટી કરોડો એણે ભેગા કરી લીધા હતા. અને, હવે એ ગોલ્ફનો આશિક બન્યો હતો. માટે તો એણે થોમસને નિમંત્ર્યો હતો.

થોમસને ઉતારી પેલા બે જતા રહ્યા. એક યુવતી બહાર આવી. સશક્ત બાંધો, કાળાં ઝુલ્ફાં, ચમકતાં નયનો, તીક્ષ્ણ નાસિકા; સોનિયા નિકોલ્વેનાની આબેહૂબ પ્રતિકૃતિ, એની જૂડવા બહેન હશે કે પછી કે પછી એની દીકરી ?

o o o o o o

૧૯૮૭માં થોમસ અને રિચાર્ડ વચ્ચે થયેલી મિત્રતા એવી કે નહીં કાચી કે નહીં પાકી ! ત્રણ ભાગના ગોલ્ફ રસ અને એક ભાગની રશિયા માટેની મંત્રમુગ્ધતા થકી આ સંધાણ થયેલું. ઉઝબેકિસ્તાનની સુક્કી પર્વતમાળાથી માંડી લિથુનિયાનાં જંગલોમાં, કિશ્નેવથી ખાબરોવ્સ્ક સુધી, મોટે ભાગે અલગ તો ક્યારેક ભેગા, તેઓ ધંધાર્થે ફરતા. જ્યાં જમીનો કે લાકડાં વેચાય, ત્યાં ખેતીવાડી વિષયક સામગ્રી, વિદ્યુત કરવતી અને કમ્પ્યૂટર વેચવા એ પહોંચ્યાં જ હોય ! રિચાર્ડ કહેતો, 'મિસાઇલથી નહીં પણ પૈસાથી જ યુદ્ધ જિતાશે.' એને પૈસા જિતવા હતા. થોમસને પણ લાગતું કે જર્મનીમાં ટેન્કો રાખવા કરતાં એમનું કામકાજ અમેરિકાના અર્થતંત્ર અને સલામતી માટે ઉપયોગી હતું.

શંકા-કુશંકા વચ્ચે થોમસને મોસ્કો કન્ટ્રી ક્લબનાં રસ્તાની બન્ને તરફનાં કતારબદ્ધ બર્ચવૃક્ષો અને શાંત સરોવરો ગમતાં. નિયંત્રણો વચ્ચે આઝાદીનો થોડો શ્વાસ અહીં લઇ શકાતો. રિચાર્ડની જાણ બહાર એ અને સોનિયા મળતાં. ઇલેક્ટ્રિક ટ્રેઇનમાં શહેર બહાર દૂર પહોંચતાં, બ્રેડ-ચીઝ ખાવાનાં, અને *બુખ્તા રડોસ્તી, Bay of Joy,* મજાના અખાત ખૂણે, બેન્ચે સૂતાં, પછી મજા કરવાની. શુક્રવારની રાત્રી સોનિયા એનાં એપાર્ટમેન્ટમાં ગાળતી અને બીજે દિવસે સવારે અમેરિકન બ્રેકફાસ્ટ કરીને જતી. ઘી અને આગનો સબંધ-સમાગમ જાણવાની આપણને કોઇ જરૂર છે ખરી?

થોમસના મગજમાં એક વિચાર ફરતો થયો હતો, સોનિયાને પરણવાનો. પણ, આમાં ગુપ્તચર સંહિતા આડખીલી હતી. એને કામકાજ છોડવું પડે, ઝર્ગોસ્ક બહાર સોનિયાની મા સાથે રહેવા જવું પડે કે પછી સોનિયાને રશિયા બહાર અજાણી અમેરિકાની ભૂમિમાં વુડસ્ટોક કે કોરાલ ગેબલમાં વસવા લઇ જવી પડે. વિચારોમાં એ અટવાતો રહ્યો.

સોનિયા કાયમ કહેતી, 'જ્યાં સુધી સ્ત્રી રહસ્યમય છે ત્યાં સુધી પુરુષને એનું આકર્ષણ છે, જાણ પછી એનો રસ કમ જ થઇ જાય'. થોમસ હસી કાઢતો, પુરુષ જો હતો ! ચોરીછૂપીનો એમનો સબંધ જારી રહ્યો. સોનિયા હજી રહસ્યમય હતી; કામુક, તેજસ્વી, સહૃદયી, જેવી પહેલા દિવસે જોઇ હતી તેવી ને તેવી ! સોનિયાની નિર્દોષતા એના આત્માને ક્યારક ઢંઢોળતી. રિચાર્ડ સાથે આંખો મેળવતાં એને છેતરવા જેવું પણ લાગતું.

સાઇનાના કિનારે ટહેલતાં એક વખત રિચાર્ડે મજાક કરી, 'રશિયન સ્ત્રીઓમાંથી મારે એક પસંદ કરવાની હોય તો હું આપણી સોનિયાને જ ઝડપી લઉં.'

'તો પછી એને પૂછતો કેમ નથી?' થોમસ અજાણ્યો બન્યો.

'મિત્ર મારા, ધંધાનું અને ગમ્મતનું હું ક્યારેય મિશ્રણ કરતો નથી !'

થોમસને થપ્પડ પડ્યા જેવું લાગ્યું.

રિચાર્ડ **બ્રુસેલ્સ**માં ધંધા કાજે ગયો. એનાં દિલમાં શું હતું, તે થોમસ પામી ના શક્યો. પણ, સરોવરમાં પથ્થર જરૂર

પડયો હતો. વમળોમાં અટવાયા જેવું થયું હતું, સોનિયા આજે કામે ના આવી. માંદી હશે?, કાંઇ નહીં, કાલે આવશે. એક દિવસ, બીજો દિવસ, કુટુંબની કોઇ સમસ્યા તો નહીં હોય ને? અઠવાડિયું ગયું, શું હશે? વાટ જોવાનો હવે અર્થ નથી. સોનિયાના એપાર્ટમેન્ટે જઇ તપાસ કરવી પડે. ચાવી તો એની પાસે હતી. ગયો, પહોંચ્યો, એપાર્ટમેન્ટ ખાલી હતું !

વિચાર મંથન, ક્યાંક કશું જરૂર ખોટું થયું છે ! મહિનાના પહેલાની શુક્રવારની મોડી રાત્રી છતી થઇ. સોનિયાએ પહેલી વખતે એને ટોમ કહીને બોલાવ્યો હતો.

'ટોમ, તારામાં સારો પિતા બનવાની ક્ષમતા છે.'

'આ તબક્કે હું એવું કશું વિચારતો નથી.' થોમસને એના જ શબ્દો બોદા લાગ્યા. સોનિયાની વર્તણૂક ત્યારથી જ કદાચ ફરી.

મહિનો ગયો. બે મહિને રિચાર્ડ પાછો આવ્યો. થોમસે ઘટિત બીના બતાવી. એને આઘાત લાગ્યો. નિખાલસતાથી થોમસે સચ્ચાઇ બતાવી. સામે હમદર્દી સાંપડી. બન્નેએ શોધખોળ આદરી, કોઇ જ પરિણામ નહીં ! રિચાર્ડે આન્દ્રેની સહાય પણ માંગી. એનાં ફાંફાં પણ નાકામયાબ રહ્યાં ! ધરતી સોનિયાને ગળી ગઇ !!

o o o o o o

સોનિયાની પ્રતિકૃતિએ થોમસની સારી એવી સરભરા કરી. અજાણપણે થોમસને એ યુવતીનો સ્પર્શ થયો. શૂન્યતા વચ્ચે કશુંક સળવળ્યું. આન્દ્રે આવ્યો એટલે એ દૂર જઇ ખડી.

'તારા જેવા સાથે ગોલ્ફ ખેલવાની મને તમન્ના હતી. મારી કામના આજે તે પૂરી કરી. રિચાર્ડનો કહ્યો તું આવ્યો તે ગમ્યું.' આન્દ્રેએ હાથ લંબાવ્યો.

'હું કેમ આવ્યો, તે કારણની તને ખબર છે. આ કારણ, શિકાર લલચાવવાનું તે ખાજ બનાવ્યું છે. હું તારો આજનો શિકાર છું, બરાબર ને ?' થોમસે લંબાવેલો હાથ પકડ્યો.

'હું આજે શિકારી નહીં પણ જુગારી છું. હું જેમ નક્કી કરું તે રીતે આજની રમતમાં હાર કે જીતનો ફેસલો થશે.' આન્દ્રેની આંખોમાં તપેલા લોહાની આગ આવી બેઠી.

'રમત તારી, ફેસલો પણ તારો, તો મારું શું ?'

'પેલી તારી, અગર તું જીતે તો ?'

'પેલી, કોણ પેલી ?!'

'એ રશિયન સત્તર વર્ષીય કુમારિકાનું નામ ઓલિવિઆ છે. એની માએ આપઘાત કર્યો હતો. એક અમેરિકનની વાસનાનો એ ભોગ બની. દખલ કરવાની તો તમ અમરિકનોની ટેવ છે ! જૂનું ભૂલી, ભૂલ સુધારવા તું આવ્યો છે, બરાબર ને ? ઓલિવિઆ સોનિયાની દીકરી છે. મારી આજની હોડમાં એ છે.'

'હું હારું તો ?'

'તો ..એક રશિયનને છેતરવા માટે તારાં હાડકાંપાંસળાં હું તોડી નાંખીશ. રિબાવી રિબાવીને ધીમી મોતે મારી તને પછી હું ગીધડાંને ખવડાવી દઇશ. આ પછી, પણ એ પહેલાં, થયેલા સોદા મુજબ તારી જ આંખો સામે ઓલિવિઆને પનામિનિયન ધનપતિને વેચી દઇશ.'

એક સન્નાટો, થોડો ઉકળાટ, ગોલ્ફ દંડીના ફટકા, ઉછળીને પટકાતો બોલ, આંખોમાં ઇન્તેજારીનાં ફરતાં સાપોલિયાં, અને આખરી હોલમાં સરકીને સ્થિર થઇ બેસી જતો દડો; સોઇનાં નાકામાંથી દોરો બહાર આવી ગયો, રમત પતી ગઇ. થોમસના થડકતા હૃદયના ધબકારા યથાવત થયા, એ હાર્યો ન હતો!

'તલવારની ધાર પર અને બંદૂકની ગોળીઓ વચ્ચે સલામત ચાલવાનો આપણો પેશો આજે મને કામ આવ્યો.' થોમસે હાશ અનુભવી.

'હા, દોસ્ત, બહારના ભય સામે આપણે આપણી સરકાર માટે એક સરખું જ કામ કરીએ છીએ. તારું નસીબ આજે જોર કરી ગયું. તું ઓલિવિયાને લઇ જઇ શકે છે.'

'આભાર, આશા રાખું કે આપણા રસ્તા ફરી કદી એકબીજાની આડે ના આવે.

o o o o o o

અમેરિકા પાછાં ફરતાં, સોનિયાની દીકરી ઓલિવિયા, થોમસને પડખે મોટે ભાગે સૂતી રહી. થોમસ એને પોતાની વાતો કરતો રહ્યો. બારી બહાર જોતી એ ક્યારેક પોતાની મુંડી હલાવતી. બેમાંથી કોઇએ જાણી જોઇને સોનિયા અંગે વાત ન છેડી. એકબીજાંને અડતાં કે આપ-લે કરતાં કોઇ ભાવ હજી જાગતો ન હતો. નવી છે ને, સમય જતાં બધું ઠીકઠાક થઇ જશે, થોમસે મન મનાવ્યું.

ફ્લોરિડાનો સોનેરી કિનારો દેખાયો. ઓલિવિયાની ભૂખી આંખોમાં આનંદ ઘૂઘવ્યો. વિમાન નીચે ઊતરતું હતું. ત્યારે, થોમસે ઓલિવિયાને એની માને જે એ કહી શક્યો ન હતો તે કહીજ દીધું, 'મારું બધું તારું જ માનજે, ફાવે ત્યાં સુધી મારા મકાનમાં તું રહી શકે છે. કોલેજ, વિવાહ, લગ્ન, બાળકો, માટે પણ તારે નિશ્ચિંત જ રહેવાનું છે.'

આશ્ચર્ય સાથે ઓલિવિયાએ થોમસ તરફ પોતાનો ચહેરો ફેરવ્યો. વિમાન લગભગ એરપોર્ટ પહોંચી જ ગયું હતું.

'આભાર, તમે ઘણા ભલા છો. અને, તમારો પ્રસ્તાવ મમતા સભર છે. પરંતુ, હું મારા ખુદનાં પિતા સાથે જ રહેવાનું પસંદ કરીશ.' ઓલિવિયાએ સ્પષ્ટ રશિયન ભાષામાં જવાબ આપ્યો.

એક બમ્પ, ખટાક કરતું, વિમાન સ્થિર ખડું રહ્યું. થોમસને ટાંકણી ભોંકાયા જેવું લાગ્યું. કળ વળતાં ચાર-પાંચ સેકન્ડ લાગી. ઓલિવિયાની આંખોમાં સ્થગિત કાળાશ તે જોઇ શક્યો, સરતી સરકતી એમાં જરીપુરાણી વારસાગત રશિયન કાળી ગૂઢતા હતી. વ્યથા, શરમ, અનિશ્ચિતતા, બચી જવા માટેનાં વલખાં, સઘળું સામે આવી ખડું હતું !

હાળવાળા માર્ગે, એકબીજાની સાથે, જ્યારે તેઓ ટર્મિનલમાંથી બહાર નીકળી રહ્યાં હતાં, ત્યારે થોમસે જે પહેલી વ્યક્તિ જોઇ,

તે એનો જૂનો મિત્ર રિચાર્ડ હતો !

[80, Corona Court, OLD BRIDGE, NJ 08857 - 2854, U.S.A.]

# ૧૯૫૫ની ગરમી

**- હરનિશ જાની**

આ વખતની ઉનાળાની રજાઓમાં સાયકલ ચલાવતા શીખવાનું અમે નક્કી કરી લીધું હતું. અમે એટલે અમારી ગૅન્ગ-અને ગૅન્ગ એટલે ભટ્ટ, વિષ્ણુ, પનિયો અને હું - હરિયો. ભટ્ટ અમારો ગૅન્ગલીડર હતો.

જ્યારે સાયકલનું નામ આવે છે ત્યારે દિલમાં રોમાંચ થાય છે. બાળપણની યાદ આવે છે. આજે અમેરિકામાં એક સફળ ડૉક્ટર છું. મારી પાસે સ્પોર્ટ્સ કાર છે. અમેરિકાના હાઈવે ઉપર દોડાવવાની મઝા આવે છે. પરંતુ એ રોમાંચ ક્યાં છે, એ આનંદ ક્યાં છે, જે ભઈલા ઘાંચીની સાયકલમાં હતો ! ભઈલાની સાયકલની દુકાન હતી. અમે ત્યાંથી સાયકલ ભાડે લેતા એક કલાક માટે. કલાક પૂરો થઈ જશે તો બીજા બે આના ચાર્જ ચઢશે એટલે દર પાંચ મિનિટે પૂછવા આવતા. 'ભઈલા, કેટલો ટાઈમ બાકી છે ?' જ્યારે ભઈલો કહેતો કે 'પાંચ મિનિટ' પછી અમે નક્કી કરતા કે અમારા ગામને ટાવરે તો જવાશે જ. તેટલો સમય મારી સાયકલ પવનવેગી થઇ જતી. ગામના ટાવરનું ચક્કર મારીને પાછાં ફરતાં ટાવર અને ભઈલાની દુકાન વચ્ચેનું અંતર દિલમાં રોમાંચ જગાવતું. સાયકલ જતી રહેશે એનું દિલમાં દુ:ખ, થોડો સમય છે એનો આનંદ અને સમયસર પહોંચી જવાની ચૅલૅન્જ - એ લાગણી મેં આજ સુધી મારી સ્પોર્ટ્સ કારમાં અનુભવી નથી.

બાળપણમાં સમયનો પાઠ ભઈલા ઘાંચી પાસેથી શીખવા મળ્યો. પરંતુ ભઈલા કરતાં એની બાયડી પાસેથી ઘણું શીખવા મળ્યું. શાસ્ત્રોમાં કહ્યું છે કે આદર્શ પત્ની તેને કહેવાય કે જે પતિ માટે કાર્યમાં મંત્રી હોય, ભોજનમાં માતા હોય, સલાહમાં મિત્ર હોય અને શયનખંડમાં રંભા હોય. ભઈલાની બાયડીમાં આ બધા ગુણોની ગરબડ થઈ હતી. ધંધામાં માતાની જેમ માથું મારતી, શયનખંડમાં મિત્રની જેમ વાતો કરતી. સલાહ આપવા લેવાની તો વાત જ નહોતી અને ભોજનમાં રંભા હતી. જ્યારે જુઓ ત્યારે પાન ચાવ્યા કરે. સાડી પહેરવાની બાધા લીધી હતી. એનું નામ મીઠી હતું. અમને લાગતું કે તે ગામ આખા માટે મીઠી હતી અને ભઈલા માટે કડવી હતી.

આઝાદી પછીથી દેશમાં ફૂંકાયેલા ઔદ્યોગિક ક્રાન્તિના પવનનો એક ઝપાટો અમારા ગામને પણ લાગ્યો હતો. ભઈલા ઘાંચીની સાયકલની દુકાન થઈ. બજારમાં એનું ઘર હતું. મોટો ઓટલો હતો. અંદરના ઓરડામાં બાપદાદાના વખતની તેલની ઘાણી પણ હતી. પરંતુ હવે લોકો બજારનું તૈયાર તેલ વાપરતા થઈ ગયા હતા. એટલે ભઈલાએ ઘાણી બળદ કાઢી નાખા હતાં અને ઘાણીની જગ્યાએ સાયકલ મૂકતો હતો. રહેવા જમવાનું ઉપરના માળે હતું. ઉપર જવાનો દાદર બહાર ઓટલા ઉપર હતો.

ગામમાં બીજી સાયકલની દુકાન સનુભાઈએ કાઢી. અને તે પણ ભઈલા ઘાંચીની બરાબર સામેની લાઈનમાં. સામેના ઘરોમાં પણ નીચે દુકાન અને ઉપર રહેઠાણ હતાં. મોટે ભાગે દુકાનદારો જ ત્યાં રહેતા. સનુભાઈ જાતના વાણિયા. તે બહુ રંગીલા માણસ હતા. તે ખાદી પહેરતા હતા. તે જમાનામાં જુવાનો પણ ખાદી પહેરતા. તેમના કપાળે એક ઘા હતો. લોકો એમ માનતા કે આઝાદીની લડતનો ઘા ઝીલ્યો છે. ખરેખર તો કોઈ છોકરીના બાપે ડંડો માર્યો હતો. આ દેશસેવામાં સનુભાઈ પરણવાનું ભૂલી ગયા હતા. સનુભાઈએ ધાર્યું હોત તો કૉંગ્રેસની ટિકિટ પર દિલ્હી પહોંચી શક્યા હોત. પરંતુ અમને થતું કે સનુભાઈની નજર દિલ્હીની ગાદી કરતાં ભઈલા ઘાંચીની બાયડી પર વધુ હતી. નહીં તો આખું ગામ છોડીને ભઈલાના ઘરની સામે જ કેમ તંબુ તાણે ?

મને વિષ્ણુને અને પનિયાને લાગતું કે ભઈલો બિચારો ભોળો છે અને એને આ વાતની ખબર નથી. એક બાજુ અમે સનુભાઈના પ્રેમચરિતની વાતો કરતા હતા, ત્યારે બીજી બાજુ, ભટ્ટ માનતો કે અમને દુનિયાની ખબર નથી. અમે બધાએ સાતમા ધોરણની પરીક્ષા આપી દીધી હતી. જ્યારે ભટ્ટ ત્રણ વર્ષથી સાતમા ધોરણમાં નાપાસ થતો હતો. ભટ્ટના માબાપ મરી ગયા હતા. ભટ્ટ અને તેની સાત વરસની બહેન તેના મોટાકાકાને ત્યાં મોટા થતાં હતાં.

તે દિવસે અમારી ટોળી, સનુભાઈની દુકાનની બાજુમાં આવેલ નમદા ડોશીના ઓટલા પર બેસીને વાતો કરતી હતી. ત્યાં ભટ્ટ આવ્યો. અમારી વાતોમાં જોડાઈ ગયો. એટલામાં મીઠી સામેના ઘરમાથી બહાર દુકાનમાં આવી. તેણે ચણિયો અને બ્લાઊઝ પહેર્યાં હતાં. ભટ્ટ બોલ્યો, 'યાર, આ મીઠી તો ગરમી પેદા કરી દે છે.– એને જોઈને તમને ગરમી નથી લાગતી ? '

અમને ત્રણેયને સાયકલની વાતોમાં ભટ્ટની કૉમેન્ટ ના સમજાઈ. અમે અમારી વાતો ચાલુ રાખી. ભટ્ટની વાત જ અલગ. સ્ત્રી પુરુષો વિષે ચિત્ર વિચિત્ર વાતો કરતો, જેમાં અમને રસ નહોતો એમ પણ બને. કદાચ સમજ નહોતી એટલે પણ રસ ન હોય એમ પણ બને. એટલે ભટ્ટ પોતાની દરેક વાતમાં મીઠું મરચું ભભરાવતો. અમને સનુભાઈની સાયકલો બહુ ગમતી. અમે ભઈલાને એક દિવસે કહ્યું કે તારે ત્યાં તો ખટારા છે...અને નાના છોકરાઓ માટે આખી બે સાયકલ છે. જ્યારે સનુભાઈ પાસે પાંચ છે...." વિષ્ણુ કહે, 'અમને તો સનુભાઈની લાલભૂરી સાયકલો ગમે છે.' ભઈલો ગંભીર થઈ ગયો. ખુરશીમાં બેસી પડ્યો અને બીડી સળગાવી. કોઈ વિચારણામાં ડૂબી ગયો. અમે ભઈલાની દુકાન નીચે ઊભા હતા અને ઉપરથી મીઠી દુકાનમાં આવી. મેં જોયું તો સનુભાઈની ઉપરની બારી બંધ થઈ અને સનુભાઈની દુકાન ખૂલી. મીઠીએ સાયકલો પાસેના ખૂણામાં આવેલા નળ પાસે ઊભાં ઊભાં નહાવાનું ચાલુ કર્યું.

સનુભાઈ પોતાની દુકાનમાંથી ખુરશીમાં બેઠા બેઠા ફાટી આંખે તેને જોતા હતા. અમે સાયકલો મૂકી તેનો ટાઈમ પણ સનુભાઈએ ચૅક ના કર્યો. મીઠી નહાવાનું પતાવીને સીધી ઉપર જતી રહી. ઉપરની બારી ખૂલી. સનુભાઈએ અમને કાઢી મૂક્યા. અને દુકાન બંધ કરી દીધી. અને ઉપર જતા રહ્યા. તેમની બારી ખૂલી. ભટ્ટે અમને કહ્યું, 'જોયું ? સનુભાઈને ગરમી ચડી. '

આ દરમિયાન બે ચાર ગામડિયા ત્યાં સાયકલ માટે આવ્યા. તેમણે ભઈલાની સાયકલો ભાડે લીધી. અને જતા રહ્યા. બે કલાક પછી મીઠી નીચે આવી. ત્યારે સનુભાઈની ઉપરની બારી બંધ થઈ અને દુકાન ઊઘડી. પછી તો જાણે કે એ ક્રમ થઈ ગયો. મીઠીની બારી ખૂલે. સનુભાઈની દુકાન બંધ થાય અને બારી ખૂલે. અમે ગમે તેટલા ફાંફાં મારીએ તો ય ઉપલી બારી સિવાય કાંઈ દેખાય ના. અને સમજાય ના !

ભટ્ટ કહે, 'ચાલો, સાયકલો લઈ લો. તમને ગરમી લાગે તેવી જગ્યાએ લઈ જાઉં'". અમે સાયકલો ભાડે લીધી. તે અમને ગામના એક માત્ર થિયેટર પર લઈ આવ્યો. ત્યાં 'મિસ્ટર ઍન્ડ મિસિસ ૫૫' પિક્ચર ચાલતું હતું. બહાર ચાલુ ખેલના ફોટા ચોંટાડ્યા હતા. ભટ્ટ કહે, 'બધા મધુબાલાનો ફોટો જુઓ. ' અમે ઊંચે નજર કરી. 'તમને જોવાનું ગમે છે કે નહીં ?' અમે ત્રણે ધ્યાનથી પોસ્ટર જોયું. 'કેમ ગરમી થાય છે ને ?' અમે ત્રણે જણાએ એકમએક સામે જોયું. 'મધુબાલા કેવી લાગે છે ?' વિષ્ણુ કહે, 'એક સવાલ પૂછું ? આ મધુબાલાનું બ્લાઉઝ અણીવાળું કેમ છે ?' ભટ્ટ કહે, 'ફિલમની ઍક્ટ્રેસોએ તો લોખંડની અણીવાળા બ્લાઉઝ પહેરવા પડે.' પનિયો કહે, 'મહારાણા પ્રતાપના બખ્તરની જેમ ?' ભટ્ટ કહે, 'મને નથી લાગતું કે તમને લોકોને આ જનમમાં કાંઈ સમજ પડે !'

બીજે દિવસે અમે પાછા નમદાડોશીના ઓટલે મળ્યા. સનુભાઈને ત્યાંથી સાયકલો લીધી. અને ભટ્ટની પાછળ પાછળ દોડાવી. ભટ્ટ અમને નદી પર આવેલા મહાદેવના મંદિર પર લાવ્યો. અમે સાયકલો મંદિરના પીપળા પાસે ટેકવી દીધી. અમે શંકર ભગવાનને પગે લાગવા જતા હતા. ત્યારે ભટ્ટ બોલ્યો, 'આપણે અહીં પૂજા કરવા નથી આવ્યા.' મંદિરની બાજુના ભાગમાં તે અમને લઈ ગયો. અને ત્યાં બે આરસપહાણની અપ્સરાઓની મૂર્તિઓ હતી. 'આ મૂર્તિઓ જુઓ અને એને અડકો...' એક મૂર્તિ ઉપર તડકો પડતો હતો. ભટ્ટે વિષ્ણુને કહ્યું કે, 'ત્યાં ન અડકતો. નહીં તો ગરમી થશે.' મને કહે , 'આ મૂર્તિના આખા શરીરે હાથ ફેરવ.' મેં તેમ કર્યું. ભટ્ટ કહે, 'કંઈ અસર થઇ ?' મેં ના કહી. વિષ્ણુ કહે, 'ભટ્ટ, તારું મગજ ખસી ગયું છે. તારી વાતો અમને સમજાતી નથી.' અમારાથી ત્રણ વરસ મોટો ભટ્ટ બોલ્યો, 'તમે હજુ બાળકો છો.'

ભટ્ટ કહે કે, 'આ મૂર્તિ પર હાથ ફેરવીએ અને મીઠી પર હાથ ફેરવ્યા બરોબર છે.' મને તો ભટ્ટ ગાંડો લાગ્યો.

અમે સનુભાઈની દુકાને પાછા આવ્યા. જોયું તો મીઠી નહાતી હતી. સનુભાઈ જોતા હતા. અમે સાયકલો મૂકી દીધી. હજુ તો સવારના અગિયાર થયા હતા. અને સનુભાઈ દુકાન બંધ કરી ઉપર જતા રહ્યા. ભટ્ટે અમને કહ્યું, 'આનું નામ તે ગરમી.' આ દરમિયાન ભઈલાની ચાર-પાંચ સાયકલો ભાડે જતી રહી અને આ ક્રમ ચાલુ રહ્યો.

તે સાંજે અમે જોયું કે મીઠી તૈયાર થઈને ક્યાંક બહાર જતી હતી. સનુભાઈની દુકાન બંધ થઈ. અને સનુભાઈ સાયકલ પર મીઠી જે બાજુ ગઈ હતી તે બાજુ ગયા. ભઈલો તો બાઘાની જેમ બેસી રહ્યો હતો. પનિયો કહે કે, 'આપણે આ ભઈલાને મીઠી અને સનુભાઈની રમતની વાત કરવી જોઈએ.' ભટ્ટે અમને કહ્યું, તમે છાનામાના મૂંગા રહો. આ તમારો વિષય નથી.'

બીજે દિવસે ચમત્કાર થયો. પાંચે પાંચ નાની સાયકલો સનુભાઈની દુકાનમાંથી ભઈલાની દુકાનમાં આવી ગઈ. ભઈલાએ અમને કહ્યું કે, 'હવેથી તમારે અહીં આવી જવાનું.' ભટ્ટ કહે, ' સનુભાઈને પૂછતા નહીં. એમને ગરમી ચડી છે.' પનિયો કહેતો હતો કે, 'ગરમી તો ભઈલાની બાઈડીને ચડી છે. તે રોજ બપોરે બહાર નહાય છે'. લગભગ મહિનો થયો હશે. અને અમે જોયું કે સનુભાઈની બાર સાયકલોમાંથી પાંચ મોટી સાયકલો ભઈલાની દુકાનમાં આવી ગઈ.

ભટ્ટ રોજ અમને ગરમીના પાઠ શીખવાડવા પ્રયત્ન કરતો. અમને ગરમી ચડતી નહોતી. અમને ભઈલા ઘાંચીની દયા આવતી. ભટ્ટે ભવિષ્યવાણી ઉચ્ચારી કે,'મીઠી ભઈલાને છોડીને સનુભાઈના ઘરમાં બેસશે. મીઠી ભઈલાની પીઠ પાછળ ઘા કરશે.' એવું કાંઈ બને તે પહેલાં એક સવારે અમે જોયું તો સનુભાઈની દુકાન બંધ થઈ ગઈ. બધી સાયકલો ભઈલાની દુકાનમાં આવી ગઈ હતી.

ઉનાળો પૂરો થવા આવ્યો હતો. લોકો વરસાદની રાહ જોતાં હતાં. અમારું પરીક્ષાનું પરિણામ બહાર પડી ગયું. હું વિષ્ણુ ને પનિયો સાતમા ધોરણમાંથી આઠમામાં ગયા. ભટ્ટ ચોથી વાર સાતમામાં નાપાસ થયો. ત્યાર પછી મીઠીને બહાર નહાતાં કોઈએ જોઈ નથી. તે સાડી પહેરતી થઈ. ભઈલાએ બીડી છોડી દીધી હતી. અને 'ચાર મિનાર' પીતો થયો. અને ત્રીસ વરસ પછી ભઈલો ઘાંચી હરીફોને મહાત કરવા માટે એમના છૂપા શસ્ત્રનો ઉપયોગ કરી ગુજરાત સ્ટેઈટમાં મિનિસ્ટર થયો છે. સનુભાઈ બંગડીઓના બિઝનેસમાં પડ્યા અને ગુજરાતનું પહેલું બ્યૂટી પાર્લર ચાલુ કરવા બદલ નામના મેળવી છે.

વિષ્ણુ જીવનનો આનંદ માણવા ભગવાન રજનીશના આશ્રમમાં પૂનામાં રહે છે. પરણવું નથી અને બહાર આવવાનું નામ લેતો નથી. પનિયો સંગીત શિક્ષક બન્યો અને નવરાત્રીમાં છોકરીઓને ગરબા ગવડાવેછે.

મેં અમેરિકામાં પ્લાસ્ટિક સર્જન તરીકે બ્રેસ્ટ એન્હાન્સમેન્ટ માટે સારું એવું નામ કાઢ્યું છે!

અમારા ગામમાં એક ગાંડો મંદિરોની આજુબાજુ 'ગરમી લાગે છે, ગરમી લાગે છે'ની બૂમો પાડે છે. અને ભટક્યા કરે છે.

કહેવાય છે કે ૧૯૫૫ જેવી ગરમી આજ સુધી પડી નથી.

[4 Pleasant Drive, YARDVILLE, NJ 08620, U.S.A.]

(૧)

# સુભાષિતનો કયો ભાગ સાચો ?

★ વિનય કવિ

દાક્તર ઈન્જેક્શન આપીને થોડી વાર પહેલાં ગયા છે. ઘરડાંઘરના કમરામાં લીલીબા તંદ્રાવસ્થામાં છે. બંધ આંખોના જાગૃત પડદા પર અત્યાર સુધીમાં વીતેલાં જીવનનાં દૃશ્યો એક પછી એક ઉપસી રહ્યાં છે; બચપણ, કિશોરાવસ્થા, યૌવન, લગ્ન, બાળકો, વૃધ્ધાવસ્થા, બીમારી, આ ઘરડાંઘરનાં રહેવાસીઓ.

ક્યાંક કોઈ સમયે કોઈની દીવાલ પર એક તકતી લટકતી જોઈ હતી; ઝાંખા પીળા લાકડા પર કાળા અક્ષરો હતા. ઘર ધણીએ જણાવ્યું હતું કે એ એક સુભાષિત હતું. એને સુભાષિત કહેવાય ? કોણ જાણે. પહેલી લીટી કઈ, એ યાદ નથી આવતું; શબ્દો પણ આઘાપાછા થઈ ગયા છે. સંસારમાં અને ખાસ કરીને લગ્નજીવનમાં સ્ત્રીનાં સ્થાન વિષે કોઈ મુનિવરે, કહે છે, હજારો વરસો પૂર્વે, આ સૂત્ર આપ્યું હતું.

લીલીબાને મનોમન પ્રશ્ન થયો : પુરુષો વિષે કોઈ સુભાષિત હશે ? હશે તો ખરું; પણ કદી જોયાનું કે વાંચ્યાંનું યાદ નથી આવતું.

પેલા શુભાષિતના શબ્દો દૃષ્ટિ સમક્ષ ગોળગોળ ભમી રહ્યા છે : 'ભોજ્યેષુ માતા, શયનેષુ રંભા, કાર્યેષુ મંત્રી, ચરણેષુ દાસી.' આમાં પહેલું કયું હશે ? બીજા નંબરે શું આવે ? ત્રીજું શું હોઈ શકે ? અને છેલ્લે ? કોઈ અનુક્રમ હોવો તો જોઈએ; પણ મારે શું કામ છે એનું ?

લીલીબાના અર્ધ જાગૃત, અર્ધ સુષુપ્ત મગજે ભોજ્યેષુ માતા પસંદ કર્યું. માનવ શરીરનાં પોષણ અર્થે અન્ન આવશ્યક છે અને મારી બાએ નાનપણથી મને રાંધતાં શીખવાડ્યું હતું. સાસરામાં પણ મારી રસોઈ વખણાઈ હતી; બધાં નહોતાં કહેતાં કે લીલીના હાથમાં જ સ્વાદ ભર્યો છે ! પાસપડોશમાં ખાસ પ્રસંગે અવનવી વાનગીઓ બનાવવાની હોય ત્યારે મને અચૂક બોલાવતાં.

સુભાષિતના બીજા શબ્દો સામે આવી નાચવા મંડ્યા ત્યારે લીલીબા આછું મલકીને શરમાઈ ગયાં : શયનેષુ રંભા. કેટલી રૂપાળી હતી હું ! અને મારા 'એ' તો મને બાથમાં લઈ કહેતા કે તું તો મારી પરી છો, પરી. ભરપૂર શરીરસુખ દીધું હતું અને માણ્યું હતું. બળ્યું એ બધું આજ ફરી જોઉં છું અને લાજી મરું છું; પણ બહુ સારું લાગે છે, સુંદર લાગે છે, જાણે વહાલપની ઓઢણી ન ઓઢી હોય !

પેલા સુભાષિતોના બચેલા બે શબ્દખંડો લીલીબાનું ધ્યાન ખેંચવા પડાપડી કરવા લાગ્યા. એક આગળ આવે તો બીજો એને ખેંચીને પાછળ ધકેલે; આ ધમાચકડીમાં પણ થોડી રમૂજ હતી. આખરે એક શબ્દખંડ છેક પાસે ધસી આવ્યો; પણ એની પાછળ પ્રશ્નાર્થ ચિહ્ન કાં ? - 'કાર્યેષુ મંત્રી ?'

પિયરમાં કે સાસરામાં એમનું સ્થાન 'મંત્રી'નું હતું ? માબાપને ત્યાં એ સોળની વય સુધી હતાં, એટલે 'નાની, છોકરિયાત' ગણી એમને પૂછવાનું કે પૂછીને કશું કરવાની વાત જ ક્યાં હતી અ એમનાં ઉછેરનું, ભણતરનું, વિવાહનું, બધું જ માતાપિતાએ નક્કી કર્યું હતું; દીકરીને શું ગમે છે એ જાણવાની એમણે કદી દરકાર નહોતી કરી.

પરણીને સાસરે આવ્યા પછી કંઈ ફેર પડ્યો હતો ? ઘરનો, કામધંધાનો બધો વહીવટ સાસુસસરાના હાથમાં હતો. એમના દેવલોક પામ્યા પછી સઘળો કારભાર પતિએ સંભાળ્યો હતો. ઘરમાં શું રાચરચીલું લાવવું ત્યાંથી માંડીને સંતાનોનાં શિક્ષણ તેમ જ લગ્ન જેવી બાબતોમાં એમનાં સલાહસૂચન કદી માગવામાં નહોતાં આવ્યાં. પતિએ જ એમની મરજી પ્રમાણે બધાં કાર્યો કર્યાં હતાં. હા, એમણે મને પ્યાર કર્યો હતો, પણ એક 'મંત્રી'નો મોભો નહોતો આપ્યો.

હવે છેલ્લો શબ્દખંડ ગગનભેદી સ્વરે પોકારતો હતો 'ચરણેષુ દાસી'. 'તું દાસી હતી, તું આજીવન દાસી રહી; પહેલાં માબાપની, ભાઈબહેનની; પછી પતિની, સાસુસસરાની, નણંદ-દિયરની; અને છેવટે દીકરાઓની, એમની વહુઓની.'

લીલીબાના અવાચક મને પડઘો પાડ્યો : 'હા, ખરી વાત છે; માન્યામાં ન આવે, પણ અબાધિત સત્ય છે. ઢસરડો કરવા જ તો જન્મ લીધો હતો. આખી જિંદગી બીજાંઓની ગધ્ધામજૂરી કરવામાં જ તો વીતાવી છે. બધાએ તારી પાસે ચાકરી કરાવી છે, કોઈએ તારી સેવા નથી કરી. આજ તું ઘરડી થઈ છો, રોગગ્રસ્ત છે, એટલે તો અહીં ઘરડાંઘરમાં નાંખી છે તને !'

..... અને મનના પદડા પર, 'ભોજ્યેષુ માતા' પર લીંપણ થતું હતું; 'શયનેષુ રંભા' ઝંખવાતું હતું; 'કાર્યેષુ મંત્રી' અટ્ટહાસ્ય કરતું હતું અને 'ચરણેષુ દાસી' દૂર જતું હતું, પાસે આવતું હતું, વળી દૂર જતું હતું, ફરી પાસે આવતું હતું. સુભાષિતનો એ ભાગ જ જાણે સનાતન સત્ય હોય !

[15 Braemar Close, Rushey Mead, LEICETSER LE4 7PL, U.K.]

•

(૨)

# માળેથી ઊડે તે પંખી

★ ફારૂક ઘાંચી 'બાબુલ'

એ બધાં જ્વાળામુખીની ટોચે બેઠાં છે એની એમને ખબર નથી. કઈ ઘડીએ જ્વાળામુખી ફાટશે અને શું થશે એની પાર્શ્વઅસરો એનાથી તદ્દન વિમુખ છે એ લોકો. હા, એ ધનંજય શાહનું ઘર છે જ્યાં લાવારસ ધગધગે છે - એની દીવાલોની ઈંટોમાં, એનાં બારી બારણામાં, ફર્નિચરમાં, એમાં વસતી પ્રત્યેક સજીવ હસ્તિમાં. અને છતાં સહુ સભાનપણે અજાણ છે એનાથી.

એ ઘરમાં રહેતા ધનંજય બહાર દેખાતા નથી અને બહાર જે મિસ્ટર શાહ જીવે છે એ ઘરના ઉંબરે આવી ઘરેલુ ધનંજય બની જાય છે - ધની. જે જાગીરદાર છે આ ઈમારતના, એમાંની પ્રત્યેક ચીજના ધણી. એમનું આધિપત્ય સતત આ ઘરમાં ઘુરકિયા કર્યા કરે છે. અને એ અવાજોમાં ગુંગળાયા કરે છે એમની પત્ની - મનોરમા - મની ! જ્યારે પ્રેમ કરે છે પોતાની પત્નીને ત્યારે મિસ્ટર શાહ મની કહે છે એને. એમના અને મનીના પ્રેમની કેટલીક ક્ષણો પોરસ અને શ્વેતા થઈ ઘરમાં ઊતરી આવી છે : ચિરંજીવ થઈને. પોરસ મિસ્ટર શાહનો પુત્ર છે એટલે એ સ્કૂલના પોરસને ઘરે લાવતો નથી, કદી નહીં. શ્વેતા માટે એવું કહી શકાય નહીં. એની દુનિયા બધાં કરતાં જુદી છે. ઘર અને યુનિવર્સિટીના વિચારો અને ખયાલો એણે ક્યારે ય ચર્ચ્યા નથી. ધનંજય કહે છે તેમ એને સમજવી મુશ્કેલ છે !

પાનખરની શરૂઆતથી જ જાણે ઘરનું વાતાવરણ બોઝિલ થઈ ગયું છે. મિસ્ટર શાહના કેટલાક બિઝનેસ પ્લાન્ટ્સ માર ખાઈ ગયાં અને પરિણામે એમની આવકમાં સારો એવો ફટકો પડવાના અણસાર હતા. એની અસર

મિસ્ટર શાહના સંવેદનશીલ (એઓ કહે છે એવા) માનસ પર પડી હતી. સ્વાભાવિક રીતે એનો પડઘો એમના આધિપત્ય હેઠળની તમામ પ્રવૃત્તિઓ પર પડ્યો જ. ઘરમાં એના પરોક્ષ ઉતરામણાં ગઈકાલે થયાં.

શ્વેતા છેવટે લીડ્સ યુનિવર્સિટીમાં જ જોડાઈ હતી, ધનંજય શાહને કારણે. આમ તો એને બ્રિસ્ટલ કે બર્મિંગમની ઈચ્છા હતી. પણ ધનંજય શાહનો આગ્રહ એવો ખરો કે શ્વેતા ઘર આંગણે જ રહે તો 'ખરાબ' સંસ્કારોથી બચે. ધની શાહનું આ ગણિત શ્વેતાએ છેવટે સ્વીકાર્યું હતું - જેમ એ નાનપણથી સ્વીકારતી આવી હતી. પણ આ ગઈકાલની વાત નહોતી.

ગઈ કાલે મિસ્ટર શાહ ઘરે વહેલા આવી ગયા હતા; કદાચ એકાદ મિટિંગ રદ્દ થઈ હતી. લીડ્સના રીંગ રોડ ઉપરથી જ એમની ચારે બાજુ ધુમ્મસ છવાયેલું રહ્યું હતું. દૃષ્ટિ જાણે ધૂંધળી થઈ ગઈ હતી. એમાં ય આગળની કારની પ્રજ્વલિત ફૉગ-લાઈટ વાતાવરણને વધુ વિહ્વળ બનાવતી હતી. આ સમયે સામાન્યતઃ હળવો ટ્રાફિક હોય છતાં ઘરે પહોંચતાં મિસ્ટર શાહને લાંબો સમય લાગ્યો. થોડા ખિન્ન, ગમગીન પણ વધુ તો ધુંધવાયેલા મિસ્ટર શાહે જાતે બારણું ખોલવાને બદલે સતત ડૉરબેલ વગાડ્યા કરી. મનોરમાને બારણું ખોલતાં થડકારો થઈ આવ્યો, ક્યાંક કશુંક અણધાર્યું ના બની જાય!

સોફામાં ફસડાયેલ ધનંજય મોજાં ઊતારી રહ્યો હતો, ત્યાં ફરી ડૉરબેલ વાગી. મનોરમા કિચનમાં પાણી લેવા ગઈ હતી. ફરી વાર ડૉરબેલ વાગી તો ધનંજય અકળાઈને બારણે પહોંચ્યો. એમનાં ચશ્માંના કાચની પેલી તરફ શ્વેતા ઊભી હતી.

'ક્યાં હતી અત્યાર સુધી ?' દિવસ ભરનો થાક, કંટાળો એ ચાર શબ્દોમાં ભારોભાર ભરેલો હતો. અને જ્યારે શ્વેતાએ જવાબ ન આપ્યો, ત્યારે એ લાગણીઓ ગુસ્સામાં બદલાઈ ગઈ.

'મેં પૂછ્યું, એ સાંભળ્યું નહીં ? આજે તો 'ડે ઑફ' હતો ને તો ક્યાંથી આવે છે, અત્યારે તું ?'

શ્વેતા એમની બાજુમાં થઈને ઘરમાં ચાલી આવી. ધનંજય શાહને માટે ગુસ્સો સંભાળવાનું અશક્ય થઈ ગયું ... ... 'મની ... !'

પાણી લઈને આવતી મનોરમા ચમકીને અટકી ગઈ.

'તારી લાડકીને આ બધી છૂટછાટ કોણે આપી છે ? કોણે ? હું પૂછું છું એનો જવાબ ન આપવાની ઉધ્ધતાઈ એનામાં આવી છે ક્યાંથી ?' બારણેથી ડ્રોઈંગરૂમમાં આવતા સુધીમાં ધનંજય હાંફી ગયો. મનોરમાના હાથમાંથી ગ્લાસ લેતાં પાણી છલકાયું ...

'તું ચૂપ કેમ છે ? શ્વેતા ક્યારથી બહાર એકલી જાય છે ? અને કેમ ? આજે હું ઘરમાં ન હોત તો હજુ સુધી હું અજાણ રહ્યો હોત કે ઘરમાં મારી પાછળ શું રંધાઈ રહ્યું છે.'

... '... ધનંજય.' મનોરમા કંઈક કહેવા પ્રયત્ન કરતી હતી.

'મારે તને નથી સાંભળવી. એ ક્યાં ઘુસી ગઈ છે ? ... બોલાવ એને. હું એનાથી જ વાત કરી લઈશ.' ધનીને મનીનાં બયાનની જરૂર જ નહોતી જાણે.

'હું અહીં જ છું, ડેડી. પૂછો, શું પૂછો છો ?' શ્વેતા ભીંજાયેલાં વસ્ત્રો બદલીને આવી હતી, એ ધનંજયની નજરે ચઢ્યું. સ્વસ્થ દેખાવાનો એનો પ્રયત્ન આમ તો વ્યવસ્થિત હતો, પણ થોડોક ભય એની આંખોમાં પ્રસરેલો હતો. એનાં અઢારમે વરસે એના ડેડી એને કાંઈક પૂછવા માગતા હતા. 'શ્વેતા ... ! ... ', શક્ય એટલા અવાજથી વાત કરવાનું ધનંજયને મન થયું. પરંતુ ધીમે ધીમે એમાં જાગીરદારી પ્રભાવ ઘેરો બનતો ગયો.

'તું જાણે છે કે મારી ઈચ્છા અને પ્રયત્ન રહ્યાં છે કે તું સારામાં સારી ડિગ્રી મેળવે, જે અલબત્ત તારા માટે જ છે. પણ એનો અર્થ એ નથી કે તું યુનિવર્સિટીનાં - સ્ટડીનાં બહાના હેઠળ ઘર બહાર રહે.'

'... પણ, ડેડી !'

'સાંભળી લે પહેલાં, પછી, તું કહેજે ... ' સહેજ મોટા અવાજે ધનંજય શાહનો સામંત ગર્જ્યો. 'ઘરને ઘર બનાવવા માટે કેટલાક નિયમો હોય છે. અને આ નિયમો, સિધ્ધાન્તો, નીતિઓ પર ઘર ચાલે છે. તું જાણે જ છે આપણા ઘર માટે તે શું છે ... મેં ક્યારે ય કોઈને કોઈ રીતે દબાણમાં લાવ્યા નથી. ઘરમાં બધાંને છૂટછાટ છે, પણ એક મર્યાદામાં રહીને. બધાં individual હોવા છતાં એકબીજાં સાથે સંકળાયેલાં છીએ. અને એથી ઘરમાં ઘરની રીતે રહેવાનું છે.' ધનંજય શ્વાસ લેવા થોડું અટક્યો. એણે ચશ્માં ઊતારી કૉફી-ટેબલ પર મૂક્યાં. શ્વેતા ઊંડો શ્વાસ લઈ આંખે હાથ મૂકી બેઠેલા ધનંજયની સામેના સોફામાં ઉભડક બેઠી. મનોરમા ધનંજયની પાછળ એક વિમાસણ શી ઊભી હતી. એના હૃદયમાં અજ્ઞાત લાગણીઓ ઘમાસાણ મચાવી રહી હતી.

'ડેડી' ... પ્રભાકરે આંખો ખોલી અસ્પષ્ટ શ્વેતા સામે જોયું. શ્વેતાની નજર ધનંજયની આરપાર થઈ મની ઉપર જડાયેલી હતી.

'ડેડી, મેં ક્યારે ય તમારી સામે વાત કરવાની હિંમત કરી નહોતી. એટલે કદાચ આજે તમને આશ્ચર્ય થશે કે આ છોકરી આટલું બોલી પણ શકે છે ? માફ કરજો, ડેડી, પણ તમે મને એ કહેશો કે મેં આ ઘરમાં રહીને ઘરની કઈ મર્યાદાને તોડી છે ? શું કર્યું છે એવું કે ધનંજય શાહ ગરજી ગરજીને કહે છે, મારા ઘરના નિયમો ... ... '

'ચૂપ કર, શ્વેતા,' મનોરમા ઝડપથી આવી એની પાસે બેસી ગઈ. 'મન ફાવે એમ બોલવા લાગી છે. વિચારીને તો બોલ, ... તારા ડેડી થાકીને આવ્યા છે. એમને આરામ કરવા દે.' ધનંજયનો ચહેરો તગતગવા માંડ્યો હતો. એના કાનમાં લોહી ઝડપથી લાલાશ પાથરી રહ્યું હતું.

'તને એક વાર કહ્યું, મની, કે તું મને શ્વેતાથી વાત કરી લેવા દે. વચ્ચે બોલબોલ ના કર ... અને, હા, દીકરી, તને ખબર નથી કે તેં કઈ મર્યાદા તોડી છે ? તેં ઘર બહાર રહેવાનું શીખી લીધું છે. કદાચ પ્રેમ કરવાનું પણ. અને એ જાણવા છતાં કે તારા આ ડેડીને એ નાપસંદ છે. અને વધુ દુઃખદ તો એ છે કે એ બધું જાણવા છતાં એ અંગે તેં મને કાંઈ જ જણાવ્યું નથી !' મિસ્ટર શાહના શબ્દો ધીમે ધીમે ઉગ્ર થતા જતા હતા. એમના દરેક વાક્યે એમના કપાળમાંની રેખાઓ પાસું બદલ્યા કરતી હતી. ખેંચાયેલી ભમરોના ભારથી જાણે આંખો લાલ થવા લાગી હતી. 'તને આપેલી છૂટનું આ પરિણામ મેં ક્યારે ય કલ્પ્યું નહોતું.'

'ડેડી, પહેલાં કેટલીક ગેરસમજ દૂર કરી લઈએ આપણે.' શ્વેતા બિલકુલ formal થઈ ગઈ હતી એની વાતમાં. 'હું પણ હમણાં ઘરે આવી એ તમે જોયું અને એટલે તમારો ગુસ્સો ભડકી ઊઠ્યો. ... મને ગમ્યું કેમ કે તમે ઘેર હાજર હતા ! એ કદાચ સ્વાભાવિક છે તમારા માટે, પણ હું બહાર કેમ હતી તે જાણવાની દરકાર રાખશો ? ... જે હોય તે, પણ મારે યુનિવર્સિટીના કોર્સવર્કમાં કલચરલ ડાયવરસિટીસ પર પ્રોજેક્ટ તૈયાર કરવાનો છે એ માટે થઈને આપણા કમ્યુનિટી સેન્ટર પર ગઈ હતી.' શ્વેતાની આંખમાં ઝાકળ બંધાવા લાગી હતી.

મિસ્ટર શાહને થોડો આંચકો લાગ્યો. કેમ કે એમણે માનેલું એનાથી

વિપરિત પરિસ્થિતિ નીકળી હતી.

'અને, હા, ડેડી, હવે વાત, તમને કેમ ના કહ્યું એની. તમને ઘરની બહારની દુનિયામાં એક ઉપજાવી કાઢેલી - ખોટી ઈમેજમાં જીવવાનું પસંદ છે. લિબરલ આઈડિયોલોજીમાં છાતી ઠોકી શ્રધ્ધા વ્યક્ત કરો છો તમે ... પણ ઘરમાં કદી ય એ વિચારસરણી અમલમાં મૂકી છે ખરી ? ડેડી ડિયર, તમે સ્ત્રીસ્વાતંત્ર્યની, સ્ત્રી હકોની, સમાનતાની ચર્ચાઓ, પરિચર્ચાઓ કર્યા કરો છો, બહાર, મિત્રોના ઘરે, પાર્ટીઓમાં. - અને પછી ઘરમાં આવી કાંઈક જુદી જ અપેક્ષા રાખો છો. શું કામ ?' શ્વેતાની આંખનાં ઝાકળ હવે જાણે કે હેલીમાં બદલાઈ ગઈ હતી.

મનોરમાં એને હઘાઈને જોઈ રહી હતી. મોટેથી થતા વાર્તાલાપથી જાગીને આવેલો પોરસ પણ શ્વેતાના આવેગભર્યા શબ્દોથી દિગ્મૂઢ થઈ ઊભો હતો. ધનંજય શાહ ગુસ્સાથી સમસમી રહ્યા હતા. એમની આજ સુધીની એકચક્રી - એક તરફી જિંદગીમાં ક્યારે ય એમણે આવું - આટલું - સાંભળ્યું જ નહોતું.

'આ ઘરમાં ફક્ત તમને જ ઈચ્છા રાખવાનો હક છે, ડેડી. બીજાં બધાંની ઈચ્છાઓ, આકાંક્ષાઓ અંગે કદી તમે વિચાર્યું છે ખરું ? તમે તમારી જાતને પૂછી જૂઓ કે તમે તમારી પત્નીને પણ પત્ની તરીકે ગણી છે ખરી ? તમારી ઑફિસની સેક્રેટરી અને મમ્મી વચ્ચેનો ફેર તમે ભૂલી ગયા છો. કદાચ સેક્રેટરીની વાત તો તમે સાંભળતા પણ હશો; મમ્મીને સાંભળી છે ખરી ? હજુ હમણાં જ એને મારી હાજરીમાં તમે ઊતારી પાડી - 'વચ્ચે બોલબોલ ના કર' - કહીને ... તો પછી, મારે તો એવી આશા રાખી જ ન શકાય કે તમે મને આગવું અસ્તિત્વ બક્ષો. ... '

ધનંજયે કૉફી ટેબલ પરથી ચશ્માં ઉઠાવી આંખે લગાવ્યાં. અત્યાર સુધી જે બધું ઝાંખું લાગતું હતું તે સ્પષ્ટ દેખાવા લાગ્યું. મિસ્ટર શાહને થયું કે એમના ઘરમાંના વર્ચસ્વને ગળે ટૂંપો દેવાઈ રહ્યો હતો. અશક્ય !

'બહુ બોલી, શ્વેતા, તું. અને મેં ચુપચાપ સાંભળ્યું ... જાણે છે કે હું થાકેલો છું, ઉશ્કેરાયેલો છું ... તો શું કામ ગુસ્સે કરે છે મને ? તને અઢાર વરસ સુધી ઉછેરી, મોટી કરી તને - તારી દરેક જરૂરિયાત પૂરી પાડી છતાં, છતાં આજે તું મને કહે છે કે મેં તને શ્વેતા તરીકે, **as an individual** સ્વીકારી નથી ?'

શ્વેતા કોઈ અજ્ઞાત શક્તિના ઓછાયા તળે હતી. ... 'શું કામ મારી પાસે બોલાવો છો, ડેડી ? ... જ્યાં સુધી આ બધી લાગણીઓ અંદર રહે ત્યાં સુધી સારું. ... એટલા માટે કે એનાથી જે કાંઈ પણ દુઃખ થાય એ એકલાએ જ સહેવું પડે; અને જ્યારે બધું બહાર આવે ત્યારે જ્વાળામુખી ફાટે એમ બધાંને સહેવું પડે. ... ડેડી, ખરું કહું ? તમે મને ઉછેરી એ સ્વાભાવિક છે. પ્રાણી માત્ર પોતાના સંતાનને પાળે પોષે છે. એક વાર પંખીનું બચ્ચું ઊડતાં શીખે પછી એના માબાપ એની પર પાંખો નથી ઢાંકી રાખતા કે એ ઊડી ના શકે. એ તો બચ્ચાંને ઊડતાં શીખવી મુક્ત કરી દે છે. ... અને તમે પણ મને ઘણી બધી છૂટ આપી છે, નિયમોને આધીન ! ડેડી તમારા એ નિયમોએ, તમે મને પૂરી પાડેલી જરૂરિયાતોએ મને એક ચીજથી વંચિત રાખી છે ... પ્રેમ - જે એક બાપ એની દીકરીને આપે છે, જીવનભર ! .... ... **I badly miss that !'**

ધનંજય શાહનો ગુસ્સો કાબૂ બહાર થવામાં હતો. એમની દીકરી એમને જિંદગીનું ગણિત શીખવતી હતી ! એમની ભૂલો ચીંધતી હતી ! ધની શાહનાં રૂંવે રૂંવે ગુસ્સો પ્રસરી ચૂક્યો હતો. એ શ્વેતાની પાસે પહોંચી ગયા હતા. પોરસે જોયું કે ડેડીએ શ્વેતાનો હાથ ખેંચી એને ઊભી કરી હતી. શ્વેતાએ એની આંખમાં સળગતા ગુસ્સાની ગરમી મહેસૂસ કરી. એના હતપ્રભ કાનમાં એક અપરિચિત અવાજ અથડાયો અને બીજી ક્ષણે એના ગાલમાં તમતમતી ગરમી પ્રસરી. કદાચ એના દર્દથી શ્વેતા રડી પડી, જોરથી. એનો ચહેરો બે હાથમાં છુપાયેલો હતો. મનમાં તિરસ્કાર છેવટે પ્રવેશી ગયો હતો, કદાચ દુઃખનું મારણ હશે.

'... ડેડી, તમે ... !' એના ગળામાં ડૂસકું અટવાઈ ગયું હતું. ... રડતાં રડતાં એ બોલી ગઈ ... 'અરે, હું તો ભૂલી ગઈ હતી. સાવ જ. મને થતું હતું કે જિંદગીમાં કાંઈક ખૂટે છે, આજે મળી ગયું, મને ! ... મમ્મી, મમ્મી જો, ... મને પ્રેમનું પૂછતા હતા ને, ડેડી ? ... કોને પ્રેમ કરું છું ? . તમે ડેડી ... એક પુરુષ તરીકે અમારી સાથે એવી રીતે વર્ત્યા છો કે ... જવા દો. ઘરની બધી સત્તા તમે ભોગવી છે. ... એમાં ક્યાં કોઈ ભાગીદાર છે ? = શું કામ ?' ડૂસકાં ભરતી શ્વેતા એના રૂમમાં દોડી ગઈ. બંધ બારણા પાછળ પથારીમાં એ ઓશીકામાં માથું સંતાડી રડતી રહી. ...

બહાર ધુમ્મસ થોડું વધુ ઘેરું બન્યું હતું. ધની શાહની ચોતરફ સ્તબ્ધતા ફરી વળી હતી. એમને મનોરમાની સામે જોતાં જાણે ખૂબ મહેનત કરવી પડી. મનોરમા કશું જ બોલી નહીં, પાલવથી આંખનો ખૂણો કોરો કરી એ કિચનમાં જતી રહી. એને ખબર હતી કે શ્વેતાના રૂમ તરફ જવાથી ધનંજય શાહનો ગુસ્સો વધુ પ્રબળ થશે. પોરસ પણ ચુપચાપ એના રૂમમાં જતો રહ્યો. એકલા પડેલા ધનંજયે એના આધિપત્ય નીચેનાં ફર્નિચરને ગુસ્સાથી નિહાળ્યા કર્યું.

શ્વેતા રાત્રે જમવા માટે પણ બહાર આવી નહોતી. ધનંજય શાહને એનાથી કંઈ અસર થઈ નથી એવો ભાવ દર્શાવવાનો એમણે વ્યર્થ પ્રયત્ન કર્યો હતો. મનોરમા અને પોરસ બંને જાણતા હતાં એની પોકળતા અને વ્યથા ! રાત્રે બેડરૂમમાં પણ ધનંજયે મોડે સુધી પડખાં ઘસ્યાં હતાં. મનોરમાથી ન રહેવાયું ત્યારે એણે રડવાનું રોકી ધનંજયને કહ્યું : 'ધની, શ્વેતાની વાતનું ઓછું ના લાવીશ. ... શી ખબર ક્યાંથી એ આટલું બોલી ગઈ. ... પ્લીઝ, એને માફ કરી દે.'

પડખું ફરી ધનંજયે એની સામે જોયું. એની આંખો આંસુઓની ખારાશથી ખરડાઈને લાલચોળ થઈ ગઈ હતી; જ્યારે ધનીની આંખમાં જુદી જ લાલાશ હતી. ' ... મની ! તું મને એ વાત ના યાદ કરાવ. ... એ હજુ જિંદગીના પહેલા પગથિયે ઊભી છે. હું એને એના ભવિષ્ય માટે સમજાવું છું. ... પણ જવા દે ... અત્યારની મર્યાદાઓ, નિયમોની એને અત્યારે જરૂર નથી લાગતી. પણ જ્યારે સમજાશે ત્યારે આ સમય યાદ કરશે. ... સમય પાછો થોડો આવશે ત્યારે ?'

મનોરમાને થયું કે આ માણસ ક્યાં સુધી આમ જ વિચારશે ? એણે કેટલી વાર અંધારામાં સમય જોવા ચશ્માં ફંફોસતાં ધનંજયને જોયેલો ? ઘટ્ટ અંધકારમાં આંગળીનાં ટેરવાં પણ કેવાં દૂર ભાસે છે ! એને લાગ્યું કે ઘરમાં જાણે અચાનક એક જાતની દૂરતા આવી ગઈ હતી. એણે થોડોક વધુ સમય ધનંજય શાહને મનાવવાના યત્નો કર્યા પણ અંતે એના ફળરૂપે એને ધની શાહનો ગુસ્સો અનુભવવો પડ્યો. હંમેશાંની જેમ ધનંજયનો અવાજ ઊંચો થઈને શ્વેતાના રૂમમાં પ્રવેશી ચૂક્યો હતો. શ્વેતાના ઊંઘવાના રહ્યા સહ્યા પ્રયત્નોએ સાકાર થવાની આશા મૂકી દીધી. એ પછી શ્વેતા ઓશીકામાં બેઉ કાન દબાવી પડી રહી.

સવારે ધનંજય મોડેથી ઊઠ્યો. મનોરમા તો ક્યારની કિચનમાં કામમાં લાગેલી હતી. પોરસ કદાચ ટીવી જોવામાં પરોવાયેલો હતો. શ્વેતા હજુ એના રૂમમાં જ હતી; રાત્રે વિખરાયેલાં ડૂસકાં ભેગા કરતી હતી જાણે.

એને થયું કોઈએ એના બારણે ટકોરા માર્યા. પહેલાં તો થયું કે તે બારણું ના ખોલે, પણ પછી શી ખબર કેમ પણ વિચાર બદલી એણે બારણું ખોલ્યું.

એનાં આશ્ચર્ય વચ્ચે ડેડી ત્યાં ઊભા હતા. બંને થોડા ઉત્તેજીત હતાં; એટલી હદે કે એકબીજાની સામે જોતાં પણ બંને અચકાતાં હતાં. થોડાક સમયનાં મૌન પછી શ્વેતા બોલી ઊઠી : ' ... I am sorry Daddy.' એને સમજાયું નહીં કે તે આવું કઈ રીતે બોલી ... જ્યારે કે રાતભર તે ડેડી પર ગુસ્સો કરતી રહી હતી ... ... અને એવું જ કંઈક ધનંજયને પણ થયું. I am sorry, my dear ! ... ... તારે હવે કાંઈ જ miss કરવું નહીં પડે, શ્વેતા !' શ્વેતા તો પ્રભાકરને વળગીને રડવા જ લાગી. થોડી વારે માંડ એ શાંત થઈ. ધનંજયે પણ બે ચાર વાર ભીની પાંપણ પટપટાવી લીધી. એ પછી બંને ચુપચાપ કિચન તરફ ચાલ્યાં. મનોરમાની ઉજાગરા ભરી આંખોમાં બંને એક સાથે પ્રવેશી ગયાં. મનોરમા ફરી એક વાર આશ્ચર્યથી જોઈ રહી -- પતિને અને પુત્રીને. એને લાગ્યું ઘરમાંનો જ્વાળામુખી શાંત થઈ ગયો છે. એણે નિરાંતનો એક શ્વાસ લીધો.

એ હમણાં તો ધબકતાં જીવનને પ્રાણવાયુ પૂરો પાડશે !

[Park House, 71 Moorhead Lane, SHIPLEY, West Yorkshire BD18 4JN, U.K.]

●

(૩)

# ભાણાભાઈ

★ કલ્પના ભરત પાઠક

જીજાજીના દુબાઈવાસ દરમિયાન બહેન અમારે ઘેર રહેવાની છે એ વાતથી મમ્મી જેટલી ખુશ હતી એના કરતાં કદાચ મારો આનંદ બેવડો હતો. મમ્મી ભાણાની વાત કરતાં ધરાતી નહોતી. ખાસ કરીને દાણા પાણી, અથાણાં - પાપડની સીઝન ભરવા બહેનને ત્યાં જઈ આવ્યાં પછી તો ભાણાના નુકસાનિયા પરાક્રમની વાત કરતાં થાકતી નહીં. કાલી કાલી ભાષા બોલી બધાંનાં મન જીતી લેતો ભાણિયો દોઢ વરસ અમારી સાથે રહે એ વિચારથી જ મારું ભાગ્ય ખૂલી ગયું હોય એમ લાગવા માંડ્યું.

બહેનને હું 'હેન' કહી બોલાવતો. મારી ઉંમર બે'ક વરસની માંડ હશે. મારા મામાને ગુજરાતી ભાષાનો શબ્દકોશ મોઢે હતો. જોડણી, ઉચ્ચારણ અને વ્યાકરણ પર ભારે ચીવટ રાખતા. મમ્મીને કહે, 'બેન, શબ્દ શબ્દકોશમાં છે જ નહીં. ભાણો પ્રિયંકાને બેન નહીં, બહેન કહેશે.'

'આટલો વ્યાપક શબ્દ 'બેન' શબ્દકોશમાં નહીં, એ કેમ બને ?'

'સાર્થ જોડણીકોશની પાંચમી આવૃત્તિમાં ૫૮૯માં પાન પર 'બહેન' શબ્દ છે, 'બેન' શબ્દ તો છે જ નહીં.

મામાએ મને શીખવવા માંડ્યું : 'બહેન'.

મેં કહેવા માંડ્યું, 'હેન !' ... મને જોતાં જ તેડી લેતી પ્રિયંકાબહેન ખિજાતી, છણકો કરતી. મને કેડેથી ઊતારી બહેનપણી સાથે રમવા જતી રહી. હું એનો ઝૂલતો લાંબો ચોટલો જોતો રહી ગયો.

એક દિવસ પ્રિયંકાબહેનની બહેનપણી આવી. હું ઉત્સાહમાં આવી ગયો. 'હેન, હેન, રમ્મુ છે.'

બહેન મને ઊંચકી મમ્મીને સોંપતા કહે, 'મારી બહેનપણી જાય ત્યાં સુધી ઓટલા પર તારો લાડલો આવવો ન જોઈએ મને 'હેન' કહે છે. કાલે મરિયમનાં આંગણામાં મરઘી ફરતી હતી, ફિરોઝા ભાઈને પૂછવા લાગી, 'હેન ક્યાં છે ?' આ ભાઈ મારો, મને બતાવતો હતો. ... બધાં મારી મજાક ઉડાવે છે.'

મમ્મી કામમાં હતી એટલે બહેનને પ્રવચન આપી સમજાવવા સમય ન હતો. 'બહેનની બહેનપણી આવી છે. આપણાંથી ત્યાં ન જવાય.'

'હેનપની !'

'હેનપની ?' મમ્મી હસવા લાગી. મને મમ્મી કેમ હસે છે એ ન સમજાયું. ફક્ત મમ્મીનો હાથ મને ભાવતાં બિસ્કિટના ડબ્બા તરફ લંબાયો એથી સંતોષ થઈ ગયો.

થોડી જ વારે મામા આવ્યા. મમ્મીએ બહેનને બદલે મામાને પ્રવચન આપવા માંડ્યું. 'જોયા ન હોય તો ગુજરાતી ભાષાના ખાં ! બહેનને 'હેન' અને બહેનપણીને 'હેનપની' કહે છે, તમારો ભાણો. પ્રિયંકા એને રમવા તો નથી લઈ જતી કેમ કે બહેનપણીની સામે લઈ લઈ જવાની ના પાડે છે. 'બેન' કહે તો કઈ ગુજરાતી ભાષાને ધક્કો પહોંચવાનો છે ? ઑક્સફર્ડ ડિક્શનરીમાં હજારો શબ્દો ઉમેરાયા છે. ગુજરાતી શબ્દકોશમાં 'બેન' શબ્દ ઉમેરાવી દો !

મામા કહે, 'બસ કર, મારી બહેન. ... 'બેન' બોલતા શીખવી દે આને, બસ ? એક કપ ચા પાઈ દે ભાઈને. બહુ માથું દુઃખે છે.'

'યાદ છે પ્રિયંકાનું નામ 'પૂજા' પાડ્યું ત્યારે શું થયું હતું ? ' મમ્મીએ મામાને ચાનો કપ ધરતાં હળવી વાતો કરવા માંડી.

'મારી ભાણી આટલી સુંદર, પૂજા જેટલી જ પવિત્ર, એને નાનીમાસીએ 'પૂંજા' બનાવી દીધી ! ફોઈનો નામ પાડવાનો હરખ આઘાતમાં પરિણમ્યો હતો. આટલું સરસ નામ પાડ્યું ટૂંકું ને પાવન ! અને પૂંજા - કચરા સમાન બનાવી દીધું.' મામા બોલ્યા.

'ભાઈ, તમને સારું સૂઝ્યું કે સ્કૂલમાં નામ દાખલ કરાવતી વખતે પ્રિયંકા લખાવી દીધું અને હૂલામણું નામ પણ 'પીકુ' જ કરી નાંખ્યું !

અને પછી મમ્મીએ 'બેન' કહેતા શીખવી દીધું. મેં તે જ દિવસથી 'હેન'ને બદલે 'બેન' કહેવા માંડ્યું.

ભાણો આવ્યો કે તરત જ મમ્મી પાસે દોડી ગયો. મમ્મીના હરખનો પાર નહીં. આંખોમાં ઝળહળિયાં આવી ગયાં. મને પણ 'મામા' તરીકે તરત જ ઓળખી ગયો. બે-ત્રણ દિવસમાં તો મારો દોસ્ત બની ગયો. ... પાછળના મહોલ્લામાં રહેતાં મારી મમ્મીનાં નાનીમાસીનો પૌત્ર હિમેશ સાથે દોસ્તી થઈ ગઈ. નાનીમાસી બેનનાં સાસરિયાનાં કુટુંબી થતાં હતાં. આમ હિમેશ અને ભાણાને સગપણ થતું. બંને પૂણી જેવા ગોરા. હસે કે ગાલમાં ખંજન પડે જે ફક્ત જમણી બાજુ દેખા દે.

'હિમેશ' નામ પાછળ પણ, વળી, એક કથા છે. હિમેશ જન્મ્યો કે નાની માસી લગભગ દોડતાં આવ્યાં. મમ્મી હજી તો પૂછવા પ્રયત્ન કરે તે પહેલાં જ તે વર્ણન કરવા લાગ્યાં.

'લાલો તો એટલો ગોરો, એટલો ગોરો કે અડકો તો મેલો થઈ જાય !'

હું વિચારવા લાગ્યો, 'આ ... હા ... હા. પ્રસૂતિગ્રહમાં અજવાળું પથરાઈ ગયું જ હશે. પારણું ઝગમગી ઊઠ્યું હશે. બારીમાંથી સૂર્યનારાયણ પણ દર્શન કરવાને ડોકાયા હશે. ત્યારે અંગૂલિઓમાંથી સૂર્યકિરણ આરપાર નીકળી ગયા હશે ... ! નંદઘેર આનંદભયો ... !'

ખરે જ. પારદર્શક લાલો બધાંને ખૂબ વહાલો લાગતો. ફોઈબા નામકરણ કરવા આવ્યાં. કર્ક રાશી આવી. 'ડ' તો આપમેળે ડગી ગયો; હઠી જ ગયો ! હવે નામ 'હ' પરથી જ પાડવાનું હતું. હિમ જેવા ભત્રીજાનું

નામ કોઈએ હોંશે હોંશે 'હિમેશ' પાડી દીધું. સ્વભાવે પણ, ઠંડો હિમ જેવો હિમેશ।

ભાણાએ હિમેશને ઈ...મેશ કહેવા માંડ્યું. હિમેશ આગળ ઈતર જન મેશ સમાન છે એ જ કહેવાનો આશય હોવો જોઈએ, ભાણાનો ! રંગ તો ભાણાભાઈનો પણ લગભગ હિમેશ જેવો જ. આથી ઈ...મેશ જેવો છે એવી ધૃષ્ટતા તો તે ન જ કરે।

એક દિવસ હું બહારથી આવ્યો. ભાણો તૂટેલાં રમકડાંના બે ભાગ કરી લાદી પર મૂકે. પણ બંને ભાગ છૂટા થઈ ગબડી પડે.

'કોણે તોડ્યું રમકડું ?' મેં કરડાકી બતાવવાનો વ્યર્થ પ્રયત્ન કર્યો.

'થીજેશે ... '

'હિમેશનો મિત્ર છે જીતેશ. ... આણે થીજેશ કહેવા માંડ્યું.' બહેન મોં પર હાસ્ય ફેલાવી બોલી.

હું હસવા માંડ્યો. બચી ગયાનો ભાવ લાવી, ભાણો રમવા બીજાંત્રીજાં રમકડાં પાસે જતો રહ્યો.

હિમેશનો મિત્ર થીજેશ જ હોય ને ! હું વિચારતો રહ્યો. મારો ભાણિયો હાસ્યરસિક - જ્યોતીન્દ્ર દવેનો અવતાર છે કે શું ?

કંઈક પડછાયા જેવું જણાતાં ભાણો ઓટલા પર દોડ્યો. એક છોકરાનું ઘૂંટણ આગળથી પાટલૂન પકડી તેને ખેંચી લાવ્યો. 'મામા, આને ખીજાવો. પીલું રમકડું તોડી નાખ્યું.'

હું આશ્ચર્યચકિત થઈ ભાણાને જોઈ રહ્યો. 'આ કોને પકડી લાવ્યો ?'

'થીજેશ ... ' બગ્સ-બની જેવું મુલાયમ, પહોળું હસતો હસતો ઉપરના ને નીચેના ચાર ચાર દાંત દેખાડતો ભાણો બોલ્યો.

'થડ જાડું શૂળી તણું મુલ્લા પાતળે અંગ ... !' પોતે સગીર વયનો હોઈ સજા થઈ શકે નહીં એટલે થીજેશને પકડી લાવ્યો કે શું ? ભાણો કાયદાની કલમો ક્યાંથી જાણી લાવ્યો ?!

'મારું નામ જીતેશ છે. તમારા ભાણાએ થીજેશ કરી નાખ્યું !' કહી જીતેશ હસી પડ્યો. જેટલો હિમેશનો વાન ઉજળો તેટલો જ થીજેશના દાંતમાં ચમકાટ।

હિમેશ - થીજેશ શનિ-રવિમાં હોમવર્ક ઓછું હોય ત્યારે 'મોનોપોલી', 'કૌન બનેગા કરોડપતિ' જેવી બૉર્ડ-ગેઈમ રમવા અમારે ઘેર આવવા લાગ્યા. ભાણો 'પોલોમની રમ્મુ છે' કહી, મારી બાજુમાં ગોઠવાઈ જ જાય. એક ડાઈસ એના કબજામાં જ હોય. ડાઈસ ફેંકતો જાય, આંખો મિચકારતો જાય અને એને ગમતા લાલ રંગની મિલકત, મકાન, હૉટેલ વગેરે મુઠ્ઠીમાં ભરી વચ્ચે ફેંકતો જાય. હું નોકરી માટે અરજીઓ કરી ક્યારેક કંટાળતો. ભાણાના 'બનેગા રો...ડપતિ' શબ્દો મને 'રોડપતિ' બનવાના એંધાણ તો નથી આપતા ને ? ... એવા વિચારો ઝબકાવી દેતા.

એક દિવસ મેં જ ભાણાને ગમ્મતમાં કહ્યું : 'ચાલ, બનેગા રો...ડપતિ રમીએ.'

'ના. ... કરોડપતિ' કહી, ભાણાએ બગ્સ-બની સ્મિત પ્રસરાવ્યું.

મને થયું, હા...શ ! હવે મારી નોકરીની અરજીનો જવાબ અસ્વિકારપત્રને બદલે 'સ્વીકાર'માં આવી જાય તો કેવું સારું ! ... અને ખરેખર નોકરી મળી ગઈ. મેં ભાણાને એટલી બચી ભરી કે ભાણો રડવા લાગ્યો। નીચે બેસી હથેળી ઘસી ઘસી બચીઓ લૂછવા લાગ્યો।

'કેમ બધ્ધી બચી લૂછી નાંખે છે ?' મેં રડમસ અવાજ કરી પૂછ્યું. ભાણો બગ્સ-બનીનું સ્મિત પ્રસરાવતો મારા ખોળામાં ગોઠવાઈ, કહે : 'લે ... ' આંખ તો એવી મીંચી દીધી કે કોઈ પ્રહાર થવાનો ન હોય।

હવે, કૌન બનેગા કરોડપતિ અને મોનોપોલી રમવામાં ભળ્યો -- થરથરેશ।

થીજેશે ઓળખાણ કરાવી : 'આ અમારો નવો મિત્ર, ચતુરેશ.'

હિમેશની સાથે રહી તું બન્યો 'થીજેશ'. હવે ચતુરેશ ભળ્યો તો મારો ભાણો જરૂર તને થરથરેશ કહેશે। 'મોનોપોલી'ને 'પોલોમની' અને 'કૌન બનેગા કરોડપતિ'ને 'કૌન બનેગા રોડ...પતિ' કહેનાર મારો ભાણો તને શું કહી બોલાવે છે, જોઈએ.'

ભાણો ચતુરેશનો ય મિત્ર બની ગયો. એની સાથે રમે, પણ નામ લઈ બોલાવે નહીં. હું જ્યારે પૂછું : 'ભાણા, આ કોણ છે ?'

'ખબર નંઈ !' કહી ગુરુના પહાડવાળી કલાત્મક હથેળીઓ ઊંચી કરી ગોળગોળ ઘુમાવે.

એક દિવસ ભાણો બપોરની ગાઢ નિદ્રામાં સપનાં જોતો કદીક હસતો, કદીક અર્ધખૂલી આંખો પટપટાવાતો, પડખા ફરતો મારી બાજુમાં ગોદડી પર સૂતો હતો. ત્રિપુટી આવી ચઢી. સામે ઓછામાં ઓછો અવાજ થાય તેમ 'મોનપોલી' રમવા બેઠા. 'આને અંદર સુવડાવી દઉં; તમે રમો, નિરાંતે.' કહી બહેન ભાણાને અંદર લઈ ગઈ.

'મામા ... મામા ...' કહી ભાણાએ રડવાનું ચાલુ કર્યું.

'મામા હમણાં આવે છે પાણી પીને ... સૂઈ જા' કહી બહેને થાબડ્યો.

રમત બરાબર જામી. ચતુરેશ જીતી જવા લાગ્યો. બધાં મકાનો, હોટેલો, ચતુરેશનાં થઈ ગયાં. અમે સર્વસ્વ લૂંટાયું હોય એમ એકમેકને જોઈ રહ્યા. ચતુરેશ ડાઈસને આંગળીઓમાં રમાડી રહ્યો હતો.

'બનેગા રોડ...પતિ રમ્માના' કહેતો કહેતો ભાણો ગેઈમનું બોક્સ ઉપાડી અર્ધજાગૃત અવસ્થામાં લથડતો લથડતો આવી બોક્સ નીચે મૂકી અર્ધ બગ્સ-બની સ્મિત આપી મારા ખોળામાં બેસી ગયો. મેં નજર ઊંચી કરી જરા લંબાવી તો બહેન ઘસઘસાટ ઊંઘતી હતી।

ભાણાએ હાથ લંબાવી લાલ રંગની ઈમારતો મુઠ્ઠીમાં લઈ ફેંકી. ચતુરેશનો કોકાકોલાનો પ્યાલો ગબડી પડ્યો. ચતુરેશ એટલા ઉત્સાહમાં હતો, રંગમાં ભંગ પડતાં ભાણાની ખુલ્લી જાંઘ પર તેણે થપાટ લગાવી દીધી. ભાનમાં આવતા ચતુરેશને ભૂલનું ભાન થયું : 'સૉ...રી ...' બોલી અત્યંત છોભીલો પડી ગયો. ભાણાને વાંસા પર હાથ મૂકવા જાય ત્યાં તો ચતુરેશને ધોલ મારી જોરથી રડવા માંડ્યું.

'રમતમાં ઓતપ્રોત થઈ ગયો. 'સૉ ... રી' મને એવો જ ખ્યાલ રહી ગયો કે અમારો નાનકો જ આવી ચડ્યો અને હેરાન કરવા લાગ્યો છે.'

'વાંધો નહીં,' મેં બચાવ કરવા પ્રયત્ન કર્યો.

'વાંધો ... વાંધો.' કહી ભાણો વધુ જોરમાં રડવા લાગ્યો।

બહેન આવી. 'શું થયું ? ક્યારે છટકી આવ્યો ?' પોતાને ઊંઘ આવી જવા બદલ દિલગીરી વ્યક્ત કરવા લાગી.

'આને માઈર્યું, આને માઈર્યું ...' કહેતો ભાણો રડતો રહ્યો.

'કોણે માર્યું ? હું એને ખિજાઈશ, હોં !' બહેને વાત પતાવતાં કહ્યું.

'ચચરેશે' ... જાંઘ પર પડેલાં શળ બતાવી ભાણો બમણા સાદે રડવા લાગ્યો.

આમ ચતુરેશનું નામકરણ 'જેમ ગગન ગાજે હાથિયો' જેટલું ઊંચા સાદે થઈ ગયું.

હું, હિમેશ અને થીજેશ મોટેથી અને ચતુરેશ થોડા સંકોચથી હસી પડ્યા.

'ભાણાભાઈ લાગે વ્હાલા કાલા કાલા' ગાતાં ગાતાં મેં ભાણાને બંને હાથોમાં ઝૂલાવવા માંડ્યો. ભાણાના મોં પર ફરી બગ્સ-બની હાસ્ય શોભી ઊઠ્યું.

[44 Wallington Road, Seven Kings, ILFORD, Essex IG3 8QQ, U.K.]

●

(૪)

# ... અને વીમો ઊતરી ગયો

★ નૂરબાનુ મણીઆર

કાયદાકાનૂનની ઉપાધિ મેળવ્યા પછી, ન જાણે કેમ પણ મેં વકીલાતનો ધંધો છોડીને લોકોના વીમા ઊતારવાનું શરૂ કર્યું. ધીમે ધીમે અનુભવે મને બધું શીખવાડી દીધું. વીમા એજન્ટ તરીકે લોકોના સંપર્કમાં રહેવું ઘણું મહત્ત્વનું પાસું છે. સંપર્કમાં રહેવું પડે તે કરતાં તેમની અંગત વાતોની માહિતી રાખવી વધારે જરૂરી છે.

એક મિત્રની શાદીના પ્રસંગે મારી મુલાકાત શેઠ હારૂન સાહેબની સાથે થઈ. તેમની સાથેની વાતચીત ઉપરથી મેં જાણી લીધું કે શેઠ સાહેબે હજી વીમો કઢાવ્યો નથી. અમારી વચ્ચે વિઝિટીંગ કાર્ડની ઔપચારિક આપ-લે થઈ. બસ, મને જે ભાવતું હતું (અને વૈદ્યે કીધું) તેમ મને જોઈતું હતું તે એમનું એડ્રેસ મળી ગયું.

એક દિવસ ફોન કરીને એમની અપોઈન્ટમેન્ટ લઈને હું સીધો તેમની ઑફિસે પહોંચી ગયો. શેઠ સાહેબ 'એકસપોર્ટ - ઈમ્પોર્ટ'નો ધીકતો ધંધો કરતા હતા. ત્રણચાર વ્યક્તિ પણ એમની ઓફિસમાં કામ કરતી હતી. પહેલી વારની (કહું તો આ બીજી) મુલાકાત તો નામની રહી. ત્યાર બાદ, અવારનવાર શેઠની ઓફિસમાં અવારનવાર ચક્કરો લગાવતો રહ્યો. લગભગ દરેક વખતે શેઠ સાહેબ વીમાની વાતને ટાળી, આજે નહીં, આવતી કાલ મુલતવી રાખતા. અને તે સાથે હું પણ દઢ નિર્ણય કરતો કે આજે નહીં તો કાલે હું શેઠનો વીમો તો જરૂરથી ઊતરાવીને જ રહીશ.

વારંવારની મારી મુલાકાતથી શેઠ જોડેના સંબંધો વધુ ઘનિષ્ટ થતા જતા હતા. જ્યારે પણ તક મળતી તો હું વીમો ઊતારવાની સલાહ જરૂર કરતો. નિકટ થતા સંબંધોને કારણે એક દિવસ શેઠે મને વચન આપ્યું કે આવતે અઠવાડિયે તેઓ વીમો ઊતરાવશે. મનમાં હું ખુશ હતો કે 'હવે માત્ર જૂજ દિવસોની વાત તો છે.'

નિર્ધારિત સમયે હું શેઠની ઑફિસે પહોંચી ગયો. શેઠ પોતાની કેબિનમાં ગમગીન ચહેરે લમણે હાથ દઈને બેઠા હતા. મને સમજ નહોતી પડતી કે શેઠની આંખો રડવાને કારણે લાલ હતી કે પછી આંખોમાં કચરો પડવાથી લાલ થઈ હતી. ગમે તેમ હોય, પણ આજે શેઠની આંખોમાંથી પાણી ઝરતું હતું. તેમની મુખાકૃતિ ઉપરથી લાગતું હતું કે કંઈક દુઃખદ બનાવ બન્યો હશે. શેઠે હાથના ઈશારે મને બેસવાનું જણાવ્યું. શેઠના હાવભાવ જોતાં મને મારો પોતાનો વીમો ઊતરતો ન હોય તેમ લાગ્યું. કદાચ વીમો નહીં લેવાની આ તેમની એક તરકીબ લાગી. કારણ કે ઘણા લોકો વીમો ન ઊતારવા માટે અનેક પ્રકારના બહાના બનાવતા હોય છે. આવો મને ખાસ્સો અનુભવ હતો. શેઠનું મુખારવિંદ જોતાં મને પણ એ એક બહાનું જ હોય તેમ લાગી રહ્યું હતું. આથી, વાતની શરૂઆત કરતાં હું બોલ્યો : 'કેમ શેઠ સાહેબ, આજે બધું ખેરિયત તો છે ને !'

'શું કરું અને શું ન કરું ?' શેઠ ધીમે રડમસ ભાવે બોલ્યા.

'કંઈક મગનું નામ ... ... કહો તો સમજ પડે.'

'એ તો હવે જ સમજાયું. અને તમે સમજીને શું કરશો ?'

'શું સમજાયું ? તમે કંઈક સ્પષ્ટતા કરો તો મને સમજ પડે.'

'ઈન્ના લિલ્લાહી વ ઈન્ના ... ... '

'કેમ સવાર સવારમાં કોઈનાં મૃત્યુ ... ... મુખેથી આવી અશુભ વાત.'

'વાત એમ છે કે આજ મળસ્કે સુલેમાનનું હાર્ટફેઈલ થવાથી મૃત્યુ થયું.

હવે દિલસોજી બતાવવાનું કામ મારે માથે આવ્યું. અને મેં 'ઈન્ના લિલ્લાહી વ ઈન્ના ઈલૈહી રાજીઉન' બોલીને જણાવ્યું, 'એ તમારી સામે ... ... '

'જી, હા ! એ જ સુલેમાન.'

'બિચારા સુલેમાન ... ' શેઠની હાલત જોઈને મને હમદર્દી બતાવવી યોગ્ય જણાઈ. એમ કરવાથી શેઠનું દિલ જીતી શકાય એમ હતું. અને એમનું દિલ જીતું ત્યારે જ વીમો ઊતારવાનો હક મળે. આથી મેં પણ મારી આંખ સજ્જડ બનાવી રડમસ અવાજે કહ્યું, 'બિચારા સુલેમાન ભલા હતા.' બસ મારું આટલું જ કહેવું થયું અને શેઠ એકદમ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા. તાપી નદીનો બંધ તૂટે અને ચોમેર પાણી વહે તેમ શેઠની આંખોમાંથી અશ્રુ વહેવા લાગ્યાં. મારું અચાનક બ્લડપ્રેશર વધી ધબકવા લાગ્યું. આશ્ચર્ય વધુ ઘેરું બનવા લાગ્યું. શેઠને અને સુલેમાનને કાંઈ જ સંબંધ નથી. કૌટુંબિક રીતે કે ધંધાદારી રીતે પણ કોઈ જ સંબંધ નહોતો. કહીએ કે એમને સ્નાનસૂતકનો પણ સંબધ નહીં. તો પછી શેઠ તેની પાછળ શા માટે આંસુ વહાવે છે ? જરૂર કંઈક રહસ્ય હોવું જોઈએ. આથી મેં વાતનો દોર પકડી રાખતાં પૂછી પાડ્યું : 'શું અચાનક ગુજરી ગ્યા 'તા કે બીમાર હતા ?'

મારી વાત સાંભળીને શેઠના ચહેરાનો રંગ બદલાય ગયો. મારી વાતનો જવાબ આપવાને બદલે ચોર કોટવાળને દંડે તેમ શેઠ બોલ્યા : 'એને મરવું હતું તો બે દિવસ પહેલાં જ મૃત્યુ થાત તો ... ... !'

ધુમ્મસ જેમ ઘેરું થતું જાય તેમ શેઠની વાતનું રહસ્ય પણ ઘેરું બનતું જતું હતું. સુલેમાન જેવા પારકા માટે શેઠજી આટલો રંજ શા માટે કરે ? આટલું દુઃખ શા માટે વેઠે ? વાત સમજમાં નહોતી આવતી. તેમ કોઈ તાગ મળતો નહતો. આથી મેં પણ મૌન ધારણ કરવાનું ઉચિત માન્યું.

મને મૌન જોઈને કે પછી, પોતાની હૈયાવરાળ ઓછી કરવાના હેતુથી શેઠ બોલ્યા, 'સુલેમાન ઘણો ચબરાક, કંજૂસ અને લુચ્ચા શિયાળ જેવો હતો તો ... '

'તો ... ... ?' કહી હું શેઠનો ચહેરો જોવા લાગ્યો.

'તો તેનામાં એક ખૂબી પણ હતી.'

'દરેક વ્યક્તિમાં અલ્લાહે કોઈક ને કોઈક ખૂબી તો મૂકેલી હોય જ, તેમ મરહૂમ સુલેમાનમાં કઈ ખૂબી હતી ?' મેં પૂછી નાખ્યું. કારણ કે મારે રહસ્યનો ઉકેલ લાવવો હતો.

'સુલેમાન જરૂરત વખતે મને પૈસા ધીરતો હતો.'

'એટલે કે સુલેમાન નાણાં ધીરવાનો પણ ધંધો ... '

મને વચ્ચેથી અટકાવી શેઠ બોલ્યા : 'ના ! ના ! એ નાણાં ધીરવાનો ધંધો નહોતો કરતો, પરંતુ જરૂર પડ્યે અમારી વચ્ચે આપ-લે થતી રહેતી હતી.'

'વગર વ્યાજે કે વગર લખાણે આજે કોણ છે જે આ રીતે નાણાં ધીરે ?'

શેઠની વાતથી રહસ્યનો ભેદ સમજાઈ ગયો. શેઠને નાણાંની જરૂર હશે. સખત નાણાંભીડ હોવી જોઈએ ત્યારે જ તો શેઠ સાહેબ મરહૂમ સુલેમાનના મોત ઉપર આટલા ગમગીન છે અને બે આંસુ પણ સારે છે. પૈસા વગર એમનું નામ અટકી ગયું હોવું જોઈએ. આમ મારા મગજમાં ગડ ખૂલતી લાગવા લાગી.

મને મારી વિચારતંદ્રામાંથી જગાવતા શેઠ આગળ બોલ્યા : ' ... અને ક્યારેક સુલેમાન પણ મારી પાસેથી ઉધાર ઉછીના લઈ જતો. આ રીતે અમારો પરસ્પર વ્યવહાર અને ધંધો ચાલતો હતો. કોઈ એક બીજાને ના પાડતા નહોતા. પરસ્પર વિશ્વાસ હતો.'

'... તો આ વખતે પણ તમને પૈસાની સખત જરૂર હશે એથી તો તમે પરેશાન છો.' મેં સહસા પૂછી જ લીધું.

'ના, પૈસાની જરૂર તો નથી, પરંતુ ... ' થોડો વિસામો અને થોડા પોતાની કિસ્મતને દોષ આપતા આગળ ઉપર શેઠ બોલ્યા, 'રડવું એ વાતનું નથી કે મને કોઈ રકમની જરૂર હતી.'

'ત્યારે ... ?' મેં ઉત્સુકતાથી અને કંઈક ઉતાવળથી શેઠની સામે જોયું.

'કાલ સાંજે સુલેમાન મારી પાસે આવ્યો હતો. ... ' શેઠે એક ઠંડો નિ:સાસો નાખ્યો અને આગળ કહ્યું, 'તેને જરૂરત હોવાથી વીસ હજાર રૂપિયા લઈ ગયો.'

'શું ... ? કોઈ ... કોઈ લખાણ ... કોઈ સાક્ષી ... ?' તૂટક તૂટક અને અધૂરા શબ્દો મારા મોઢામાં જ રહી ગયા. શું કહું તે વિચારમાં પડી ગયો.

શેઠ સાહેબે આગળ કહ્યું, 'હા, કોઈ જ લખાણ નહીં, તેમ કોઈ સાક્ષી પણ નહીં. અને ફક્ત બે દિવસની વાત તો હતી. અને હંમેશાં આ રીતે પરસ્પર આપ-લે થતી હતી. એક બીજાના વિશ્વાસ પર નાવ ચાલતી હતી. હું કેવી રીતે ના પાડી શકું ? કેવી રીતે લખાણ કે સાક્ષી પણ માંગી શકું ? આટલી રકમ લઈને આજે જ મરી ગયો અને સાથે મારી રકમ પણ મરી ગઈ !' રડમસ અવાજે શેઠે પોતાની કહાણી પૂરી કરી.

ત્યારે જ મને સમજાયું કે શેઠને સુલેમાનના મરવાનો ગમ નહોતો સતાવતો, પરંતુ એમની રકમના મરવાનો ગમ સતાવતો હતો.

અને આ રીતે શેઠનો વીમે ઊતરેલો જોઈ ને હું સમજી ગયો કે આજે પણ વીમો ઊતરશે નહીં. એટલે હું પણ ધીમેથી શેઠની ઓફિસમાંથી બહાર આવી ગયો.

[64, Cecil Avenue, WEMBLEY, Middlesex HA9 7EA, U.K.]

●

(૫)

# પરતાવો

★ સઆદત હસન મિન્ટો

અનુવાદક : 'જિગર' નબીપુરી

ફારસ રોડથી શરૂ થતી એક શેરી જે સફેદ ગલીના નામથી ઓળખાય છે, એના છેડે કેટલીક રેસ્ટોરન્ટો આવેલી છે. એક યુગ એટલે કે વીસ વરસ જેટલા સમય પહેલાંની આ વાત છે. જ્યારે હું એ રેસ્ટોરન્ટોમાં ચાનાસ્તો કરવા કે જમવા જતો હતો. સફેદ ગલીની આગળ ચાલો તો ચાર જેટલાં સિનેમા ઘર આવે છે. જ્યાં આખો દિવસ ભીડ જામેલી રહેતી. સિનેમાના શૉ અને તેલમાલિશવાળાઓનો ધંધો લગાતાર ચાલુ રહેતો. ગ્રાહકોને આકર્ષવા ઘંટડીવાળાઓ ફર્સ્ટ ક્લાસ બે આનામાં, - ફર્સ્ટ ક્લાસ, ફક્ત બે આનામાં, ખેલ જુઓની બૂમો પાડતા હતા. ક્યારેક તો રસ્તે ચાલતા લોકોને તે સિનેમા ઘરમાં ધકેલી દેતા હતા. સિનેમા ઘર બહાર તેલમાલિશવાળા ગ્રાહકોની ખોપડીઓની વિજ્ઞાનિક ઢબે માવજત કરતા હતા. મારી સમજમાં નહોતું આવતું કે મુંબઈવાસીઓ માલિશ માટે આટલા બધા ગાંડાતુર કેમ હશે ? રાત્રીના ત્રણ વાગ્યે પણ તેલ માલિશવાળાઓની બૂમો સંભળાતી !! ... માલિશ ... તેલમાલિશ ...

ફારસ રોડ આમ તો એક સડક છે. જ્યાં દેહના સોદા કરનાર નારીઓની વસતી છે. આ સડક પરથી બીજી કેટલી ય ગલીઓમાં જવાય છે. જેનાં વિવિધ નામો છે. છતાં સહુલતથી ઓળખવા માટે ફારસ રોડ અથવા સફેદ ગલીના નામથી જાણીતી છે. અહીં ઘણાં ચીની લોકો પણ રહે છે ખબર નથી કે એમનો ધંધો રોજગાર શું છે ? છતાં ય એમાંનાં કેટલાંક રેસ્ટોરન્ટ બીઝનેસમાં પરોવાયેલા છે. રેસ્ટોરન્ટનાં પાટિયાં અને લટકતા પડદાઓ પર ચીની ભાષામાં શું લખ્યું છે એ મારી સમજની બહાર છે. આ વિસ્તારમાં વેપારી લોકોની પણ વસતી છે. એક શેરીમાં પચીસત્રીસ આરબ લોકોનાં ઘર છે. જે પોતાને મોતીઓના વેપારી તરીકે ઓળખાવે છે. બાકી વસતી પંજાબી લોકો અને રામપુરી લોકોથી આબાદ છે. જે ગલી આરબ ગલીના નામથી ઓળખાય છે ત્યાં જ રહેવા માટે મને એક ઓરડો મળી ગયો જે સૂરજના અજવાસને હંમેશાં તરસતો હતો. જેના કારણે મારે આખો દિવસ લાઈટ ચાલુ રાખવી પડતી હતી. મહિને આ ઓરડાનું નવ રૂપિયા ભાડું આપવું પડતું.

જો તમે મુંબઈમાં વસવાટ ના કર્યો હોય તો પણ જાણવા જેવી વાત એ છે કે ત્યાં કોઈ કોઈને પૂછતું નથી. ત્યાં સુધી કે તમારી પાડોશમાં કોઈ મરી પણ ગયું હોય તો ય કોઈને ખબર પડે નહીં. વળી આજુબાજુમાં શું થઈ રહ્યું છે એની ય કોઈને પરવા હોતી નથી. તેમ છતાં ય આરબ ગલીમાં એક એવી વ્યક્તિ હતી કે જેને આડોશપાડોશ તો શું પણ એ વિસ્તારમાં શું થઈ રહ્યું છે તેની ય ખબર રહેતી. તે વ્યક્તિનું નામ હતું મમદુભાઈ.

જે રામપુરનો રહેવાસી હતો. હું આરબ ગલીમાં રહેવા આવ્યો ત્યારે રેસ્ટોરન્ટોમાં અનેક વાર એનું નામ સાંભળેલું, પરંતુ લાંબો સમય થયો હોવા છતાં ય મારે એનાથી મુલાકાત થઈ ન હતી. એના વિષે અનેક વાતો સાંભળેલી એટલે મને એને મળવાનું મન થયા કરતું હતું; કારણ કે મે સાંભળેલું કે જો એના હાથમાં ફક્ત એક ડાંગ હોય, તો પચીસ જેટલા માણસોને એ એકીસાથે પહોંચી શકે. આખા મુંબઈમાં એના જેવો લાઠીદાવ જાણકાર હતો જ નહીં. લોકોના કહેવા પ્રમાણે એ એની હાથસફાઈ હતી. હું હંમેશાં ઉત્સુક રહેતો કે ભલે એની સાથે વાતચીત ન થાય પણ એક વખત એને જોઉં તો ખરો ! કારણ કે આખા વિસ્તારમાં એનો સિક્કો ચાલતો હતો.

એ એક મોટો દાદો હતો, પરંતુ સાંભળ્યું હતું કે એની શરાફત એ હતી કે કોઈ પણ સ્ત્રી સામે આંખ ઉઠાવીને જોવાને પણ પોતાનું અપમાન સમજતો હતો. આરબ ગલી જ નહીં, પરંતુ આજુબાજુના વિસ્તારમાં એના સાથીઓ મારફત શક્ય મદદ કરી જાણતો. એ કારણે નાનાથી મોટા સુધી દરેકને એની હૂંફ રહેતી. એટલે દરેક જણ એને મમદુભાઈના નામથી ઓળખતા.

મને ખબર નથી કે એની આવકનું સાધન શું હતું ! પરંતુ ખાધેપીધે એ સુખી હતો. એની પાસે એક નાની ટાંગા ગાડી હતી. ઘોડો પણ ખૂબ

તંદુરસ્ત હતો. એના બેત્રણ સાથીઓ સાથે ટાંગો ખુદ ચલાવી ભીંડી બજાર કે દરગાહનો ચક્કર લગાડી પોતાને ઠેકાણે પાછો આવી જતો. તે પછી ઈરાની રેસ્ટોરન્ટમાં એના મિત્રો સાથે ગપાટાસપાટામાં ખોવાયેલો જણાતો.

મારા પડોશના ઓરડામાં એક મારવાડી ભાઈ રહેતો હતો તેની પાસેથી મમદુભાઈ વિશે મને ઘણી એવી રસપ્રદ વાતો સાંભળવા મળેલી. તે કહેતો કે 'મમદુભાઈ લાખ રૂપિયાનો માણસ છે. ગમે ત્યારે ગમે તેને મદદગાર થઈ પડે. ફક્ત એને જાણ થવી જોઈએ.' એ કહેતો હતો કે, 'એક વાર એ બીમાર પડ્યો તો મમદુભાઈએ ફારસ રોડના બધા ડૉક્ટરોને ભેગા કરી કહ્યું કે, મારો ઈલાજ કરે. અગર મને કાંઈ થઈ ગયું તો તેમની ખૈર નથી. ડૉક્ટરોએ મારો ઈલાજ કર્યો તો હું બે દિવસમાં સારો થઈ ગયો.' એ મમદુભાઈનાં વખાણ કરતાં થાકતો નહોતો. કહેતો કે 'મમદુભાઈ એક ફરિસ્તા જેવો માણસ છે.'

આવતાં જતાં આરબ ગલી અને રેસ્ટોરન્ટમાં તેના એક સાથી પાસેથી સાંભળેલું કે, 'મમદુભાઈ એક ગુંડો માણસ છે. તમને ખબર નહીં હોય ! એ સલવારના નેફામાં અસ્તરાથી ય વધારે ધારદાર ચપ્પુ રાખે છે. જે મ્યાનમાં પણ નથી હોતું. નેફામાં પેટની સાથે અડીને રહે છે. એની અણી એટલી તીક્ષ્ણ છે કે જો મમદુ વાતો વાતોમાં થોડો ય નમવાની ભૂલ કરે તો એના ખુદના જ પેટમાં એ ભોંકાઈ જાય.'

સ્વાભાવિક છે કે આવી રસપ્રદ વાતો સાંભળી કોઈને પણ આ પ્રકારના માણસને જોવાનું મન થાય ! એના કારણે મારા માનસપટ પર હરક્યુલસ સાયકલ સવારની જાહેરાત જેવી એક કાલ્પનિક આકૃતિ સળવળવા લાગી.

હું વહેલી સવારનો કામ પર જવા નીકળી જતો, જે રાત્રીના દસ વાગ્યે પાછો આવતો. એટલે મારા માટે મમદુભાઈને જોવાનું શક્ય નહોતું. છતાં ય ક્યારેક વિચારતો કે કામ પર ન જાઉં પણ એક વખત તો એ વ્યક્તિનાં દર્શન કરી લઉં, પણ એ શક્ય ન થયું.

એક વેળા, હું ફ્લુની બીમારીમાં એવો પટકાયો કે આરબ ગલીના ડૉક્ટરના કહેવા પ્રમાણે મને ન્યુમોનિયા થઈ જવાની શકયતા હતી. હું સૂકલકડી જેવો થઈ ગયો. મારી દેખભાળ કરે એવું કોઈ પાસે હતું નહીં. મારો એક મિત્ર હતો તે પણ પૂનામાં નોકરી મળી જતાં અઠવાડિયા પહેલાં જ જતો રહ્યો હતો.

આમ તો આત્મવિશ્વાસ અને સહનશીલતા મારામાં હતી છતાં ય તાવના કારણે મારા આખા શરીરની શક્તિ જ હણાઈ ગઈ હતી. આ વેળા મને એમ લાગતું કે મને એક મિનિટ માટે પણ આવી કોઈ ધારણ આપે. જીવનમાં આવો વિચાર કદાચ પ્રથમ વાર જ આવ્યો હશે.

બે દિવસ તો તકલીફમાં હું પલંગ પર પાસાં ફેરવતો રહ્યો. મને પૂછવાવાળું કોઈ હતું જ નહીં. કારણ કે ત્યાં કોઈ મારું ઓળખીતું હતું જ નહીં અને જે બેચાર હશે તે પણ હજારો માઈલ દૂર કે જ્યાં મારા મૃત્યુના ય સમાચાર પહોંચી શકે નહીં. વળી મારો પાડોશી પણ એની પત્નીની બીમારીને કારણે પોતાને ગામ ગયો હતો.

ગમે તેમ હિંમત કરી ડૉક્ટરને મળવાનો મનોમન વિચાર કરતો હતો, અને હોટેલબોય જેને મુંબઈમાં બહારવાળા તરીકે ઓળખવામાં આવે છે તેણે દરવાજો ખટખટાવ્યો. મેં એને અંદર આવા કહ્યું.

દરવાજો ખૂલતાં જ એકવડી કાઠીના મુછાળા યુવાનના દર્શન થયા. એ એની કૈસર વિલિયમ જેવી મૂછો એક આંગળીથી વ્યવસ્થિત કરતો મારા પલંગ પાસે આવી ઊભો રહ્યો. એની સાથે બીજા બેત્રણ વિચિત્ર માણસો હતા. મને નવાઈ લાગી કે એ લોકો મારી પાસે શું કરવા આવ્યા હશે !

કૈસર વિલિયમ શેપ્ડ મૂછવાળા માણસે મને સંબોધીને કહ્યું : 'વિમટોભાઈ, તમે પણ હદ કરી દીધી. તમે બીમાર હતા તો મને જાણ કેમ ન કરી ?'

મારું નામ વિમટો નહીં, મિન્ટો છે એટલું કહેવા જેટલી ય મારામાં શક્તિ નહોતી. છતાં ધીમા અવાજે પૂછ્યું, 'તમે કોણ છો ?'

એણે ટૂંકમાં કહ્યું : 'મમદુભાઈ.'

હું ઊભો થઈને તરત જ બેસી ગયો. 'હા તો તમે જ મશહૂર દાદા મમદુભાઈ છો ?'

મેં કહેતાં તો કહી દીધું, પરંતુ મને મારી ભૂલ સમજાતાં, હું એકદમ ખાસિયાણો પડી ગયો.

એણે નાની આંગળી વડે મૂછનો છેડો ઉપર કરતાં કહ્યું, 'હા. વિમટોભાઈ, હું જ મમદુભાઈ છું. અહીંયાંનો મશહૂર દાદો. મને બહારથી ખબર પડી છે કે તમે બીમાર છો. સાલી, આ તે કોઈ વાત છે કે તમે બીમાર છો અને મને ખબર ન પડે ? ... અને તમે બીમાર રહો તો મારું મગજ ફરી જાય !'

હું કંઈ બોલું તે પહેલાં એણે એના સાથીઓમાંથી એકને ઈશારો કરી કહ્યું, 'અરે ! જા, જો પેલો - ડૉક્ટર છે ને, શું નામ એનું ? એને લઈ આવ અને એને કહેજે કે બધી જ જાતની દવાઓ સાથે લઈ આવે.' તે માણસ ત્યાંથી ગયો અને હું મમદુભાઈને જોઈ વિચારવા લાગ્યો, આ એ જ માણસ છે કે જેના માટે વિવિધ પ્રકારની વાતો સાંભળી છે.

આમ તો એનામાં કાંઈ નહોતું, પરંતુ એની મૂછોનો પ્રભાવ ડરામણો, પરંતુ સુંદર લાગતો હતો. કારણ કે સુંદર મુલાયમ ચહેરા પર ફક્ત મૂછો જ ડર ઉપજાવે એવી હતી. મેં મનોમન વિચાર્યું કે આ માણસ એટલો બધો ભયાનક, ખતરનાક નથી લાગતો જેટલો એને બહાર ચિતરવામાં આવ્યો છે.

ઓરડામાં કોઈ ખુરસી નહોતી એટલે મેં મમદુભાઈને પલંગ પર બેસવા આગ્રહ કર્યો, પરંતુ એણે ના પાડી કહ્યું, 'ચાલશે. હું ઊભો રહીશ.' ઓરડો વિશાળ હતો નહીં. છતાં નાની જગ્યામાં આંટા મારતાં મારતાં ખમીશની ચાળ ઊંચી કરી સલવારના નેફામાંથી એક તીક્ષ્ણ અણીવાળું ધારદાર ખંજર કાઢી હાથના થોડાક વાળ કાઢી હાસ અનુભવ્યો હોય, એમ લાગ્યું. પછી તેણે નખ પણ સરખા કર્યા.

એના આવવાથી જ જાણે મારો તાવ ઊતરી જતો લાગ્યો. મેં ધીમેથી જિજ્ઞાસાપૂર્વક પૂછ્યું : 'મમદુભાઈ, આટલું ધારદાર અણિયાળું ખંજર તમે સલવારના નેફામાં રાખો છો તો કોઈ વાર તમને જ વાગી જાય, એવો ડર નથી લાગતો ?'

ખંજરની અણી નખ સાથે અડકાડતાં જવાબમાં કહે : 'વિમટોભાઈ, આ ખંજર બીજા માટે છે. એને ખબર છે કે પોતાનાને નુકસાન ન પહોંચાડાય. આ ખંજર સાથેનો મારો સંબંધ એવો છે કે જાણે મા - દીકરાની સગાઈ.'

ડૉક્ટર આવ્યો. એનું નામ પિન્ટો હતું. અને હું વિમટો ! એણે અંગ્રેજી ઢબથી મમદુભાઈને સલામ કરી પૂછ્યું : 'શું બાબત છે ?' મમદુભાઈએ હકીકત કહી કડક શબ્દોમાં કહી દીધું, 'જો વિમટોભાઈનો સારી રીતે ઉપચાર ન કર્યો તો સમજી લેજો કે તમારું આવી બન્યું.'

ડૉક્ટરે મારાં બ્લડપ્રેશર અને ટેમ્પરેચર તપાસી કેટલા દિવસથી બીમાર છું એ જાણી, મામદુભાઈને જણાવ્યું કે વિમટોભાઈને મેલેરિયા થઈ ગયો છે. ઈન્જેક્શન આપું છું.

મમદુભાઈ દૂર ઊભો હતો. ખંજર વડે હાથ પરના વાળ સાફ કરતાં બોલ્યો : 'ડૉક્ટર સાહેબ, ઈન્જેક્શન આપો કે દવા; પરંતુ સારું થઈ જવું જોઈએ. સમજ્યા ?'

ડૉક્ટર ધ્રુજી જતાં બોલ્યો, 'મમદુભાઈ, ગભરાવાની જરૂર નથી. હું ઈન્જેક્શન આપું છું.' અને પછી ડૉક્ટરે બેગમાંથી સોય કાઢી.

'ઊભા રહો. ઊભા રહો.' મમદુભાઈએ એકદમ ગભરાઈ જતાં કહ્યું.

ડૉક્ટરે એકદમ ઈન્જેક્શનની સોય બેગમાં પાછી મુકતાં પૂછ્યું, 'શું વાત છે?'

'હું કોઈને સોય ભોંકાતી જોઈ શકતો નથી.' એમ કહી એ સાથીઓ સાથે ઓરડાની બહાર જતો રહ્યો.

ડૉક્ટર પિન્ટોએ મને મેલેરિયાનું ઈન્જેક્શન આપ્યું પછી મેં એની ફી પૂછી દસ રૂપિયાની નોટ આપતો હતો ત્યાં જ મમદુભાઈ આવી ગયો. મને અને ડૉક્ટરને સંબોધીને ગંભીર ચહેરે ઊંચા સાદે કહ્યું, 'આ શું થઈ રહ્યું છે ?'

મેં કહ્યું, 'ડૉક્ટરની ફી આપું છું.'

ડૉક્ટર તરફ જોઈ મમદુભાઈ બોલ્યો, 'શાની ફી લો છો ?'

ડૉક્ટર ઘોથવાઈ જતાં બોલ્યો, 'મેં ક્યાં ફી માંગી છે ? એ તો વિમટો સાહેબ ફી આપે છે.'

'અમારી પાસેથી ફી વસૂલ કરો છો ! પાછી આપી દો એમને એ દસ રૂપિયાની નોટ.' ખંજર જેટલી તીક્ષ્ણ વાણીમાં મમદુભાઈ બોલ્યો.

ડૉક્ટરે મારા હાથમાં દસ રૂપિયાની નોટ પરત કરતાં મમદુભાઈ તરફ જોઈ માફી માંગી. ત્યાંથી ચાલ્યો ગયો.

અણીદાર મૂછો પર આંગળી ફેરવતાં ફેરવતાં હસતા ચહેરે મમદુએ કહ્યું, 'એ કાંઈ વાત છે કે ડૉક્ટર તમારી પાસેથી ફી વસૂલ કરે ? અગર એમ કર્યું હોત તો મૂછ મુંડાવી નાંખત. અહીં સહુ કોઈ આપણાં જ છે.'

થોડીક વાર રહી મેં પૂછ્યું, 'મમદુભાઈ, તમે મને કેવી રીતે ઓળખો ?'

મૂછ હલાવતા એ બોલ્યો, 'અમે અહીંના બાદશાહ છીએ. અમારી રૈયતની અમારે ખબર રાખવી પડે. અમારી સી.આઈ.જી. અમને બધી ખબર પહોંચાડે છે. કોણ આવે છે, કોણ જાય છે, કોણ સુખી છે, કોણ દુઃખી. તમારા વિષેની પણ અમને બધી ખબર છે.'

જાણવા ખાતર મેં પૂછ્યું, 'મારા વિષે શું જાણો છો ?'

'સાલા ! તું કાશ્મીરી છે. અમૃતસરથી આવ્યો છે. રામપુરમાં પણ રહેતો હતો. પત્રકારત્વની દુનિયામાં તું આંટાફેરા મારે છે. બિસ્મીલ્લાહ હોટેલમાં જમે છે, જેના તારે દસ રૂપિયા દેવાના બાકી છે. ભીંડી બજારમાં એક પાનવાળો તારા નામને રડે છે. જેની પાસેથી તે વીસ રૂપિયા અને દસ આનાની સિગારેટ ફૂંકી છે. તે રસ્તો પણ તેં બદલી નાંખ્યો છે. હું શું નથી જાણતો ?' ગંભીર ચહેરે એ બોલ્યો.

મમદુભાઈની વાત સાંભળી મને પરસેવો છૂટી ગયો. પછી હસતા હસતા મમદુભાઈ બોલ્યો, 'વિમટો સાહેબ, મેં એના પૈસા આપી દીધા છે. ચિંતા કરવાની જરૂર નથી. એ સાલાઓને એમ પણ કહી દીધું છે કે ખબરદાર ! વિમટો સાહેબને પરેશાન કર્યા તો. તમે ત્યાં આરામથી હરો ફરો. તમારું કોઈ નામ નહીં લે.'

મલેરિયા જેવી બીમારી અને માથા પર લદાયેલા દેવાના બોજાથી છૂટકારો અપાવી મમદુએ મારા પર મોટો ઉપકાર કર્યો તેથી મારા અંતરમાંથી દુઆ નીકળી કે મમદુભાઈ, તમે ખુશ રહો, સલામત રહો.

તંદુરસ્ત થયો ત્યાં સુધી ડૉક્ટર પિન્ટોએ મારી કેટલી ય વિઝીટ લીધી. એ દરમિયાન મેં ફી આપવા આગ્રહ કર્યો, પરંતુ તેણે કહ્યું, 'વિમટો સાહેબ, આ મારો અને મામદુભાઈનો મામલો છે. તમારી પાસેથી ફી ન લેવાય.'

પંદર દિવસની બીમારી દરમિયાન મમદુભાઈ એના સાથીઓ સાથે મુલાકાતે આવતો અને ધારણ આપતો કે 'વિમટો સાહેબ, મલેરિયા તો સાવ સામાન્ય બીમારી છે. તમે જલદી સારા થઈ જશો.'

એ એક એકવડા બાંધાનો હિમ્મતવાન જુવાન હતો. પચીસ ત્રીસ વરસ એની ઉમ્મર હશે. એના વિષે સાંભળેલી અનેક પ્રકારની વાતોને સરખાવતાં એમ નહોતું લાગતું કે એ પ્રકારનો આદમી હોય. એના માટે એવા પ્રકારનું કોઈ અનુમાન પણ ન થઈ શકે. તેમ છતાં ય એની સલવારના નેફામાં છૂપાવી રાખેલા ખંજર વિષે વિચારું તો મારા શરીરનાં રૂંવાટાં ઊભાં થઈ જતાં.

હું જ્યારે બીમારીમાંથી સંપૂર્ણ સાજો થઈ ગયો ત્યારે ચીની હોટેલમાં મમદુભાઈ સાથે મુલાકાત થઈ. એ એના ધારદાર ખંજરથી નખ સરખા કરતો હતો. એ જોઈ મેં પૂછ્યું, 'મમદુભાઈ, આજકાલ પિસ્તોલ - બંદૂકનો જમાનો છે. આ ખંજર રાખવાનો શો અર્થ ?'

મૂછના આંકડા પર આંગળી ફેરવતા એ બોલ્યો : 'વિમટોભાઈ, બંદૂક - પિસ્તોલ રાખવામાં કાંઈ મજા નથી. એ તો નાનાં છોકરાંઓ પણ ચલાવી શકે છે. ઘોડો દબાવો કે વાહ ... વાહ ! લાઠી - છૂરી - ચાકુ - ખંજર એમાં જે મજા છે એ બીજામાં નથી. એને શું કહો છો તમે ?? આર્ટ ! ... કલા, હા. જેને લાઠી, ચાકુ, છૂરી, ખંજરની કલા ન આવડે તેનું નામ ધૂળ. ગન - પિસ્તોલ એ તો નાના બાળકોની રમત છે. અને હાનિકર્તા ય ખરી. આ ખંજર જુઓ.' એની ધાર સાથે થૂંક લગાડતાં મારી તરફ જોઈ કહ્યું, 'જુઓ. કોઈ ધડાકો થતો નથી. સફાઈથી કોઈના પેટમાં ઘુસાડી દો તો ખબર જ ન પડે. બંદૂક, પિસ્તોલ એ બધું બકવાસ છે.'

પછી તો કોઈ ને કોઈ વખતે એની મુલાકાત થઈ જતી. મારા પર એનો ઉપકાર હતો. એટલે એ વિષેની જ્યારે વાત કરતો ત્યારે એ મારાથી નારાજ થઈ જતો. કહેતો કે મારી ફરજ હતી. કોઈ ઉપકાર નથી.

જ્યારે એના વિષે મેં વધુ માહિતી મેળવી ત્યારે જાણવા મળ્યું કે એ વિસ્તારનો એ હાકિમ (બાદશાહ) છે. એણે રાખેલી સી.આઈ.ડી. મારફત એ વિસ્તાની બધી માહિતી એને મળતી રહે છે. અને એ રીતે લોકોને એ મદદગાર થાય છે. લોકોને એનાથી સંતોષ છે.

લોકવાયકા પ્રમાણે એ એક ગુંડો હતો, પરંતુ કયા પ્રકારનો ગુંડો હતો, એ હું જાણતો નથી. કારણ કે મારી જાણ પ્રમાણે એને એવું કોઈ કામ કર્યું નહોતું કે એને ગુંડો કહી શકાય. હા, એની મૂછો અને પાણીદાર આંખો દેખાવે ઘણી ભયભીત લાગતી હતી. એની એ સારી રીતે તકેદારી રાખતો. આંખો તો કુદરતી રીતે જ પાણીદાર હતી, પરંતુ મૂછોને એ હંમેશાં તેલવાળા હાથથી તાવ દેતો હતો. કદાચ એ મૂછોનું નામ જ મમદુ હશે ! આમ તો મમદુનો અર્થ જ પ્રસંશાપાત્ર થાય છે. એના સલવારના નેફામાં રાખેલા ખંજરથી તો મને પણ ડર લાગતો હતો.

એ વિસ્તારમાં એના વસવાટથી જ એ વિસ્તારની ધંધાદારી સ્ત્રીઓ હૂંફ અનુભવતી હતી. જો કે હું જાણું છું ત્યાં સુધી કોઈ તવાયફ સાથે એનો દૂરથી ય સંબંધ નહોતો. એનું ભણતર માંડ ચાર ચોપડી સુધીનું હશે. છતાં ય મારે એની ગાઢ દોસ્તી હતી, જેની એના દોસ્તોને ઈર્ષા આવતી.

એક સવારે ઓફિસે જતાં રસ્તામાં ચીની રેસ્ટોરન્ટમાં કોઈએ મને કહ્યું કે મમદુભાઈને પોલીસે અટકાયતમાં લીધો છે. પૂછપરછ કરતાં એક વ્યક્તિ પાસેથી જાણવા મળ્યું કે આરબ ગલીમાં રહેતી સ્ત્રીએ મમદુભાઈ પાસે આવીને ફરિયાદ કરી કે 'મારી જુવાન છોકરી પર ફલાણા માણસે બળાત્કાર કર્યો છે. અને મમદુ, તારા પેટનું પાણી ય હાલતું નથી। લઅનત છે તારા પર. તું દાદો છે તો શું કામનો?'

મમદુભાઈએ તે સ્ત્રીને સંબોધીને પૂછ્યું : 'તું શું કહેવા માંગે છે?'

સ્ત્રી બોલી : 'મારી ઈજ્જત ધૂળમાં મળી ગઈ છે. તું એ જુલમગાર કમીના બદમાશને જમીનમાં ગારત કરી દે નહીં તો હું ઝેર ખાઈને મરી જઈશ.'

આ વેળા મમદુ હોટલમાં બેસી જમી રહ્યો હતો. એ ખાવાનું પડતું મૂકી ત્યાંથી ઊઠ્યો. સલવારના નેફામાંથી ખંજર કાઢી થૂંકવાળી આંગળીથી ખંજરની ધાર ચકાસી બોલ્યો : 'જા બેન, તારું કામ થઈ ગયું સમજ. મારા વિસ્તારમાં આજ સુધી આવું બન્યું નથી. એમાં તારી જ ઈજ્જત નથી, મારી પણ છે.' વેર લેતી વેળા માણસને કોઈ કામ ઘાતકી લાગતું નથી. એક કલાકની અંદર તો એ વ્યક્તિ મોતને ઘાટ ઊતરી ગઈ હતી.

મમદુએ એ કામ એટલી હોશિયારીથી કર્યું કે કેસ પુરવાર કરવા માટે પોલીસને કાંઈ પણ હાથ લાગ્યું નહીં. કદાચ આંખે દીઠો પુરાવો હોત તો ય મમદુની વિરુધ્ધમાં જબાની આપવા તે હિંમત ન કરત। પોલીસ ખાતાના ઉચ્ચ અધિકારીઓ સાથે પણ મમદુને ઓળખાણ હતી. એટલે બીજે દિવસે જામીન પર એ ઘેર આવી ગયો, ત્યારે એના વિષે હું વિચારતો હતો કે જિંદગીએ એની સાથે દગાબાજી કરી છે. કારણ કે જેની મૂછો કાયમ ઊંચી રહેતી તેને આ સમય જોવાનો વારો આવ્યો હતો।

ચીની હોટેલમાં એની મુલાકાત થઈ. જેને હું કાયમ સફાઈદાર પરિવેશમાં જોતો હતો તેનાં ગંદાં કપડાં જોઈને મેં એને કશું ય પૂછ્યું નહીં. છતાં દોસ્તીને નાતે એણે એની જાતે મને કહ્યું, 'વિમટો સાહેબ। મને અફસોસ એ વાતનો થાય છે કે સાલો, તરત જ મર્યો નહીં। એને મરતા થોડી વાર લાગી. ખંજર મારતાં મારી ભૂલ એ થઈ કે હાથ થોડોક વાંકો થઈ ગયો. એ પણ એના વાંકે. એને મરતા તકલીફ થઈ એનું મને દુઃખ છે.'

કોર્ટ કચેરીનું કામકાજ શરૂ થયું પણ મમદુભાઈને એ વિષે કશો ય અનુભવ નહોતો. સાક્ષી, વકીલ, મેજીસ્ટ્રેટ વિષે એ કશું ય જાણતો નહોતો. એટલે એ ખૂબ ગભરાતો હતો. કદાચ આ પહેલાં એને કોર્ટ કચેરીએ જવાનું થયું નહીં હોય, એમ હું માનું છું. કારણ કે આ પહેલાં આવા કોઈ લફરામાં એ સંડોવાયો નહીં હોય।

કોર્ટમાં મેજીસ્ટ્રેટ પાસે કેસની રજૂઆત થાય છે એની એને ખબર હતી નહીં. એટલે એ મને વારંવાર કહેતો કે, 'વિમટો સાહેબ, હું મરી જઈશ પણ અદાલતમાં જવાનો નથી. જ્યારે મને ખબર જ નથી કે એ કેવી જગ્યા છે.'આરબ ગલીમાં બીજા એના કેટલા ય સાથીદારો હતા જે એને ધારણ આપતા કે, 'મમદુભાઈ ગભરાવાની જરૂર નથી. કોઈ સાક્ષી પુરાવવાના નથી. એટલે તમને કોઈ સજા નહીં થાય. પરંતુ આ તારી ડરામણી મૂછો મેજીસ્ટ્રેટને તારા વિરુધ્ધ ઉશ્કેરે તો નવાઈ નહીં।' જે કંઈ હતું તે એની મૂછો જ હતી. એણે જ દાદાની પ્રતિમા ઊભી કરી હતી. બાકી કંઈ હતું નહીં.

મમદુભાઈ પણ વિચારતો હતો કે એની મૂછોએ એ વ્યક્તિનું ખૂન કર્યું છે કે ખંજરે? એ કોઈ નિર્ણય કરી શક્યો નહીં. એટલે જે ખંજરે પ્રથમવાર કોઈના ખૂનથી તરસ બુઝાવી હતી તે સલવારના નેફામાંથી કાઢી બહાર ફેંકી દીધું.

મેં આશ્ચર્યચકિત થઈ પૂછ્યું, 'મમદુભાઈ, આ શું?'

'કાંઈ નહીં, વિમટો સાહેબ. ઘણો મોટો ગોટાળો થઈ ગયો છે. કોર્ટ કચેરીમાં જવાનું છે. દોસ્તો કહે છે કે મારી મૂછો જોઈને જ મેજીસ્ટ્રેટ મને સજા ફટકારશે. બોલો શું કરું?'

'હું શું બોલી શકું, મમદુભાઈ।' એની મૂછો તરફ નજર કરી તો મને પણ ડર લાગ્યો. મેં કહ્યું, 'વાત તો ઠીક છે. મૂછો જ મેજીસ્ટ્રેટના ફેસલાની તરફદારી કરશે. જે કાંઈ થશે તે તમારી વિરુધ્ધ નહીં પણ મૂછોની વિરુધ્ધમાં હશે.'

'તો મૂછો મુંડાવી નાંખું?' મૂછો ધીમે રહીને ઉપર કરતાં મમદુભાઈએ કહ્યું.

મેં પૂછ્યું, 'તમારો શું વિચાર છે?'

'મારો વિચાર ન પૂછો. તમારા બધાનો એકમત છે તો મૂછો મુંડાવી જ નાખું. મેજીસ્ટ્રેટ મહેરબાન થઈ જાય.'

મેં થોડી વાર વિચાર કરી કહ્યું, 'તમને યોગ્ય લાગે તો મુંડાવી નાંખો. અદાલતનો પ્રશ્ન છે. અને તમારી મૂછો પણ ડરામણી છે.'

બીજા દિવસે મમદુભાઈએ મૂછો મુંડાવી નાંખી તો પોતાની પ્રતિષ્ઠા ભયમાં મુકાતી દેખાઈ.

ન્યાયાધીશ એફ. એચ. પટેલની કચેરીમાં કેસ ચાલ્યો ત્યારે મમદુભાઈ વગર મૂછોએ મેજીસ્ટ્રેટ સામે હાજર હતો. તે દિવસે મારે પણ ઓફિસમાંથી રજા હતી એટલે હું પણ કોર્ટમાં ગયો હતો. કોઈ પણ સાક્ષી પુરાવા હતા નહીં, છતાં ય મમદુ એક ખત્તરનાક ગુંડો છે, એમ કહી એને બે વરસ માટે રાજ્યમાંથી તડીપાર કરવાનો હુકમ જાહેર કર્યો. ચોવીસ કલાકમાં હિસાબકિતાબ કરી લેવાનો હતો.

બહાર નીકળ્યા પણ મમદુભાઈએ મારી સાથે વાતચીત કરી નહીં. એની આંગળીઓ એના હોઠ પર ફરતી હતી પણ ત્યાં મૂછો હતી નહીં.

તે પછી એ સાંજના ઈરાની હોટલમાં મારે એની સાથે મુલાકાત થઈ. એના પંદરવીસ મિત્રો એની આસપાસ ખુરસીઓ પર બેસી વાતચીતમાં ખોવાયેલા હતા. હું એને મળ્યો. સલામ કરી, પણ એ કાંઈ બોલ્યો નહીં. મૂછો વિના એ એક શરીફ માણસ લાગતો હતો, પણ ચિંતામય હતો.

ખુરસી પર બેસતા મેં પૂછ્યું, 'શું વાત છે, મમદુભાઈ?'

ન જાણે એણે કઈ વ્યક્તિને સંબોધી ગાળ દીધી। પછી એ બોલ્યો, 'હવે આ તે મમદુભાઈ નથી. મને ખબર હતી કે મારે બીજા રાજ્યમાં તડીપાર થવાનું છે. અહીં નહીં તો બીજે ક્યાં ય.' એણે બધા જ વિસ્તારોને ગાળો ભાંડી. 'તડીપાર થયો એનું મને દુઃખ નથી. અહીં નહીં તો બીજે ક્યાં ય ગમે ત્યાં। પણ મૂછો શું કામ મુંડાવું?'

તે પછી તે સહુને કે જેમણે એને મૂછો મુંડાવવાની સલાહ આપી હતી તે સૌને પેટ ભરીને ગાળો ભાંડી, બોલ્યો : 'મારે તડીપાર થવાનું હતું તે મૂછોની સાથે જ કેમ નહીં?'

મને એની વાત પર હસવું આવી ગયું ત્યારે એ બોલ્યો, 'વિમટોભાઈ, ... તમે પણ કેવી જાતના માણસ છો? હું સાચું કહું છું એમાં હસવું શાનું આવે છે? ... અરે! મને ફાંસીએ પણ ચઢાવી દીધો હોત તો ય મારે ડરવાનું શું હતું?'

'આ મેં કેવી બેવકૂફી કરી! હું કોઈથી ડરતો નહોતો અને આજે હું મારી પોતાની મૂછોથી ડરી ગયો?!' એમ કહી પોતાના ગાલ પર બે લપડાક મારી બોલ્યો, 'મમદુ, તારા પર લઅનત છે. તું તારી મૂછોથી ડરી ગયો।

જા હવે તારે ઘેર !' કહેતાં જ એની આંખોમાંથી આંસુ ટપકી પડ્યાં, જે એના મૂછ વિનાના ચહેરા પર કઢંગા લાગતા હતાં.

બે વરસ બાદ, એ જ્યારે મુંબઈ પાછો આવ્યો ત્યારે પોલીસ ખુશ હતી, પણ મેજીસ્ટ્રેટ પટેલે બીજા રાજ્યમાં પોતાની બદલી કરાવી લીધી હતી.

[3, Shernhall Street, Walthamstow, LONDON E17 3EU, U.K.]

●

(૬)

# જીર્ણોદ્ધાર

★ દુર્ગેશ ઓઝા

જાતજાતનાં ફરસાણ તેમ જ ભાતભાતની મીઠાઈ બનાવવામાં નિપુણ એવા મગને બીજું બધું છોડી હવે માત્ર પેંડા બનાવવા પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. અને તે હવે 'મગન પેંડાવાળા' તરીકે જ ઓળખાવા લાગ્યો હતો. મગનના પેંડા એના જીવનરથના પૈડાંને સજાગપણે ચલાવવા પૂરતા હતા. 'પેંડાનું માફક ગળપણ અને મગનનું ભાવક ભોળપણ' - આ બંનેનો સમન્વય કંઈ અજબ લય સર્જતો હતો. હા, તે હાથ સાથે હૈયાને પણ જોડતો હતો. દૂર - સુદૂરથી શ્રધ્ધાળુ સુપ્રસિધ્ધ મંદિરના દર્શનાર્થે ઊમટી પડતા. જાતજાતનો પ્રસાદ ભગવાનને ચડે, પણ મોટે ભાગે એમાં મગનના પેંડા તો હોય જ. એક તો મંદિરની સમીપ જ એની દુકાન, દાઢમાં રહી જાય એવો પેંડાનો સ્વાદ. વળી થોડી જ વારમાં અજાણ્યાને પોતાનો કરી લેવાની મગનની સહજ પ્રકૃતિ. એના પેંડાની મીઠાશ આ બધાથી વધુ ઊઘડતી હતી.

શહેરમાં રહેતો રઘુ એની પત્ની તુલસી સાથે મંદિરે આવ્યો. એમને મળ્યો આ મગન. અને જાણે કેમ વર્ષોથી ઓળખતા હોય એમ બંને અજાણ્યા થોડીવારમાં મિત્રો બની ગયા. પહેલી જ મુલાકાત લાગણીની અમીરાત જન્માવી ગઈ.

દર્શન, પ્રસાદનો લહાવો લીધા પછી રઘુએ મંદિરની બહાર આવી ફરી મગન સાથે થોડી વાતો કરી. પછી તેણે શહેરમાં જવાની તૈયારી કરી એટલે મગને હૃદયની વાત કરી. 'આજે તો તમારે ઉતાવળ છે એટલે રોકતો નથી. પણ બીજી વાર આવો ત્યારે જમવાનું મારે ત્યાં. ખોટી હા ન પાડતા. બોલો, આવશો ને ?'

અને આ સીધાસાદા માણસ પાસે રઘુએ પેટછૂટી વાત કરી દીધી. 'સાચું કહું ? આ તો માનતા હતી તે પૂરી થઈ. આ બાજુ આવવાનું હવે તો ... પણ હા, જો હું આવીશ તો ત્યારે તમારે ત્યાં જ જમવા આવીશ; બીજા કોઈને ત્યાં નહીં. આ મારું વચન છે, બસ ?'

અને રાજી રાજી થઈ ગયેલા મગને પેંડાનું પેકેટ પરાણે પકડાવ્યું. રઘુ 'ના ... ના' કરતો રહ્યો, પણ મગન જેનું નામ ... કહે, 'આ વીસ રૂપિયાનું પેકેટ લેતી વખતે ય લોકો ચાખવાના બહાને એકાદબે પેંડા મફ્ત પેટમાં પધરાવે પછી વીસની નોટ ફેંકી હાલતા થઈ ભગવાનને ધરાવે ... ! જ્યારે તમે વીસને બદલે પચીસ આપ્યા. મફ્તની એકાદ કટકી ય ન ચાખી. આજે ઘણા વખત પછી મેં અસ્સલ ભગવાનનો માણસ જોયો છે. એટલે આના પૈસા તો હું કોઈ કાળે નહીં લઉં. હું પેંડા તો રોજ વેચું છું. આજે વહેંચવા દો ... '

આ વાતને જોતજોતામાં પાંચ વરસ થઈ ગયાં. ત્યાં સુધીમાં ઘણું બધું બદલાઈ ગયું હતું. શહેરમાં નાની હાટડી ચલાવતો રઘુ હવે હતો રઘુનંદન શેઠ ! જે ઘણા વખત બાદ મગનના ગામમાં મોટા દાતા તરીકે મંદિરના જીર્ણોધ્ધાર માટે આવી રહ્યા હતા. તેમના સ્વાગતની તડામાર તૈયારી થઈ રહી હતી. શેઠે આવતા વેંત ચોમેર નજર ફેરવી. પહેલો પ્રશ્ન કર્યો, 'અરે, અહીં પેલો મગન હતો એ ક્યાં ગયો ? મગન પેંડાવાળો ?'

'શેઠ, તમે પેલા 'બાવા મગન'ની વાત કરો છો ?'

'બાવો મગન ?!'

'હા, શેઠ. એને બાવો જ કહેવાય ને ? એની દુકાન તો ધમધોકાર ચાલતી 'તી પણ પત્નીની ગંભીર બીમારી. કરજ થઈ ગયું. પણ પ્રામાણિકતાનું પૂછવું ખરો ને ? દેવું ચૂકવવા દુકાન વેંચી મારી. હવે એયને ગામને છેવાડે નાનકડી ઓરડીમાં રહે છે ! રેંકડીમાં પેંડા કાઢે છે. કહો ને કે ગાંડા કાઢે છે. પત્ની મરવાના વાંકે જીવે છે ! પણ શેઠ, તમને કેમ આ ભૂખડીબારસ બાવો અત્યારે યાદ ... ?!!'

'મારે એની હારે જૂનો હિસાબ પતાવવાનો છે.'

'એમ ? તો અબઘડી એ મગનાને અહીં ... '

'ના. આપણે જ એને ત્યાં જઈએ.'

મગને ખખડધજ બારણું ખોલ્યું. અને ... 'અરે, રઘુભાઈ, તમે ? ... મારે ત્યાં ? અરે રાધા, આમ તો જો કોણ આવ્યું છે ? આપણા રઘુભાઈ ... !'

'એ ય મગના, મોઢું સંભાળીને બોલ. રઘુનંદન શેઠને રઘુભાઈ કહેતા શરમાતો નથી ?' કોઈ વચ્ચે બોલી ઊઠ્યું, જેને વારતા રઘુએ કહ્યું : 'ભાઈ, એ બરાબર બોલે છે. મગનભાઈ ... યાદ છે તમને ?'

'શેઠ, મને મને બધું ય યાદ છે.'

'નહીં મગનભાઈ, તમારા મોઢેથી 'રઘુભાઈ' સાંભળવામાં જે મજા છે તે 'શેઠ'માં નથી. એ કામ બીજાને કરવા દો. નહીંતર હું જમ્યા વિના અહીંથી ચાલ્યો જઈશ !'

'શેઠ, આપને ગામની હવેલીમાં મંદિરના ટ્રસ્ટીઓ સાથે ભોજન લેવાનું છે. બધું પાંચ દિવસ પહેલાંનું નક્કી થઈ ગયું છે.'

'પણ મારે આ મગનભાઈને ત્યાં જમવાનું પાંચ-પાંચ વરસ પહેલાંનું નક્કી થઈ ગયું છે. એનું શું ? તમતમારે જાવ. પાંચ વાગ્યે આપણે મળશું.' દાનની રકમ સરકી ન જાય એટલે બધા એકબીજા સામે તાકી, સરકી ગયા અને મગન ગળગળો થઈ ગયો.

'રઘુભાઈ, મારી પાસે તમને બેસાડવા સારુ ... ... !'

'ભલા માણસ, પ્રેમ છે એટલું પૂરતું નથી ? ને તમને આટલી બધી વિપદા પડી તો ય મને જાણ ન કરાય ? મારું નામઠામ તો ... ... '

'રઘુભાઈ, સ્વાર્થી બનતા ન મને કદી આવડ્યું કે ન કદી આવડશે. મૂકો એ બધી લપ !'

બંને વાતે વળગ્યા. રઘુએ વાતવાતમાં રાધાની માંદગી તેમ જ ઘરની હાલત વિશે જાણવાની કોશિશ કરી, પણ મગન જેનું નામ ... જો કે જેમ જેમ તે વાત ઉડાડતો ગયો તેમ તેમ રઘુનંદન શેઠ બધું પામતા ગયા. ...

સાંજે મંદિરના ટ્રસ્ટીઓની મિટિંગમાં રૂપિયા આઠ લાખનું દાન આપવાની લાગણીને સન્માનતા પ્રમુખ, રઘુનંદન શેઠનો આભાર માની રહ્યા હતા, ત્યાં જ શેઠે એક શરત મૂકી. જેથી સૌને આંચકો લાગ્યો.

'શેઠ, આપે તો બિનશરતી દાનની વાત કરેલી ને એ ભૂખડીબારસ માટે આપ આ બધું ... ?!'

'સારા માણસને તમે ભૂખડીબારસ કહો છો ? મારે માનવમંદિરનો

એકડો કાઢી જડી પથ્થરનું મંદિર નથી શણગારવું. ગરીબી, બીમારી, ખુવારી વેઠીને પણ જેણે ખુમારી ન છોડી, પાઈએ પાઈનું દેવું પ્રામાણિકતાથી ચૂકવી દીધું એવા તમારા જ ગામના આ ખરા મહામાનવને બેઠો કરવામાં તમને વાંધો શો છે ? જો મંજૂર હોય તો હા કહો, નહીંતર દાન કેન્સલ ... !' રઘુનંદન શેઠે સાફ સંભળાવી દીધું. ... થોડો ચણભણાટ, વિરોધ; પણ આઠ લાખ રૂપિયાનો સવાલ હતો ! અંતે સંમતિ મળી.

રઘુએ મંદિરની સામે જ મગનને દુકાન લઈ દીધી ને એની પત્નીને ઘનિષ્ટ સારવાર અપાવી નવજીવન બક્ષ્યું. મગન દર વખત 'ના, ના' કરતો રહ્યો ત્યારે રઘુ કહેતો રહ્યો : 'યાદ છે તે દિવસે મેં 'ના ... ના' કરી 'તી, તો ય 'તે' પરાણે પેંડાનું પેકેટ પકડાવ્યું હતું ? મેં કેમ લઈ લીધું હતું ? હવે મારો વારો છે, શું સમજ્યા !'

'પણ એ તો ખાલી વીસ રૂપિયાની વાત. તમે તો આટલું બધું.'

'મગન, વાત રૂપિયાની નહીં, લાગણીની છે. મિત્રતાની છે. ત્યાં તોલમાપ ન હોય.'

મગનની દુકાન ફરી જામી ગઈ હતી. પણ એક વાતનું ઘણાંને કૌતુક છે. બધાં મગનને ત્યાં પેંડા લઈ મંદિરમાં દેવને ધરે છે, જ્યારે મગન રોજ દુકાન ખોલતી વખતે, દીવો કરતી વખતે અને વારંવાર રઘુની છબીને નમન કરી એને પેંડા ધરાવે છે.

અને હા, શેઠે દાનની સામે એ શરત મૂકેલી કે 'મંદિરમાં ભક્તો ભલે બીજે પ્રસાદ પણ ધરે, પરંતુ 'મુખ્ય પ્રસાદ તરીકે પેંડા' જ ધરવામાં આવે એવો નિયમ કરો.'

[Plot Mo. 28B, Jalaram Nagar, Rajiv Nagar, Behind Shreeji Duplex, Narsang Tekri, PORBANDAR - 360 575, India]

●

(૭)

# 'યા ! અલ્લા !'

★ નવીન વિભાકર

અનંત, દૂર એટલેન્ટિક મહાસાગરના ઉછળતાં મોજાંઓને જોઈ રહ્યો. વેકેશન ક્લબ રિસૉર્ટના 'લા - કબાના' નામના રિસૉર્ટની ડેક પર, રિક્લાઈનર - ઢળતી - ખુરશીમાં, સ્વીમીંગ કોસ્ચ્યુમમાં, ભીંજાયેલા દેહને, કોરું કરવા, બેઠો બેઠો, દૂર, અનંત મહાસાગરમાં નજર નાખતો હતો. થોડે દૂર, કિનારાથી, મીત અને મીતા, બંને ભાઈબહેન, બોટીંગ કરી રહ્યાં હતાં.

ક્યાંથી ક્યાં આવી ગયા ! ક્યાં યુગાન્ડા, ક્યાં અમેરિકા અને ક્યાં આ અરૂબા ટાપુ ! દક્ષિણ અમેરિકાની પૂર્વે ! નિર્વાસિત થઈ અમેરિકા આવવું પડ્યું. સંઘર્ષ કરી, વ્યાપાર ખેડ્યો. પણ શરૂઆત ? દોમદોમ સાહ્યબી છોડી, સર્વસ્વ છોડી - ફરજિયાત છોડવું પડેલું. આવીને થોડો વખત તો રિફ્યુજી કૅમ્પમાં રહ્યાં. ચર્ચની કમિટીએ થોડા મહિના મદદ કરી. પછી તેને અને કુંદનને કલાકના ફક્ત પાંચ ડોલરના હિસાબે, મહિને આઠસો ડોલરનું કામ મળ્યું. એ પણ ગ્રોસરી સ્ટોરમાં. ત્યાં ઘરે નોકરોચાકરો, ગાડીઓનો ઝમેલો હતો. અને અહીં અમેરિકામાં હવે કોઈના નોકર બની, હુકમનું પાલન કરી, અરે, સામાન પણ ઉઠાવી, તેની જગ્યાએ ગોઠવવો પડતો હતો. કુંદનને પણ 'ડે કેર'માં જગ્યા મળતાં, બન્નેને મહિને મળતા બારસો ડોલરમાંથી, માંડ માંડ પૂરું થતું હતું. તેમાથી બે બેડરૂમનો અૅપાર્ટમેન્ટ રાખ્યો. પાંચસો ડોલર તો ભાડામાં જતા હતા. જ્યાં મર્સીડિસ કારો ઘરે હતી, અત્યારે બસમાં કામે જવું પડતું હતું.

ત્રણ વરસ આવી હાલાકી ભોગવી, છેવટે, પોતે ટેલિકોમ એન્જિનિયર હતો અને મોટી કંપનીમાં કામ મળતાં, ધીમે ધીમે ઠરીઠામ થયાં. મીત આવ્યો. બે વરસે મીતા આવી. મોટી કંપનીમાં ટેલિ-કમ્યુનિકેશન્સનો અનુભવ લઈ, પોતાની કંપની ખોલી. ચાર વરસની સખત મહેનતથી, તે ટોચની કંપની બની ગઈ. બંગલો આવ્યો. જાહોજલાલી પાછી આવવા લાગી. સાથે ઉંમર પણ વધવા લાગી.

આજે વેકેશન ક્લબના રિસૉર્ટના 'ટાઈમશેર'માં અરૂબા ટાપુ પર રિસૉર્ટમાં સહકુટુંબ રજાઓ માણવા આવ્યા હતાં. દૂર દૂર ઉછળતા સાગરનાં મોજાંઓ જોઈ, લેઈક વિક્ટોરિયાનાં સમથળ પાણી યાદ આવી ગયાં. લેઈકને કિનારે પોતાનો આવેલો બંગલો નજર સામે તરી આવ્યો. કિનારે પીઅરની ડેકની સાથે બાંધેલી પોતાની બોટ, હાલકડોલક થતાં દેખાઈ રહી. મીત અને મીતાને બોટીંગ કરતાં જોઈ, પોતે તાજો જ પરણીને કુંદનને લેઈક વિક્ટોરિયામાં સહેલ કરવા લઈ ગયો હતો તે દિવસો સાંભરી આવ્યા.

'અનંત ! અરે, એ અનંત ! શું વિચારમાં ખોવાઈ ગયા ?' કુંદને પૂછ્યું અને આવીને પાસે બેઠી. પંચાવન સાઠ વરસની ઉંમરે પણ કુંદન હજી એવી જ ગરવી અને સ્વસ્થ લાગતી હતી.

'કુંદન !' તેનો હાથ સ્નેહથી હાથમાં લઈ તે બોલ્યો, 'કંઈ નહીં, કુંદન ! બસ, કમ્પાલા, એન્ટેબે, આપણો બંગલો, આપણી કાર, બોટ યાદ આવી ગયાં.'

'અનંત, ચાળીસ વરસ થઈ ગયાં એ વાતને ! હજી ય યાદ આવે છે ?' અને અનંત તે ગોઝારા દિવસો યાદ કરી રહ્યો.

૧૯૭૧માં યુગાન્ડામાં લશ્કરી બળવો થયો. મેજર જનરલ ઈદી અમીને પ્રેસિડન્ટ ઓબોટે સામે 'કૂ' કર્યું અને સત્તા પલટો થયો. ઈદી અમીને ઓબોટેની જાતિના લાખેક માણસોનો સંહાર કર્યો. અને પછી એશિયનોની આર્થિક પકડને ધીક્કારતા તથા આમ પ્રજાનું ધ્યાન બીજે દોરવા, યુગાન્ડાના બધાં જ એશિયનોની ત્રણ જ મહિનામાં હકાલપટ્ટીનો હુકમ આપ્યો. પચાસ રતલ વજનની બેગ અને ફક્ત સો ડોલર રોકડા જ લઈ જવા દેવાની પરવાનગી આપી. ત્રણ ત્રણ પેઢીઓથી જમાવેલો ધંધો, માલમિલકત, વાડીવજીફાં મૂકી એશિયનો ચાલી નીકળ્યાં. બ્રિટિશ સબજેક્ટ - નાગરિકોને તો બ્રિટને સમાવી લીધાં. બાકીનાંઓને 'નિર્વાસિત'રૂપે દુનિયાના બીજા દેશોએ લીધાં. અમેરિકન ચર્ચ તરફથી અનંત અને કુંદન અમેરિકા આવ્યાં. પણ છેલ્લે નીકળતી વખતના પ્રસંગે અનંતને હચમચાવી દીધો હતો.

ત્રણ મહિનામાં જ નીકળી જવાનું. કુંદન પાસે બ્રિટિશ પાસપોર્ટ હતો. બ્રિટિશ એમ્બેસીમાં વીઝા લેવા જવા લાંબી લાઈનમાં ઊભા રહેવું પડતું. નંબર લાગ્યો ત્યારે અનંતને કહેવામાં આવ્યું કે તે, પતિ તરીકે, બીજા દેશના નાગરિક છે તેથી તેની પત્ની બ્રિટન ન જઈ શકે. તે તેના પતિ સાથે જાય. અનંત મૂંઝાયો. એ વખતે કુંદન સગર્ભા હતી. હવે ? ભારતીય મૂળના હોવાથી ભારત જઈ શકે. ભારતીય કચેરીમાં જતાં, તેમણે ભયસ્થાન બતાવ્યું કે એક વાર ભારત જશો તો પછી બ્રિટન તેની જવાબદારીમાંથી છટકી જશે. અનંત ફરી પાછો બ્રિટિશ હાઈ કમિશનમાં ગયો. બ્રિટિશ હાઈ કમિશનર, ભારતીય હાઈ કમિશનર સાથે

વાટાઘાટમાં હતા. અનંત હતાશાથી બ્રિટિશ હાઈ કમિશનરની ઑફિસની બહાર ઊભો હતો. ત્યાં તો ભારતીય હાઈ કમિશનર બહાર નીકળ્યા અને અનંતથી બોલાઈ ગયું, 'અરે નિરંજન ! તું અહીંયાં ?' હાઈ કમિશનરે અનંત સામે જોયું. 'અરે ! અનંત, તું અહીં ? કૉલેજમાંથી નીકળ્યા પછી આપણો કોઈ કોન્ટેકટ ન રહ્યો. શું વાત છે ?'

અનંતે વસ્તુસ્થિતિ સમજાવી.

'ચાલ, મારી સાથે. હું અમેરિકન એમ્બેસીમાં જાઉં છું. છે ઈચ્છા અમેરિકા જવાની ? તેમણે હજાર ફેમિલીના વીઝા મંજૂર કર્યા છે. તારો ને કુંદનનો પાસપોર્ટ સાથે છે ?'

વિધિનું ફરમાન એવું હશે ! કુંદનને ફોન કરીને સમજાવ્યું. અને ભારતીય હાઈ કમિશનર, નિરંજન દેસાઈની મદદથી બન્નેને અમેરિકાના વીઝા મળી ગયા. શરૂઆતમાં કમ્પાલાથી ચોવીસ માઈલ દૂર એન્ટેબે એરપોર્ટ પર જતાં એશિયનોને ચેક-પોસ્ટ પર ઈદી અમીનના સૈનિકો ખૂબ રંજાડતા. ઘરેણાં, કિંમતી વસ્તુઓ તો આંચકી લેતા. પણ સો ડોલરની રોકડ રકમ પણ ખૂંચવી લેતા. આ કનડગતના રિપોર્ટ આંતરરાષ્ટ્રીય સ્તરે થતાં ફરેક દેશની એમ્બેસીએ જેટલાં નિર્વાસિતો સ્વીકાર્યાં હતાં તેમને લઈ જવા, રક્ષિત બસોની એરપોર્ટ પર લઈ જવાની કાર્યવાહી હાથ ધરી.

હજી કમ્પાલામાં બધું સમેટવાનું બાકી હતું. તેથી કુંદનને ન્યૂ યૉર્ક પહેલાં મોકલવાનું નક્કી થયું. સદભાગ્યે અનંતના મિત્રને ત્યાં, રિફ્યુજી કેમ્પમાં જવાને બદલે, ઊતરવાનું હતું, તેથી રાહત હતી.

પ્લેન રાત્રે ઉપડવાનું હતું. અનંત તેના ડ્રાયવર, ટેગે સાથે બસની પાછળ એન્ટેબે એરપોર્ટ પર જવા ઉપડ્યો. એરપોર્ટ એશિયનોથી ઉભરાઈ રહ્યું હતું. કેટલી ય ફ્લાઈટ્સ દુનિયાના વિવિધ દેશો ભણી ઉપડવા રાહ જોઈ ઊભી હતી. ચેકીંગ થઈ જતાં, અનંત અને ટેગેએ જોયું કે રાતના બાર વાગી ગયા છે. હવે પાછા જવું મુનાસિબ ન લાગતાં, આજુબાજુની હોટેલમાં રાત રહી જવાનું અનંતે વિચારી લીધું. પણ ત્રણ જ હોટેલ હતી. અને બધી ફ્લાઈટ્સ ડીલે થતી, છેક સવારે કે બીજે દિવસે ઉપડતી. તેથી હોટેલો ભરાઈ ચૂકી હતી. હવે શું કરવું ? અત્યારે રાત્રે પાછા ફરતાં, ચેક-પોસટ પર કોઈ સૈનિક કારને ઊભી રાખી, કનડગત કરે તો ? પણ ટેગેએ કહ્યું કે જે થાય તે. ઘર ભેગા થઈ જઈએ.

બન્ને ઉપડ્યા. ટેગે તો આફ્રિકન હતો. પણ પોતે તો ઈન્ડિયન હતો. શું થશે ? અનંતના મનમાં ફફડાટ હતો. એન્ટેબેથી અડધે પહોંચ્યા હશે અને ચેક-પોસ્ટ પર સૈનિકે રોક્યા. તે કારની નજીક રાઈફલ તાકતો આવતો હતો. ટેગેએ તેની બાજુની બારી ખોલી. પણ સૈનિક અનંત હતો તે બાજુ આવ્યો. અનંતે ગભરાટથી બારી ખોલી અને રાઈફલનાં નાળચાને સાવ અંદર જોઈ તેનાથી સહજ બોલાઈ ગયું : 'યા અલ્લા !'

સૈનિક થંભી ગયો. જ્યારે કંઈ કામ સરખું ન થાય ત્યારે 'યા અલ્લા !' બોલવાની અનંતને ટેવ હતી. આજે પણ બોલાઈ ગયું.

'વેવેની ઈસ્લામ ?' (તમે મુસ્લિમ છો ?) કિસ્વાહિલીમાં તેણે પૂછ્યું.

અનંત તો હેબતાઈ જવાથી જવાબ ન આપી શક્યો, પણ ટેગેએ સમયસૂચકતા વાપરી કહ્યું : 'ન્દીઓ !' (હા !)

'નેન્દા ! નેન્દા !' (જાઓ, જલદી જાઓ.)

અને ટેગેએ કાર પૂરપાટ મારી મૂકી.

ઈદી અમીન મુસ્લિમ હતો. પેલો સૈનિક મુસ્લિમ હતો. અને અનંત તેથી બચી ગયો. એ પછી તો સૈનિકોનો શહેરમાં રંજાડ વધતાં, અનંત ઘરના આગલા દરવાજે તાળું મારતો અને પાછલી ડેલીમાંથી ઘરમાં જતો. રાત્રે આખા ઘરમાં બત્તીઓ બુઝાવી નાંખતો. ટીવી બંધ જ રહેતું. બાકી રહેલા એશિયનો લગભગ એમ જ કરતાં.

બધું આટોપી ઈનકમટેક્સ ક્લીઅરન્સ મળતાં દમ નીકળી ગયો. જ્યાં જાઓ ત્યાં લાંચ ! માંડ માંડ બધું આટોપી, ટેગેને જે જોઈએ તે ઘરવખરી લઈ જવા દઈ, રોકડ રકમ આપી દઈ, માંડમાંડ અનંત કુંદન પાસે અમેરિકા ભેગો થઈ ગયો. મિત્રને ત્યાં બોજારૂપ ન બનતાં, રિફ્યુજી કેમ્પમાં ગયાં.

આખો પ્રસંગ સાંભળી કુંદન બોલી, 'બીજા બધાં એશિયનોને કેવા અનુભવો થયા હશે ? આપણે બધાં જ એશિયનો તો યુગાન્ડાની બહાર નીકળી ગયાં. પણ ઈદી અમીન જ્યાં સુધી હતો ત્યાં સુધીની યુગાન્ડાની પ્રજાની દારૂણ કહાણી વિષે કોણ લખશે ? એ પ્રસંગ યાદ આવતાં પણ લખલું આવી જાય છે અને તને હજી યુગાન્ડા અને આપણે છોડી આવેલું બધું યાદ આવે છે ? અહીં હવે શું કમી છે ? ... આપણું આખું કુટુંબ તો સાથે છે !'

'કુદન ! જ્યાં મોટા થયા, જિંદગીનો સૌથી મોટો ભાગ ત્યાં ગાળ્યો. તે કેમ ભૂલાય ? અને હવે સાઠપાંસઠની ઉંમરે ત્યાં જઈને શું કરીએ ? પ્રેસિડન્ટ મુસેવિની તો બધાંને પાછા બોલાવે છે. પણ હવે ભરોસો કેમ થાય ?'

ત્યાં તો મીત અને મીતા આવ્યાં. શરીર લૂછતાં બંનેની બાજુમાં બેઠાં. 'પપ્પા ! ખબર છે તમે યુગાન્ડાના મર્ચીસન્સ ફોલ્સ અને લેઈક વિક્ટોરિયામાંથી નીકળતી નાઈલ અને તેમાં રહેલાં મગરો વિષે વાત કરતા હતા. હવે પછીના આપણાં વેકેશન માટે આપણે યુગાન્ડા જઈએ તો કેવું ?'

અનંત અને કુંદનની નજરો મળી. ... એક જ પ્રશ્ન તેમાંથી છલક્યો : 'જઈશું ?' ... ... એ એક જ પ્રશ્નમાં કેટકેટલા જવાબો હતા !

[6291, Rock Creek Circle, ELLENTON, FL 34222, U.S.A.]

•

(૮)

# વતનની મહેક

★ જયંતી એમ. દલાલ

ઉનાળાનો બળબળતો બપોર હતો. ગરમીથી બફારો એટલો બધો વધી ગયો હતો કે નાછૂટકે જ ઘરમાંથી બહાર નીકળવાની ઈચ્છા થતી. પ્રાણજીવન શાંતિથી ઊંઘતા હતા. અચાનક જ રસોડામાંથી આવતા ઘોંઘાટથી એમની ઊંઘ ઊડી ગઈ. ફરી એક વાર સાસુ-વહુ મોટેમોટેથી ચીસો પાડીને ઝઘડતા હતાં.

'તું જ્યારથી મારા આશિત સાથે લગ્ન કરીને આ ઘરમાં આવી છે, ત્યારથી રોજેરોજ મારી સાથે ઝઘડ્યા કરે છે. આ તને શોભે છે ? તારી માએ આવા સંસ્કાર આપ્યાં છે ?'

'જુઓ બા, તમારે મને જે કહેવું હોય એ કહો પણ મારી માને વચમાં લાવશો તો એ હું હરગીઝ સહન નહીં કરું.'

'પણ મેં તને એવું તે શું કહી નાખ્યું છે કે આટલા મોટેથી રાડારાડ કરે છે?'

'આજે કામવાળી ન આવી એ શું મારો વાંક ગુનો છે ? હું તો વાસણ ચોકડીનું કામ પતાવતી હતી, ત્યારે તમે મારી સાથે કેવો ઉધ્ધત વર્તાવ કર્યો ?'

'હેં, મેં ઉધ્ધત વર્તાવ કર્યો કે તેં કર્યો ? એવું તે મેં તને શું કહી નાખ્યું ?

મેં તો તને એટલું જ કીધું કે વાસણ ચીકણાં ન રહી જાય અને વાસણો કપડાંથી લૂછીને સ્ટેન્ડમાં ગોઠવજે. આમાં મેં તારું કયું અપમાન કર્યું ?'

'બા, તમે બોલો છો ત્યારે તમને બોલવાનું ભાન હોતું નથી. જે ટોનમાં તમે બોલ્યાં, એનાથી મારો ગુસ્સો બમણો થયો. હવે હું કંઈ વાસણ સાફ કરવાની નથી જ નથી. ...'

કહીને રેણુકા ગુસ્સામાં ઊભી થઈ ગઈ. અચાનક પ્રાણજીવન દેખાયા.

'તમને બંનેને આ ઘરમાં સુખશાંતિથી રહેતાં નથી આવડતું ? આ માટે આટઆટલા ઉગ્ર સાદે એકબીજા પર દોષારોપણ કરો છો ?'

'બાપુજી, હું જ્યારથી આ ઘરમાં પરણીને આવી છું, ત્યારથી બા મને હમ ઉપર હમ આપ્યા કરે છે. હું ક્યાં લગી સહન કરું ?'

'એ અપલખણીની એક પણ વાત સાંભળતા નહીં. કામ કરવું નથી અને હરામનું ખાવું છે. મારા ભોગ લાગ્યા કે ઠેઠ જામનગરની છોકરીને વહુ બનાવીને મુંબઈમાં લાવી ?'

'હવે તમે બંને જણા શાંત રહો.' પ્રાણજીવને હુકમ કર્યો.

એ રાતે જ પ્રાણજીવને તત્કાલ નિર્ણય લઈ લીધો. રાતના પડખે સૂતેલી મહાલક્ષ્મીને જગાડતાં બોલ્યા : 'મહાલક્ષ્મી, મેં તો અગાઉ તને કહ્યું હતું કે ચાલ, ગામમાં જઈને રહીએ. કલેશકંકાશને બદલે વગડા જેવા ઘરમાં શાંતિભર્યું જીવન ના જીવીએ ? પણ તું એકની બે ના થઈ, અને આજે આ પરિસ્થિતિ આવી.'

'મને થતું કે હું, રેણુકાને કેળવી શકીશ. પ્રેમથી ભીંજવી નાખીશ. ક્યારેક થતું કે હું દાદી બનીને પૌત્રને મારી ગોદમાં બેસાડું ! મને ક્યાં ખબર હતી આવી નાલાયક વહુ આપણા ઘરમાં આવશે ?' બોલતાં મહાલક્ષ્મીની આંખોમાંથી ચોધાર આંસુ વહી રહ્યાં.

'હવે તું શાંત થા. હજી ય આપણા હાથમાં સમય છે. વળી, વતનની મહેક આજે ય મારા શ્વાસોચ્છ્વાસમાં ભરાયેલી છે. આપણે ગામમાં જઈને સુખશાંતિભર્યું જીવન ના જીવીએ ?'

બીજા જ દિવસે આશિતે મહેસાણાની બે રેલવે ટિકિટો પ્રાણજીવનના હાથમાં મૂકી. પ્રાણજીવન જોઈ રહ્યા હતા; આશિતની આંખો આંસુભીની હતી.

[4/15, Sona Udyog Esate, Parsi Panchayat Marg, Andheri (East), MUMBAI - 400 069, India]

●

(૯)

# કૉન્ક્રિટોનાં અરણ્યમાં

★ પ્રીતમ લખલાણી

આમ તો અનુજને શહેરમાં નજર નાખવાની ફુરસદ જ ક્યાં હતી ? ડ્રાયવર કહે કે, 'સાહેબ, ઓફિસ આવી ગઈ.' બસ, એટલે લેપટોપ બંધ કરી, તે ઓફિસના એલિવેટર તરફ ચાલવા માંડતો. શહેરમાં રહેતો હોવા છતાં અકારણ તેને મહેસૂસ થઈ રહ્યું હતું કે તે શહેરથી દૂર થઈ રહ્યો હતો.

વરસો બાદ, આજે તેને નિરાંતે ઑફિસના સત્યાવીસમાં માળેથી સાંજના આછા ઉજાસમાં શહેરની ચહલપહલ જોવાની ઈચ્છા થઈ. બારીમાંથી નજર નાંખતાં, તેની નજર એક શેરીમાં અટવાઈ ગઈ. શેરીમાં માણસોનું ઘણ ઊભરાતું હતું. માણસો કાળા ટપકાં સમાં લાગતાં હતાં. આ જોઈને અનુજને થયું કે, આ લોકો શ્વાસ લેતા હશે તો તેમનું શું થતું હશે ? કદાચ માણસો એકમેકથી અથડાતા હશે ! આ વિચાર પર તે મનોમન હસી પડ્યો. શેરીની હલચલ પરથી તેને સમજાઈ ગયું કે, નગરનું જીવન હજી ધડકે છે. અરે ! આ નગરમાં માણસોને પગ રાખવાની ક્યાં ય જગ્યા નથી તો પછી અહીં વૃક્ષો તો હોય ક્યાંથી ? અને વૃક્ષો ન હોય તો પછી પંખીની કલ્પના પણ ક્યાંથી સંભવ બને ? એ વિચારે અનુજ એકાએક શેરીમાંથી બહાર નીકળી પોતાના અતીતમાં ખોવાઈ ગયો.

અનુજની ઉંમર પાંચેક વર્ષની હશે, ત્યારે તેનો પરિવાર જેતપુરથી આવી મુંબઈ સ્થાયી થયો હતો. એ વેળાનું મુંબઈ આજે છે તેવું નહોતું. રોજ સવારે અનુજને તેની બા ઓરડી બહાર લીમડાનાં ઝાડ તળે ખાટલો ઢાળી દેતી. અનુજ ખાટલે બેસી સવારના કુમળા તડકા સાથે વાતો કરતો. પાટીમાં એકડો ઘૂંટતો અને એકડો ઘૂંટવામાંથી જ્યારે તેને કંટાળો આવતો ત્યારે તે આસપાસમાં હડિયું મેલતી ખિસકોલી સાથે રમવા દોડી જતો. અનુજને ખિસકોલી કે પછી રંગબેરંગી પતંગિયા કરતાં થોડા સમય પહેલાં બંધાયેલા બેત્રણ માળના મકાનનું આકર્ષણ વધુ ખેંચતું. આ પહેલ તેણે જેતપુરમાં ક્યારે ય આટલાં ઊંચાં રહેઠાણવાળું મકાન જોયું ન હતું, પછી, તેના વિષે ક્યારે ય કોઈની પાસે કંઈ સાંભળ્યું નહોતું. તેનું નાનકડું મન કલ્પના પણ કરી શકતું ન હતું કે માણસ કદી આટલાં ઊંચાં મકાનમ પંખીના આકાશની નજીક રહી શકે !

આંગણામાં રમતાં ભમતાં અનુજના મનમાં મકાન વિષેના અનેક પ્રશ્નો આકાર લેવા લાગતા. આટલું ઊંચું મકાન જમીન ઉપર કેવી રીતે અધ્ધર ઊભું રહી શકતું હશે ? જો આ મકાન ઢળી પડે તો અમારી આ ચાલનું શું થાય ? આવા સવાલો બાળક અનુજ બીચારો પૂછે પણ કોને ? તેના બાળભેરુઓ તો હતાં ખિસકોલી, પતંગિયાં અને પડોશમાં રહેતા દુબે ભૈયાની ગાય - બકરી !

શૈશવની યાદ આવતાં અનુજનું મન ભરાઈ આવ્યું. સીલિંગ ફેનની હવાના લીધે પડદામાં જે હલચલો ઊઠતી, તેણે અતીતમાંથી અનુજને બહાર કાઢ્યો. અને તે બારીમાંથી દેખાતી શેરીમાં ખોવાવા માંડ્યો ! બેપાંચ મિનિટ પહેલાં આંખ સામે કીડિયારાની જેમ ઊભરાતી શેરીમાંની હલચલ જાણે સાવ અટકી ગઈ હતી. તેને લાગ્યું કે પ્રત્યેક ક્ષણે આ શહેરના પગ તળેથી થોડીક જગ્યા સરી જતી હતી.

વિષાદયુક્ત મને અનુજે બારી પાસેના કમ્પ્યૂટર આગળ પડેલી એક ખાલી ખુરશીમાં બેઠક લીધી. આજ તેને રોજ કરતાં મન પર વધારે થાક જણાતો હતો. ઢળતી સાંજે ઑફિસમાં ઝાંખું ઝાંખું અજવાળું પ્રસરતું હતું. તેણે લાઈટની સ્વીચ ઑન કરી. છત્ત પરના વિશાળ ઝુમ્મર વાટે ઑફિસ ઝગમગી ઊઠી. તેણે શાંત ચિત્તે ઝુમ્મરને એક ધારું થોડીક ક્ષણો માટે જોયા કર્યું. જ્યારે તેને મહસૂસ થયું કે હવે આ શહેર તેના મનથી ઘણું દૂર ચાલ્યું ગયું છે, ત્યારે તેણે લાઈટ બંધ કરી, બારીનો પડદો પાડવા માટે તે ખુરશી પરથી ઊભો થયો. ...

... અને ... ખુલ્લી બારીમાંથી તેને એક દશ્ય નજરે ચઢ્યું. વર્ષો પહેલાં જે સૂર્ય રોજ સાંજે તેને લીમડા તળેના ખાટલે બેઠા દૂર પશ્ચિમ ઘાટની ટેકરીઓ પાછળ ડૂબી જતો દેખાતો હતો, તે આજે દૂર ઊંચાં મકાનો વચ્ચે ધુમાડાના ગોટેગોટા ઉછાળતી એક મિલની ચિમની પાછળના ધૂંધળા આભમાંથી ઊંચાં મકાનની છત્ત પર ડૂબી જતો જણાયો ! આ જોઈ અનુજે નિઃસાસો નાંખ્યો : 'મારું સ્વપ્ન ઊંચાં ઊઠતાં આ મકાનો ગળી ગયાં !'

[65, Falcon Drive, WEST HENRIETTA, NY 14586, U.S.A.]

**(અનુસંધાન છેલ્લાં પાનાં પરેથી)**

સૂચન એને ગમ્યું. જાણે કે એક રેસ્ટોરન્ટ હોય એમ મેજ પરે પાથર્યું મને દાયજામાં મળ્યું ને હજી ય વણવપરાયું રહ્યું 'ક્યાન્દ્રા'નું રૂપાળું ટેબલ ક્લોથ ને અમારા લગ્ન ટાણે સોગાદ રૂપે મળ્યા ને હજી ય બચ્યા પાંચમાંના ચાર બોહેમીઅન ગ્લાસ.

'લે. તૈયાર છો તું ?'

એની કને બે વાર બારણું ખોલાવ્યું, ચાવીઓને મૂકી દીધા બાદ. પહેલી વાર એ ભયે કે વખતે 'ઓવન'નો ગૅસ ચાલુ રહી ગયો હોય, બીજી વાર ભૂલી ગયા રૂમાલ બદલ. એની બાંહને સથવારે, સવારના દસે ઘરની બ્હાર નીકળતાં કોણ જાણે કેમ લાગ્યું કે કો'કને ઊઠમણે જઈ રહ્યાં'તાં ! કદાચ એ કારણે કે ઘણા સમયથી એવું થયું ન્હોતું. મેં પ્હેર્યાં હતાં પ્રસંગને અનુરૂપ હેટ અને હાથમોજાં. સુભાગ્યે, ફૂટપાથ પરે તડકો હતો ને પછી વરત્યું કે ચાહીને ફરવા નીકળી હતી. મારગે ખાસ્સી આવજા હતી. ચીપ્યે હોઠ સીટી વગાડતો જતો એર્નેસ્તો વચ વચ અટકી જતો'તો ... ...

'સાંભળ, કેટલી ઉધરસ છે તને !'

મારે તાણીને વીંટાળવો પડ્યો એનો ગળપટ્ટો, જે એક જુવાનની જેમ પ્હોળો પહેરવાની જીદ કરતો રહે છે. સામયિકોની દુકાનેથી દૈનિક ખરીદ્યું. એર્નેસ્તોએ નગરનોંધોનું પાનું ખોલ્યું ને ચશ્માં ચડાવતાં જ જોયું.

'જો, એમણે છાપ્યું છે !'

'સુવર્ણ લગ્નગાંઠ'ના શીર્ષક હેઠળ બે લીટીઓ હતી, અમારાં નામ અને અટક સહિતની. દૈનિકવાળાને ફોનથી એ જણાવવાનો વિચાર એનો હતો. મને તો વિશ્વાસ ન્હોતો પણ એ સાચો ઠર્યો. હવે એમ લાગવા માંડ્યું કે આવતાં જતાં લોકો પણ અમને નિહાળતાં હતાં. રાજીપા ને લજ્જાના શેરડે રાતી, જાણે કે સહુ કહેતાં હોય એમ : લો, આ રહ્યાં પેલાં બેઉ ... ...

રસ્તાના છેવાડા લગી ભાગ્યે જ જતી હોઉં છું. ખરીદી જોગ પૂરતી થઈ રહે છે ઘર હેઠેની દુકાનો. 'સુપરમાર્કેટ'માં તો વણચાહ્યો ખરચ થઈ જતો હોય છે ઠાલી ચીજોની ખરીદીમાં. એને બદલે આજ, એક વૃક્ષની પાંદવિહોણી ડાળીઓ તળે 'ફ્લોબસ'ના સ્ટેન્ડ પર ઊભાં હતાં. ને એ આવતાં ઓર સંગ અમે ય ચડ્યાં.

'પણ ક્યાં જઈએ છીએ, એર્નેસ્તો ?'

'કશે ય નહીં. એક આંટો મારી આવીએ.'

બેસવા માટે એક જ સીટ ખાલી હતી. એક નક્ફટ છોરો ઠેઠ 'પ્યાત્ઝા કાવુર' મહીં ના ઊતર્યો ત્યાં લગી મારી પડખે બેઠો રહ્યો.

'તારે એને કહેવું જોતું'તું.' હું એર્નેસ્તોને વઢી. આજકાલનાં છોરાં જાણતાં જ નથી શિષ્ટાચાર શું છે તે.'

એણે ખભા ઉલાળી જતું કર્યું. પણ મુજથી ય કૃશ એવા એણે મારી પડખે બેસતાં જ હળવાશનો એક ઊંડો શ્વાસ લીધો ને ઘૂંટણોને ચોળતો રહ્યો. મેં એનો હાથ ઝાલ્યો અને હાથમોજાંવાળી આંગળીઓના આંકડા ભીડી કો'ક અજાણ્યા શ્હેરમાં ફરતાં બે પ્રવાસીઓની જેમ બારી થકી ઝાંખતાં રહ્યાં. જો તો કેવડો મોટો મહેલ ઊભો કર્યો છે. ... ને એક વેળા આ 'કેફે' ન્હોતો. ... વચવચ કોણીના ગોદે ચીંધતો રહ્યો અર્ધનગ્ન છોડીઓવાળું કોઈ ફિલ્મનું પોસ્ટર. એને કીધું : આ જ રસ્તે છીએ તો ચાલને જઈએ અસ્પતાલમાં તારી પિતરાઈ બ્હેનના ખબર પૂછવા. પણ એને નકારતો એ બોલ્યો કે આજે તો ઉમંગનો દિવસ છે. બહુ થઈ માંદાઓ અને મર્યાં પૂંઠેની મુલાકાતો. વર્ષોથી એ સિવાય કશું કરતાં જ નથી. હતું કે સંભારશે ૧૯૨૪ની પેલી સવાર ને કહેશે એક વાત. યાદ છે તને દીવાલો પરે લખાયું એ દિવસોમાં 'હવાલે કરો અમને મત્તેઓતીના હત્યારાઓને.' આજે ય ક્યાં જડે છે બોમ્બ વિસ્ફોટના અપરાધીઓ. ... બીજી છીંકે એને કીધું : કસીને વીંટ પેલો ગળપટ્ટો. છોકરવેડાં ના કર. પણ એ તો બાળકીનો હાથ ઝાલી ઊભી એક રૂપાળીને જોઈ રહ્યો'તો. આમે ય જિંદગી આખી 'પેટીકોટ'ના પીછા સિવાય ઓર શું કર્યું 'તું. સાચાં છે એ કહેનારાં કે એકાદી જોડી જામી રહે તો બેમાંથી એક કાયમ સહી લેતો હોય છે. ભલાં લોક, ને કહેવું 'તું ફ્લોબસના ડ્રાઇવરને ય કે તમારા થકી કોઈને ય જાણ નથી કેવાં ઘૂંટ ઊતાર્યાં છે હેઠે આ પુરુષ જોડેના આટલાં વર્ષો દરમિયાન. જોયાં છે કંઈ કેટલાં ચાળાં ને ચસકાં. મને લઈ જતો 'સ્કેટીંગ'ની સ્પર્ધાઓ જોવાં ને પછી વરત્યું કે એક તણ 'સ્કેટર' જોડે મલાવા કરતો. બ્હાર જવા નીકળતો ને પછી બારી થકી જોતાં એ રસ્તા પરે ના દેખાતો કારણ કે થોભતો પ્રવેશદ્વારમાં 'વાતો કરવા' એ કહેતો, જેને જોતાં જ વ્હેમ પડે એવી પડોશણ જોડે ...

'પણ અહીં, જ્યાં હતું એક સિનેમાગૃહ ... '

અવ આશ્ચર્ય થાય છે કે બધું ય ભોંય થતું રહ્યું એ દરમિયાન અમે પૂરાયાં રહ્યાં ઘરમાં, ટેલિવિઝનને જોતાં. મને ય નથી ગમતું આ શ્હેર જે પ્હેલાં જેવું નથી. ખંધા ચહેરાઓએ ભર્યું, નોખા જ નિવાસીઓ માટેનું. જેની કલ્પના ય ન્હોતી કરી ઓગણીસમાં વર્ષે, 'સેક્રેડ હાર્ટ' દેવળના પગથિયે, ડિસેમ્બરની પેલી સવારે. યાદ છે કે માસ પ્હેલાં જ 'પુચ્ચીની' મરણ પામ્યો'તો ને મને જાણે પુરાણા જગની વિદાય સું લાગ્યં 'તું. એર્નેસ્તો કેવળ એકવીસનો હતો. પછી ભલેને લગ્નના ફોટાઓમાં વધુ ઉમ્મરનો લાગતો હોય. એકવીસનો જ પણ એની બીજી નોકરીને અનુરૂપ હેટમાં સજ્જ, આજે સવારે પ્હેરી હેટ કરતાં સાવ જ જુદી. ખરે જ વિચિત્ર લાગતા હોય છે મને આજકાલના લોકો. કાયમ રજા પરે હોય એવા પરિવેશમાં, કશીયે અદબ વિનાના. વખતે બધું ય કરતાં રહે છે એ ઈરાદે કે વૃધ્ધો આ જગથી વિદાય લે ઝાઝા રંજ વિના.

'આવ. આગળ જઈ બેસીએ.'

અમે જગ્યા બદલી એ ઠીક જ કર્યું. કારણ હરેક સ્ટૉપ પરે ઉઘાડબંધ થતાં રહેતાં બારણાં થકી ટાઢીબોળ હવાની લહેર બસમાં આવી રહી. ઘણા ય સમયથી શ્હેરના મધ્ય ભાગ લગી ન્હોતી ગઈ. મારગે, સૂરજના તડકામાં મોટરોનાં ચળકતાં છપ્પરો જોતાં રહ્યાં, કોણ જાણે ક્યાં ય જતી મોટરોની વણઝાર. મને કાયમ થતું કે સવારે આ બધાં ક્યાં જતાં હશે. નોકરીએ જ એર્નેસ્તોની જેમ. જે પૂરાં બેતાલીસ વર્ષ લગી, એક મિનિટનું ય મોડું કે અધિકારીની આછી ય ફરિયાદ વિના પૂરા ખંતથી નિજી નોકરીને વળગ્યો રહ્યો. કેવળ એક રોબોની નામ સહાયક જોડેના બે વર્ષથીયે વધુ ચાલતા રહ્યા લફરા સિવાય. એ વિષે સાવ જ અજાણ રહી હોત, જો ના મળ્યો હોત એક નનામો પત્ર. આજે ય જેને જોતાં કશો વ્હેમ ના આવે એવો, ધોળાફૂલ ખમીસના 'કફ' ને કોલનવૉટરની મ્હેકવાળો આવડો આ ... ત્યુનિઝિયાને આમ પ્રમાણ્યું. આજે એની પબ્લિસિટીનાં ચોપાનિયાં જોતાં હસવું આવે છે. વાહ લટુડિયા, ત્યુનિઝિયાને છોડ ને તારી આંખો તળે જ શું થ ડે છે એને પરખ. વખતે હું જ મૂરખની જેમ સદા ય એનો ભરોસો કરતી જ્યારે એ કહેતો : 'ઘડીક 'કફે'માં જઈ આવું ને પાછો ફરતો મધરાતે. મોકો મળતાં આજે ય એમ કરે એવો છે.

'સેમ્પેઈનને ફ્રીજમાંથી શાને કાઢી લીધો 'તો?!'

કારણ ત્રણ કલાકમાં તો બરફ થઈ જાત.' હું બોલી.

'પણ એ તો ટાઢાબોળ જ પીવાય ! સદ્દભાગ્યે મેં ફરીને ફ્રીજમાં મૂકી દીધેલો બ્હાર નીકળતાં પ્હેલાં !' કહેતોક એ મલક્યો એક મનમોજીની જેમ. હર કાર્યવાહીમાં મારી માફીને ધરપતે. કદાચ એ કારણે જ અમે અહીં હતાં, એક 'ફ્લોબસ'ની બેઠકો પરે, હાથોમાં હાથ પકડી. માનું છું કે ફરી પરણવાનું ઘડે તો હજી ય મને પરણે. કારણ મારા જેવી એકેય જડે એમ નથી એને. વળી ડિસેમ્બરની પેલી સવારના ત્રણ માસ પ્હેલાં મને ગર્ભવતી કરેલી, એના મિત્રની પ્રણયકોટડીમાં, એની કનેથી ચાવી મેળવી. મને તો એ ભય હતો કે રખે ધોળા પરિવેશ તળેથી વાધતું પેટ વરતાઈ ના જાય. ...

'મારા પગે ટાઢ ચડી ગઈ !' બબડ્યો.

'જાય જ ને, કલાકથી આહીં બેઠાં છીએ.'

ને વરત્યું કે અમે 'મુસાક્કો'ના વિસ્તારમાં હતાં. એ પછીના સ્ટોપ પર ઊતરી સ્મશાનમાં બેયના કુટુંબીઓની કબરો પરે ફૂલો ચઢાવી શક્યા હોત. પણ એ સૂચને જ એ ભડકત. કાયમ કહેતો રહે છે કે ભલાઈ એના સ્વભાવમાં નથી. કયાંથી હોય ? એક વેળા એને કીધેલું ય ખરું : કાંઈ ઓછાં કામા કર્યાં છે તેં ! ને તોયે નવોઢાના મારા લાંબા પરિવેશમાં. મારા પિતાની બાંય પકડી, દેવળના ઉપલે પગથિયે એની વાટ જોતી ઊભી રહું તો માનું છું કે હુયે એને ફરીથી પરણું.

'હવે વળતી દિશામાં પાછાં ફરીએ.' એ બોલ્યો. 'અરધા કલાકમાં તો ઘેર પહોંચી જશું.'

'જો, મેટ્રો થકી ગયાં હોત તો આ ટાઢ ના ખમવી પડત.'

'ખરું, પણ આપણે કશું ય ના જોયું હોત.'

ખરેખાત, કલ્પના ય ન્હોતી કરી કે દસ-વીસ વર્ષ પ્હેલાં જ જ્યાં ખેતરાં, વાડીઓ ને વખારો હતી ત્યાં અવ કંઈ કેટલા મહોલ્લાઓ ઊભર્યાં હતાં. હવે તો કેવળ 'પેન્શન' લેવાં જ બ્હાર નીકળીએ છીએ એટલે ઘણાં સમયથી દૂર પરાંઓ લગી ન્હોતાં ગયાં. આમ મજાનો રહ્યો આ ફેરો. જો કે મીલોના ભૂંગળાઓ, નીચે - પરે થઈ સરતા રસ્તાઓ, વીજળીના દોરડા ને મિલાનને ઘેરતાં ભૂખર - કાળાં મેદાનો દેખી ભારે ઉદાસી અનુભવી. એર્નેસ્તો ય જાણે આ વિરૂપતાએ મ્લાન થઈ કોકડું વળીને સીટ પરે બેઠો હતો. છોરી હતી ત્યારે તો 'મોન્ફોર્તે'થી બ્હાર નીકળતાં જ ખુલ્લી સીમ શરૂ થતી. કયારેક પૂછું છું મનોમન. અમે રહેતાં'તાં એ જગ ક્યાં ગયું ? ગરીબ, પણ અતિ ગણું ભલું ને હિંસાવિહીન, સિવાય કે પેલા કાળા ખમીસધારીઓ, જેમની અમે ઝાઝી પરવા ન્હોતી કરી. હર કોઈ નિજી કામમાં વ્યસ્ત રહેતું. આજના જેવી ઈર્ષા કે ઈતરાજી ન્હોતાં. જીવનમાં એક એવી પળ આવતી હોય છે જ્યારે આવી વિરૂપતાથી વાજ આવી છોડી દઈએ છીએ બધી ય પરવા ને પછી નજીક સરતો આવે છે અંત. એટલે જ આવતી હોય છે વ્યાધિ - ઉપાધિઓ, કારણ એમનો સામનો કરવાની ઈચ્છા જ નથી રહેતી. રાત્રે જાગી જતાં કાયમ વિચારતી રહું છું આવું. હજી ય જો જીવતી હોઉં તો મારા એર્નેસ્તોને સાથ દેવા. નથી જાણતી કે એકોતરમે વર્ષે એકલપંડ એ કેમ જીવી શકે, સિવાય કે બધું ય કરી જાણતી એકાદી નર્સને ઘરમાં ઘાલ્યા વિના. એની ધારણા પ્રમાણે તો એને હજી ય આવડે છે 'મરઘડો' થાતા ! કયારે ય ન્હોતું ધાર્યું કે આમ ફ્લોબસમાં બેઠાં બેઠાં મારી જિંદગીનો તાળો મેળવ્યો હોત. કે આટલી લાગણીવશ થઈ ગઈ હોત આ તિથિએ. માનતી હતી કે એથી ટેવાઈ ગઈ'તી. એને બદલે વરત્યું કે ખરે જ એક અસાધારણ ઘટના હતી પચાસ વર્ષની સહિયારી જિંદગી. થાય છે કે સરકારે પારિતોષિકથી નવાજવાં જોઈએ ત્યહીં પહોંચનારાંઓને. વખતે નાતાલ શી એક સોગાદ, કંઈ નહીં તો કથળતી કુટુંબ વ્યવસ્થાના ભ્રમને ભાંગવા.

'ચાલ, આપણું છે આવતું સ્ટોપ.'

મારું ધ્યાન જ ન્હોતું. ધોરી મારગના જે સ્ટોપથી ચડ્યાં'તાં એ જ સ્ટોપ ફરી ઊતર્યાં. ઘર ભણી જતાં પ્હેલાં, મારી બાંય ઝાલીને રસ્તાને ખૂણે આવી પીણાંઓની દુકાને એ મને દોરી ગયો. ઉજવણીમાં એકાદું ફૂલ પસંદ કર્યું હોત, પીણાંને બદલે.

'તું જાણે છે કે આવું મને નથી ભાવતું, ને તને ય નથી આવતું માફક.'

એર્નેસ્તોએ થડા પરેનાં પીણાંનો ગ્લાસ ઉપાડી બે ઘૂંટ લીધાં ને તુરત આઘો કર્યો મ્હોં બગાડી.

'કેમ, ના ભાવ્યું ?!'

'કેવું વિચિત્ર, વખતે એની ઈચ્છા ન્હોતી.'

'તને શું કીધું 'તું ? હઠીલો નહીં તો !'

પછી ઘરના ઉંબરે જાણે કલાક કાઢ્યો ચાવીઓને શોધીને બ્હાર કાઢતાં.

'એર્નેસ્તો ઠીક નથી લાગતું ?'

'નહીં રે ... '

એ ઘરકોટ પ્હેરવા શયનખંડમાં ગયો પણ એને થરથરતો જોઈ ગઈ. મેં ખાણું ગરમ કરવા ઓવન ચાલુ કરી ને એણે મેજ પરે, હર દાયકાની એક એવી પાંચ મીણબત્તીઓવાળી કેક ગોઠવી, જે બન્નેએ સહિયારી ફૂંક થકી ઓલવવાની હતી. પણ પાછું વળીને જોતાં જ વરત્યું કે એ એક ચીંથરા શો થોળો ધક્ક હતો.

'પણ તને શું થાય છે ?'

બોલ્યો કે કંઈ નથી. કે ઘડીકમાં ઠીક થઈ જશે. થોડીક નબળાઈને કારણે આવું લાગે છે. ગરમ પાણીની થેલી ને 'હાર્ટ' માટેના રોજિંદા ટીપાંઓ બસ થઈ રહેશે. સ્હેજ આડો પડું પથારીમાં જમતાં પ્હેલાં.

'શું કહે છે, ડૉક્ટરને ફોન કરું ?'

મને મના ના કરી. ઈંગિત હતું કે ખરે જ બીમાર હતો.

'એ હતું પેલું પીણું, એર્નેસ્તો !'

'નહીં રે. ફ્લોબસમાં ટાઢ લાગી ગઈ હોય.'

'હવે પડ્યો રૂહે ધાબળા હેઠે.'

મેં એનાં કપડાં ઊતાર્યાં ને બગલમાં થર્મોમિટર મૂક્યું. એ બબડતો રહ્યો કે કંઈ નહીં ને આજે જ. ... સ્પષ્ટ હતું કે દુ:ખી થતો હતો મારા બદલ, આજની કથળતી ઉજવણીને કારણે.

'સખણો રૂહે. વધુ બોલ નહીં.'

એને કહેવું 'તું કે મધુરજનીની સાંજે ય આમ જ માંદો થઈ ગયેલો. કદાચ ટ્રેનમાં ટાઢ લાગી હતી ને વેનીસની હોટેલમાં અમારે એક વધુ જાડો ધાબળો માગવો પડેલો. વખતે આને પુનઃ ઘડતી બીનાનો માંગલિક અણસાર માન્યો હોત જો એને ભય પમાડે એટલો તંગ ના દીઠો હોત તો. ને અચાનક રણક્યો ટેલિફોન પણ હવે મને એક અમંગળ આગાહી શો ભાસ્યો.

'હલ્લો.'

'સાંભળો,' એક સ્ત્રીના અવાજે પૂછ્યું. 'એ તમે જ છો જેમની આજે સુવર્ણ લગ્ન-ગાંઠ છે ?'

'તે તમે ક્યાંથી જાણો ?'

'એ મેં છાપા મહીં વાંચ્યું. તમને શુભેચ્છા કરવી હતી.'

'ઓહ, ઘણો આભાર !'

'અનેકવિધ શુભેચ્છાઓ !' અવાજ ફરીને બોલ્યો.

'એર્નેસ્તો,' મેં મોટે ઘાંટે એને કીધું. 'એક સિન્યોરા આપણને આજની શુભેચ્છાઓ પાઠવે છે.'

પણ એણે સાંભળ્યું નહીં, વખતે ઊંઘતો હતો.

[Via Tomaso Grossi - 36, COMO - 22100, Italy]

# સુવર્ણ લગ્નગાંઠ

★ કાર્લો કાસ્તેલ્લાનેતા

(મૂળ ઇટાલિયન પરથી અનુવાદ : પ્રદ્યુમ્ન તન્ના)

સવારના સાત પ્હેલાં જ એને શય્યામાં સળવળતો સાંભળ્યો, સાડા સાતે હરતો ફરતો ને આઠે તો બની ઠનીને બાથરૂમથી બહાર નીકળતો.

'એર્નેસ્તો, શું કરે છે?'

'હું બનાવીશ કોફી, આજ સવારે.'

એ રસોડામાં એની તૈયારીમાં પડ્યો. દરમિયાન હું બંધ આંખોએ ચિત્તને એકાગ્ર કરવા મથતી પડી પડી વિચારતી રહી. હતું કે પચાસ વર્ષ પ્હેલાંની, આજના જેવી જ ડિસેમ્બરની એક સવારે, લગ્નના પરિધાન સજતી નવોઢાની જેમ ભારે લાગણીવશ થઈ ગઈ હોત. એને બદલે કશું જ નહીં, અછડતી ઝંખાય નહીં. વૃધ્ધાવસ્થાનો એક વિકાર એ કે બધુંયે થઈ જતું હોય છે સપાટ અને અસરહીન.

'લે !'

---

પ્રદ્યુમ્નભાઈ તન્ના લખતા હતા :

*"મને ગમતા એક વધુ ઈટાલિયન લેખકની વાર્તાનો અનુવાદ મોકલું છું. ઉનાળા દરમિયાનની નાનાવિધ ગમતી અને આવશ્યક પ્રવૃત્તિઓ : સવારના નાસ્તા બાદ શરીરે તેલ-માલીશ, પછી રેતમાં તડકે તપી નીલા-ભૂરા સમદર જલમાં મનભર તરાવ ને પાછું રેતમાં તડકા-સ્નાન - આડે સમયચોરી ! વારુ, જુલાઈની ૭મીએ સિત્યેતેર પૂરાં થયાં ને ઈક્યોતેરમું બેઠું ! સપ્ટેમ્બરની ૧૫મીએ અમારા લગ્નને ૪૨ વર્ષ પૂરાં થયાં. વાર્તાના નાયકોની જેમ અમારી સુવર્ણ લગ્ન-ગાંઠ આડા તો હજી આઠ લાંબાં વર્ષો છે. ત્યાં લગી પહોંચાશે કે નહીં એ તો કેવળ ઉપરવાળો જાણે ! મારે તો હર વીતતું વર્ષ એક લ્હાણરૂપ છે ! "*

---

જાણતી હતી કે એણે કોફીમાં ખાંડના બે ચોસલાં મૂક્યા જ હશે, જેને ઘોળવા ચમચીની ય જરૂર નહીં પડે. પચાસ વર્ષના સહિયારા જીવન બાદ કેવું ઓતપ્રોત થઈ જતું હોય છે એકબીજાનું બધું ય. બંધ આંખોએ પણ સહજ થતી રહે છે એની એ જ કારગત. આજનું યુગલ પાંચ સાલે ય ભેળું ટકતું નથી, અમારી દીકરીની જેમ ! ને તો ય અમે ક્યારે ય કંટાળ્યા નથી. કદાચ ત્યારે આનંદ-પ્રમોદની પ્રથા ય નહોતી.

'એર્નેસ્તો, મને ગોળીઓ આપ !'

એને આમ કહેવું નહોતું, એના રોષની બીકે, પણ રાત આખી આંખ મળી નહોતી. કારણ વિનાનો ઉજાગરો, ઠાલા વિચારો, થાકોડો, નાળી થકી સરતું જળ, અધખૂલા મોઢે ઘોઘરા ઘ રડતો એર્નેસ્તો. સવારે હોય છે કેવળ અમને જીવંત રાખતો રેડિયો. અમને પટાવતો કે બધું ય થતું રહે છે પૂર્વવત્. નવી રેકોર્ડો ને ધંધાદારી જાહેરખબરો. પછી બાથરૂમનો અરીસો દાબતો રહે છે વીતતા દિવસોની સાથે ફિક્કો પડતો જતો ચહેરો.

'શેમ્પેઈન મેં ફ્રીજમાં મૂક્યો છે.' એ ઠાવકે સાદ વઘો.

'તું રહેવા દે, હું એ બધું કરું છું.'

એને કેહેવું'તું : અરધી સદી બાદ પણ રસોડાથી છેટે રહેવાનું શીખ્યો નહીં. કાયમ ડખો કરતો રહે છે મારી હર કાર્યવાહી મહીં. ને ટઢોબોળ શેમ્પેઈન ખરે જ હાનિકારક હોય છે, ખાસ કરીને શિયાળામાં. મારે જાતે ફ્રીજ ઊઘાડી બાટલીને બ્હાર ખસેડવી પડી.


'જક્કી ! કશુંક કરવું જ હોય તો સજાવને 'ડાઈનીંગ ટેબલ' !'

'આટલું વ્હેલું ?'

'જેથી કે પાછા ફરીએ ત્યારે તૈયાર જ હોય.'

(અનુસંધાન પાન ૨૬ પરે)

## ઉઘડતાં નવાં વર્ષની સહૃદય મુબારકબાદી




(સદભાવ : "જન્મભૂમિ - પ્રવાસી, ૨.૧૧.૧૯૮૬)

પ્રકાશક : Parivaar Comminications, 4 Rosecroft Walk, WEMBLEY, Middx. HA0 2JZ (U.K.) · મુદ્રિત પ્રત : 300 ગ્રાહક : 194 [01.12.2006]